અંક ૨૯

કુમાર

વર્ષ ૩
અંક ૫

· ઉગતી · પ્રજાનું · માસિક ·

વૈશાખ
૧૯૮૨

તંત્રી રવિશંકર રાવળ



નર્મદાતટનું એક દૃશ્ય

સ્કેચ: રવિશંકર પંડિત

કુમાર

વૈશાખ ૧૯૮૨

અંક ૨૯

મા	(રવિશંકર રાવળ)	મુખચિત્ર
કૌમાર (ભાવના)	બાલકૃષ્ણ	૧૭૯
મિજલસ		૧૮૦
યૌવનના અભિલાષ (કાવ્ય)	ચુ. ડા. પાટડિયા	૧૮૨
વિજ્ઞાનવીર જગદીશચંદ્ર		૧૮૩
દેવબાલ (કાવ્ય)	ચન્દ્રવદન ચીમનલાલ મહેતા	૧૮૭
મીઠી અમુંઝણ ,,	બાલકૃષ્ણ	૧૯૦
જામનગરનો કોઠો	(ફોટો : કુંદન)	૧૯૦
ઓયાગી (ચિત્ર)	રવિશંકર રાવળ	૧૯૧
ઓયાગી		૧૯૧
અથાણું		૧૯૪
શેરી બહાર	ગિજુભાઇ	૧૯૫
નિરીક્ષણશક્તિ (સ્કાઉટિંગ)	ગજાનન ભટ્ટ	૧૯૭
એક સંભારણું	'ચક્કરભાઇ'	૨૦૧
થાકની ચેતવણી		૨૦૩
સરજનહાર સૃષ્ટિ (વાદ્ય)		૨૦૫
ટપાલની ટીકીટો		૨૦૬
બાળવિભાગ		૨૦૭
નવાં પુસ્તકો		૨૦૯
ઉગતી પ્રજા		૨૧૧
જ્ઞાનલીલા		૨૧૨
માધુકરી		૨૧૪

લવાજમ વરસના રૂ. ૬: છ માસના રૂ. ૩: પરદેશના ૧૧ શિ. મુંબાઈના એજન્ટઃ સી. જમનાદાસની કં. પ્રિન્સેસ સ્ટ્રીટ, આર. વનમાળીદાસની કં. કાલબાદેવી, વર્ધમાન ઍન્ડસન્સ પાયધુની.

ગ્રાહકો વરસની શરૂઆતથી (એટલે પોષના અંકથી) અથવા બીજા છમાસિક હપતાની શરૂઆતથી (એટલે અષાડના અંકથી) જ નોંધવાનો રિવાજ છે. વરસની અધવચથી ગ્રાહકો નોંધાતા નથી. પત્રવ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર અચુક લખવો.

લેખકો જેઓને ઉગતી પ્રજા માટે કંઇક ખાસ પ્રેરક કહેવાનું હોય તે જ લખે; અને પોતાનાં લખાણ બની શકે તેટલાં ટુંકાં, કાગળની એક જ બાજુએ, ચોખ્ખે અક્ષરે, પુરાં નામ ઠામ સાથે અને પાછાં મંગાવવાં હોય તો પોસ્ટેજ સાથે મોકલે.

જેમને અંક ન મળતા હોય તેમણે

અંક બહાર પડ્યા પછી આઠ દિવસની અંદર અમને જાણ કરવી. તે પછી આવતી ફરિયાદોને પહોંચી વળવા અમે બંધાતા નથી. દરેક અંક પ્રગટ થયાની જાહેરખબર 'સૌરાષ્ટ્ર'માં પ્રગટ થાય છે.



મા

: નજરે જોએલું દશ્ય :

કલકત્તાનાં રમખાણ વેળા એક માતાનો પુત્ર બે દિવસથી ગુમ થએલો તેને પાછો મળ્યો છે. માતા હર્ષ ને આભારનાં અશ્રુ સારે છે; બાળક, માની ગોદ મળતાં બે દિવસનાં કુસ્વપ્નો ભુલતો હૃદયની ઉષ્મા મેળવે છે. મનુષ્યોનાં તોફાનો પાછળ આવા કેટલા યે હૃદયદ્રાવક પ્રસંગો બનતા હશે!

ચિત્રકાર: રવિશંકર રાવળ

'કુમાર'ના વૈશાખ ૧૯૮૨ના અંકનું મુખચિત્ર

કુમાર

વૈશાખ : ૧૯૮૨

વર્ષ ત્રીજું
અંક પાંચમો

ઉગતી પ્રજાનું માસિક

કૌમાર

કૌમાર એટલે કલ્લોલતું હૃદય; કૌમાર એટલે થનગનતો પ્રાણ; કૌમાર એટલે કઠોર પ્રેમ અને પ્રવાહી શૌર્યની મૂર્ત; કૌમાર એટલે પ્રમોદભર ને આનંદકર અદ્ભુત પ્રકાશ. કૌમાર એટલે મનોરથો, આદર્શો અને મહત્ત્વાકાંક્ષાઓથી છલકતું જીવન.

જીવનને આંગણે ગૂઢ સત્યો સ્પષ્ટ રૂપે રમતાં હોય એનું નામ કૌમાર. કૌમાર સરળ છે, ઉત્સુક છે ને અનંત છે.

કહો, હવે કયું માનવમન પુનઃ એવું કૌમાર નહિ વાંછતું હોય ? કવિ હૂડ તો કહે છે કે 'કૌમારમાં હતો તેના કરતાં સ્વર્ગથી હું વધુ દૂર ગયો છું એ ભાન થતાં મને કશો ય આનંદ નથી.'

કૌમારના બે પ્રકાર છે. કોઇક પરમ જ્યોતિ ઝગાવે છે; કોઇક શાંત ઉજાસ આપે છે; કોઇક આગનો ભભુકો ઉડાડે છે. કૌમાર એટલે જ ઉછાળો.

માતપિતાઓ ! કૌમારની ભાવના વધાવો અને તેનો આદર કરી અમીમય મીટ માંડો.



卐

ભાવિનો જ્વલંત દેવહુતાશ,
જગતની એક અનેરી આશ;
મનુનો મોંઘો પ્રિયતમ શ્વાસ,
કુમારે જન-ઉન્નતિ ઉલ્લાસ.
અરુણ હૃદયશું માનવજગ ત્યાં કુમારજુથ રસખેલ;
અંધારાં અજવાળી કરતો જ્યોતિની રેલમછેલ:
અજબ એ ઉન્નતભાવવિકાસ,
ભાવિનો જ્વલંત દેવહુતાશ.
મનુકુલતારક, વિશ્વોદ્ધારક, કુમાર અંતરવાણ;
દિશસૂચક ને પ્રેમપ્રભાવી અનુપમ જીવનલ્હાણ.
હૃદયનો કોમલ પુણ્ય ઉજાસ,
ભાવિનો જ્વલંત દેવહુતાશ.

બાલકૃષ્ણ



કુવાનાં દેડકાં જાણે કે દુનિયામાં બીજી વસ્તી જ નહિ હોય, અથવા આ કુવાની બહાર બીજું કશું જોવા જાણવા જેવું જ નહિ હોય. જગતમાં મોટા સરોવરો ને સમુદ્રો છે એ તો તેમને કોઇએ જોડી કાઢેલી વાત જ લાગે.

આપણા દેશના સામાન્ય માણસની આવી જ મનોદશા છે. પોતાના ઘર, કુટુંબ અને નાતની બહાર જોવાની કે જવાની તેમને જરૂર જણાતી નથી. પોતાના રાજા જે દુઃખસુખ માથે નાખે તે સહન કરી લઇને માત્ર મામણ-મુંડાની પેઠે જીવતર પુરૂં કરવું એવો મક્કમ વિચાર કરીને જ જાણે એ જીવતર ગાળ્યા કરે છે.

પણ અત્યારની દુનિયામાં ફેરફારોના જે વંટોળિયા ચડી રહ્યા છે એ જેઓ જોઇ શકે છે તેઓ એવી રિથતિ સહન કરી લે એમ નથી જ. તેમની નજરે દેશની પ્રજા કાળનો કોળિયો બની રહેલી દેખાય છે ને તેઓની તો આંખ ઉઘડી ગઈ છે કે જો પ્રજામાં નવી ભાતના વિચારો અને સંસ્કારોનાં પૂર નહિ આવે તો થોડાં વર્ષો બાદ આ દેશની પ્રજા હતી ન હતી થઇ જવાની.

જેઓ આપણી શાળાઓમાં જ્ઞાન પામી રહ્યા છે, જેઓ ગ્રૅજ્યુએટો થઇ પોતાને કેળવાએલા અને સંસારમાં આગળ વધેલા માને છે તેઓને પણ દેશની કુલ હાલતની ખરી ખબર નથી. ઠંડે પેટે ચોપાનિયાંના ખબર વાંચી પછી તે બાજુ ફેંકી રોજની નોકરી કે કામે લાગી જવું એ એક બાબત છે, અને ખરેખરાં સ્થળો, માનવીઓ અને તેમનાં સુખદુઃખ જોવાંજાણવાં એ જુદી બાબત છે.

જે આર્યોએ આ દેશ વસાવ્યો તેમનાં બળ ને શક્તિનું જેમને અભિમાન આવતું હોય તેઓ તો વિશાળ દૃષ્ટિથી આ દેશમાં ફરીફરી દેશનો નકશો સજીવ મૂર્તિ રૂપે હૃદયમાં ઉતારે. પણ આજે તો 'અરધો મુકી આખા પાછળ ન જવું' 'ઘર આંગણે મરવું એ સૌભાગ્ય' વગેરે બાયલી ભાવનાઓ આપણામાં ઘર કરી ગઈ છે. એથી જ આપણે આજ નિરૂદ્યમી, કાંગલા અને પરાધીનતાની સોનેરી સાંકળોમાં ખુશી રહેતા પડયા છીએ.

જગતના સર્વોચ્ચ ગિરિશિખર ગૌરીશંકર પર ચડી જવાનો યશ લેવા અસંખ્ય અંગ્રેજો અમેરિકનો યુરોપિયનો અને જાપાનીઓ એક પછી એક પોતાનાં વીર જીવન વધેરી રહ્યા છે, જ્યારે ભારતના યુવાનોના નસીબમાં પોતાના વતનની આસપાસનાં જંગલો, પહાડો, નદીઓ, સમુદ્રો કે જનસમાજનો ખ્યાલ પણ નકામો ગણાયો છે!

જર્મનીના એક બાવીસ વર્ષના તરૂણે 'વર્ક સ્ટુડન્ટ' (મજુર વિદ્યાર્થી)ના નામથી ફ્રેંચ પત્રોમાં એક લેખ આપ્યો છે. તેણે મજુરી કરતાંકરતાં યુનિવર્સિટીની પરીક્ષાઓ પાસ કરી છે અને કળાના ઇતિહાસનો ખાસ જાણકાર બન્યો છે. તે લખે છે કે "અમારા દેશમાં મારી વયના તમામ તરૂણોને એકદમ લાગ્યું છે કે ઈશ્વર અને દુનિયા સાથેનો સંબંધ શું છે તે દરેક જણે જલદી સમજી લેવું પડશે. કોઈપણ વિચારશીલ માણસ આજે ધર્મ કે સમાજની બાબતમાં મક્કમ પગલું ઉપાડ્યા વિના રહી શકે જ નહિ.

"અમારી પહેલાંના જુવાનોએ ધર્મની પોલો અને દંભ જોઈ માનેલું કે ઈશ્વર નાબુદ થયો; પણ ૧૯૧૪ના મહાન વિગ્રહથી એ વિચાર તુટી પડ્યો છે. ૧૯૧૪ના ઑગસ્ટમાં દેશના તરૂણો મૃત્યુની ઇચ્છા કરવા લાગ્યા. ગઇ કાલે જે માત્ર સાંકડા અને સ્વાર્થી દુનિયાના જીવો હતા તે આજે 'દેશને બચાવવો' એ એક જ ભાવનાથી એકદમ ભવ્ય અને સ્વતંત્ર બની ગયા."

આપણા ભણેલાગણેલા, કેળવાએલા માણસોનાં જીવનમાં દેશ અને દેશનાં અગણિત માણસો વિષે મુદ્દલે ખ્યાલ આવતો નથી. ભલી તેમની નોકરી ને ભલું ઘર. પણ મોટી લડાઈ કે મોટા વિગ્રહો અથવા આખી પ્રજા પર સામટા તુટી પડતા રોગો વખતે કયો માણસ પોતાને કે પોતાના ઘરને તેની અસરથી બચાવી શકે છે?

જર્મનીના જુવાનોએ લડાઇ વખતે જોયું કે જન્મને કારણે તે જે એક કુટુંબ અને સગાંઓના સાંકડા કુંડમાં ગણાયો હતો તેની આસપાસ તો એક આખી પ્રજા હતી; તેના પોતાના દેશજનોની વિશાળ સૃષ્ટિ હતી. સર્વ પર આવી પડેલી સમાન આપત્તિ અને દુઃખે કરી બધા નાનામોટા, ઉંચાનીચા ગરીબ કે તવંગરના ભેદ પીગળી જઇને લડાઈની ખાઇઓમાં સૌ પવિત્ર સ્નેહબંધમાં બંધાયા. ઘણાને લડાઈ વખતે જીવનનો આ મોંઘેરો અનુભવ મળ્યો. તેમને લાગ્યું કે શ્રીમંતાઈ જાગીરદારી કે ખાનદાનીની ખુમારીઓ નકામી છે. તેઓએ દેશપ્રેમ બંધુપ્રેમ, ઈશ્વરપ્રેમનો મંત્ર પ્રચારવા માંડ્યો. દેશની જરૂરત, દેશનું ઘડતર માગે તે જ ગુણ નવજુવાનના ચારિત્ર્યનું લક્ષણ મનાવા લાગ્યો. આગળ લખે છે કે:

"અત્યારે દેશનું હૃદય ઓળખવાને મથતા અમ જર્મન જુવાનોમાં પગપાળે પ્રવાસ કરવાનો નાદ લાગ્યો છે. આ પ્રવાસ વિનોદ કે આનંદ માટે નથી; અમારાં હૃદયમાં તનમનાટ કરી રહેલી લાગણીઓને પ્રકાશમાં મુકવાનું એ એક સાધન છે. આ રીતે રખડવા નીકળેલા વિદ્યાર્થીઓ અમારે ત્યાં 'ઉડતાં પંખીઓ'

તરીકે ઓળખાવા લાગ્યા છે. આ પ્રવાસ કરનારના હેતુ ઘણા છે જે ભૂમિપર અમને પ્યાર થયો છે તેને બરોબર પિછાનવાને અમે આતુર છીએ.

"જગત, સંસાર કે જીવનની અમને પરવા નથી. સૃષ્ટિમાં જે ચાલક બળ પ્રગટે છે તેનું દર્શન કરવાની અમને આરત છે. આકાશકુસુમ લેવા નીકળનાર જેવું આ નિમિત્ત છે, પણ અમ દરેકના અંતરમાં કોઇ દૂરની અદૃશ્ય વસ્તુની પ્રબળ ઝંખના છે, અને હૃદયમાં જાગેલી કોઇ વિકળતાથી અમે ઘરથે જઇએ છીએ, પ્રવાસ ખેડીએ છીએ અને આતુર અંતઃકરણથી અમારા દેશની જમીન, પહાડો, જંગલો, નદીઓ, જનસમાજ, તેની સંસ્કૃતિ, ઇતિહાસ અને સાહિત્યમાંથી પ્રેરણા મેળવવા પ્રયત્ન કરીએ છીએ.

"રસ્તે જતાં આવા જુવાનો જૂનાં લોકગીતો કે સંતોના ઉદાસી ભજનો લલકારતા, યોગી જેવા ઊપરવા અને સીપાહી જેવા ખડતલ બની, સીટીઓ વગાડતા કલ્લોલ કરતા દેશ આખો ખુંદેછે.

"જર્મનીનો આજનો જુવાન માને છે કે માણસોના અંદરઅંદરના સંબંધ કોઈ નવી રીતે ઘડાવા જોઇએ. તેમાં રાજકીય સ્થિતિનો વિચાર અમે જરૂરનો નથી ગણતા. અમે તો સંસ્કૃતિની નજર રાખી છે. જૂનાં ગીતો, રાસા, લોકવાર્તા નાચ, ગરબા અને રમતોને અમે પુનર્જીવન આપી રહ્યા છીએ. કેમકે અમે માનીએ છીએ કે લોકદૃષ્ટિ એ જ પ્રજાના અંતસ્તલ પ્રાણને એકતાન કરવાનું સાધન છે. પરમાત્માની સમીપ જવાનો એ જ ધર્મમાર્ગ છે.

"આથી અમે પ્રવાસપંથીઓ બન્યા છીએ. અમારા પ્રવાસ માટે ખુબ હિંમત અને ઉત્સાહ જોઇએ છે. કયાં જવું એ નક્કી ન કરવું, એક પાઇ પણ સાથે ન લેવી, રાત્રે ક્યાંય આશ્રય મળશે કે આકાશ નીચે પથારી થશે તેનો વિચાર

આપ મદદ વિણ કાંઇ ન સરશે
વિના સ્વબળ નહિ ફળશે;
એક મરણિયો સૌને ભારે
કાયર કોડ રઝળશે.

સરખો યે કરવો નહિ, રસ્તે જતાં ગરીબ સથવારો મળે કે તવંગર મળે તે જોવું નહિ; માત્ર પ્રભુ અને પ્રભુની સૃષ્ટિ ઓળખવાની પ્રબળ ઉત્કંઠાનીજ દોસ્તી.

"અમારામાંના દરેક જણને ખાતરી થઈ છે કે ખરૂં ધન તો અનુભવ અને પ્રેમ છે. આત્મધન ગુમાવીને જગતનું રાજ મળે તે યે નકામું છે. નવા યુગમાં કામ ન આવે એવું મૃત અને નિષ્ફળ પોથીજ્ઞાન અમને ગમતું નથી. અમારે મન તો કેળવણીનો અર્થ વાતોની ગોખણપટ્ટી નહિ પણ સજીવ જ્ઞાનની વૃદ્ધિ છે. કેટલું ભણ્યા કરતાં કેટલું સમજ્યા તેનો જ અમે હિસાબ રાખીએ છીએ. આ ભાવનાની અસર અમારી નીશાળો પર ખુબ થઇ છે. જ્યાં પહેલાં પંડિતો બનાવવા મહેનત લેવાતી હતી ત્યાં હવે મર્દો બનાવવા મહેનત થાય છે.

"જીવનનો ખરેખરો રંગ જોવાને જર્મન કુમારો જીવનના પહેલવહેલા સાદા અનુભવો મેળવવા નીકળી પડે છે. તેઓ ગામડાંમાં પહોંચી જાય છે અને ખેડુતો તથા મજુરોના સહવાસમાં રહી એવી હાલત અને રીતભાતમાં ઘડાય છે કે શહેરના કેળવાએલાઓને સ્વપ્ને પણ તેનો ખ્યાલ ન હોય. સવાર, બપોર અને સાંજમાં રહેલું કુદરતી વાતાવરણ તેઓનાં અંતરમાં ઉતરે છે. વિશ્વનાં બદલાતાં રૂપોમાં રહેલું જીવનનૃત્ય તેઓ સમજે છે. એશ અને વ્યસન તેમને મન ઝેર છે. દારૂ અને તમાકુથી દરેક જણ દૂર રહે છે. ભુખતરસનાં દુઃખો તેઓ ખમવા તૈયાર છે, ટાઢ અને તડકો વેઠી રહ્યા છે અને જીંદગીના આ સ્વપ્નો બધી રીતે જાતઅનુભવ મેળવી પાકી ખબરદારી પામે છે. આ જ રીતે મનુષ્ય સંપૂર્ણ થઈ શકે એમ તેઓ માને છે.

આ રીતે તેઓ સ્વભૂમિને પીછાનવા મથી રહ્યા છે. અવનવા અનુભવો પામી, પોતાની જાતસ્ફૂર્તિએ જાતજોખમે સાચું, સિદ્ધ, સજીવ અને સંપૂર્ણ જીવન ભોગવવા તેઓ મથે છે."

કુમારના વાચકો ! આ હકીકત શું જર્મનોને જ કામની છે? આપણા દેશની હાલની સ્થિતિમાં એ કેટલી સચોટ લાગુ પડે છે? તમે બને તેટલા સીધા જાતઅનુભવ લેવા કેટલા તૈયાર છો ? માત્ર પરીક્ષા આપી દીધાનો સાંકડો સ્વાર્થી સંતોષ પકડી લઇ તમારી રજાઓ—તમારા જીવનનો કીમતી વખત—પાનાં અને સોગઠાંબાજીઓમાં ન ગુમાવો. આવી રખડપટ્ટીઓ શરૂ કરો, રખડપટ્ટીઓ.

જેમને ઘેર લક્ષ્મીદેવીની જરા પણ કૃપા હોય તેમણે પચાસ કે સો રૂપિયા હિંદુસ્તાનના જુદાજુદા પ્રવાસો કરવામાં જરૂર વાપરવા. તમારી શાળાની ફીઓ અને કૉલેજોની ટર્મનાં ખર્ચોથી આ ખર્ચ વધુ નહિ જ ગણાય; અને છતાં એ પ્રવાસથી તમારી નજર વિશાળ થશે; તમે સ્વાશ્રયી અને અનુભવી બનશો; જીવનની નવી રીતભાતો શીખશો સમજશો ને સુધરશો; નવા ધંધા નીરખશો, નવી ગતો જોશો અને પાછા આવી તમારા દેશમાં, ગામમાં કે કુટુંબમાં નવીનતાનું, પ્રફુલ્લતાનું વાતાવરણ સરજી શકશો. આ બધાની કીમત કેટલી આંકી શકાય !

ઉગતી પ્રજાને શ્રી કરસનદાસ ચીતલિયાનો સંદેશ આ અંકને ૧૮૯મે પાને.



યૌવનના અભિલાષ

અમારા યૌવનના અભિલાષઃ
ઉછળતા યૌવનના અભિલાષ.

જીવનની ટીશીએ ટીશીથી
નીતરે ચેતનધાર,
અગ્નિજ્વાલ ને ગિરિમાલ ને
. . ઉડીએ સાગરપાર;
મરણિયા માણે મૃત્યુવિલાસઃ
અમારા યૌવનના અભિલાષ.


ચંદ્રશીતલ કૌમાર અમારૂં
ઓજસનો અંબાર,
ધગધગતો જ્યાં ઘોમ ધખે ત્યાં
રેલવીએ રસધાર;
અમોને અમૃત કેરી આશઃ
અમારા યૌવનવા અભિલાષ.


અંતઃકરણે પ્રફુલ્લ પ્રસરે
'સત્ય-સેવ'નાં રાજ,
જગમંદિરનાં અર્ચન કરીએ
આત્મસમર્પણ કાજ;
દિશદિશ દીપમાળનાં હાસઃ
અમારા યૌવનના અભિલાષ.

અમારા યૌવનના અભિલાષઃ
પ્રભો! એ યૌવનના અભિલાષ.

ચુ. ડા. પાટડિયા

વિજ્ઞાનવીર જગદીશચંદ્ર





મહા પુરુષોનો અવતાર એ કોઈ પણ રાષ્ટ્રના સમુત્થાનનો પ્રથમ ગુણ છે. બંગાળે આર્યાવર્તને વિશ્વવિખ્યાત વિભૂતિઓ અર્પી છે; તેમાં કદાચ આદિ ને અનેરૂં સ્થાન વિજ્ઞાનવીર જગદીશચંદ્ર બોઝનું આવે છે.

શ્રી બોઝ માત્ર આર્યાવર્તના જ નહિ, પરંતુ અખિલ જગતના પ્રખર વૈજ્ઞાનિક છે; કારણકે વર્ણ કે ધર્મના કોઇ પણ જાતના ભેદભાવ વગર એમણે અખંડ એકાંતસેવી તત્પરતાથી વિજ્ઞાનની શોધો કર્યા જ કરી છે. જડચેતન અને સચરાચરમાં વિભુ વસી રહ્યો છે એ સર્વમાન્ય ધર્મમંત્રથી પશ્ચિમ વિમુખ હતું. શ્રી બોઝે એ સત્યને વિજ્ઞાનનો વિષય બનાવીને નવી રીતો તથા નવાં યંત્રો દ્વારા અપૂર્વ પ્રયોગો વડે પુરવાર કર્યું છે. આજ એ પ્રથમ શ્રેણીના વિજ્ઞાનવીર તરીકે પંકાય છે.

પણ આ મહાપુરુષનું જીવન કેવું તપોમય છે એ જાણી જુવાન પથિક ઉત્તેજના પામશે. વિપત્તિઓનું વિરોધી બળ પ્રથમ તો આડખીલી થઇ બેસે; પરંતુ માનવજીવનના સત્ય અને સંપૂર્ણ વિકાસને સારૂ એ કેટલું ઉપકારક છે તે એમના જીવનમાંથી સમજાશે.

—પૅટ્રિક ગેડિસ

દરેક માણસ ઉપર કુળપરંપરાના ને માબાપના સંસ્કાર તો હોય છે જ; પણ બાળપણની લાગણીઓ ને કલ્પનાઓ, સ્વપ્નો ને પ્રયત્નો, તેમજ કૌમારકાળના વિચારો અને કર્મો તેનું જીવન કેવી અદ્દભુત રીતે ઘડે છે તેનો ખ્યાલ ઘણાકને ભાગ્યે જ આવી શકે.

ઢાકા પરગણાનું વિક્રમપુર ગામ એક સમે તક્ષશીલા અને કાશી જેવું શારદાપીઠનું ને સંસ્કૃતિનું ધામ હતું. મોટી નદીઓ ને માછીમારો, માલની લાવલઇજા અને તેમાં નડતાં લુટારાનાં વિઘ્નો એ સૌને લીધે લોકનું જીવન સાહસ, વેગ ને શૌર્યથી ભર્યુંભર્યું રહેતું. એ ગામમાં જગદીશચંદ્રે પ્રથમ જગતનાં અજવાળાં જોયાં.

જગદીશચંદ્ર બોઝના પિતા ભગવાનચંદ્ર બોઝ ફરીદપુરના ડેપ્યુટી મૅજિસ્ટ્રેટ હતા. તેઓ સમયસૂચક, કર્તવ્યનિષ્ઠ, રાષ્ટ્રપ્રેમી અને ક્ષમાશીલ હતા.

એક વખત કોઇ નામીચા બહારવટિયાને તેમણે

લાંબા કેદ દીધેલી. કેદની મુદત પુરી થઇ અને કેદી છુટચો; પણ તેને દુનિયા ખાલી લાગી. પોતાને કોઇ સંઘરે એ અશક્ય જણાયું. એ પાછો મૅજિસ્ટ્રેટ કને આવ્યો અને ગળગળે સાદે બોલ્યો. 'સાહેબ, મારા જેવા જેલમાં ગએલાને કોઇ રાખે તેમ નથી. મારે શું કરવું?' ઉદારચિત્ત ભગવાનચંદ્રે કહ્યું, 'કેમ વળી? હું રાખીશ. મારે ઘેર રહેજે. આ (જગદીશ)ને શાળાએ લઇ જજે ને પાછો લાવજે.

બહારવટિયાની પીઠ પર સવાર થઇ નાનો જગદીશ શાળાએ જવા માંડચો અને બહારવટાંની અનેક રોમાંચકારી વાતો સાંભળવા લાગ્યો.

જગદીશના પિતા વરસોવરસ ગામડામાં મેળો ભરતા; તેમાં રામલીલા ને કૃષ્ણલીલા રમાડતા, મલ્લકુસ્તી ગોઠવતા અને સ્વદેશી વસ્તુઓનું બજાર ભરતા. પછીથી તેમણે પોતાના ઘરમાં સુતારીકામ અને ધાતુકામ ખોલ્યું. તે સમયના સ્મરણચિહ્ન તરીકે હાલ પણ સર જગદીશના ઘરમાં દરરોજ વાપરવામાં આવતું પિત્તળનું વાસણ તથા એક શાળ છે. આ કારખાનામાં નાનો જગદીશ ગમ્મત ઉડાવતો. ધાતુનો ભંગાર ભેગો કરી તેનો ગોળો બનાવી પિત્તળની તોપ ફોડતો.

જગદીશના પિતાએ હવે તરાઇની થોડી જમીન લઇ ખેતી આદરી; ચાનું વાવેતર કર્યું; વણકર ખાતું ખોલ્યું. આ બધી પ્રવૃત્તિમાં હેતુ પોતાના બાળકની 'કેળવણી'નો હતો. બોઝ કુટુંબમાં પિતા એટલે સત્તા નહિ પણ નેતા અને મિત્ર મનાતો. આખા દિવસના થાકયાપાકયા એ વાળુ કરીને જગદીશને લઇ સુએ અને બાળકની પ્રશ્નપરંપરાના ઉત્તર વાળે. વિચક્ષણ છોટો બાબુ એવા વિચિત્ર પ્રશ્ન કરે કે કયારેક તો પિતાને કહેવું પડે કે 'બાપુ, એની મને ખબર નથી. આપણે ન કહી શકીએ. સૃષ્ટિનું આપણું તે કેટલુંક જ્ઞાન?'

'બાપુ, બાપુ! આજ તો ને, મેં એક આખી ઝાડી સળગતી જોઇ! મેં જઇને જોયું, તો તો માખીઓ જ માખીઓ! સળગતી માખીઓ! એ શું હશે? હેં, એમ કેમ?' આવા પ્રશ્નો તો રોજના સામાન્ય હતા.

જગદીશનાં દાદી બહુ ભક્તિવાળાં બાઇ હતાં. માટીના શિવલિંગ બનાવી તે રોજ ધ્યાનપૂર્વક પૂજામાં બેસે. બાળક જગદીશ વાટ જોઇને ટાંપી રહેતો અને પૂજા થઈ રહે માટીની મૂર્તિ ઉપાડી લેતો. એક દિવસ પૂજા લાંબો વખત ચાલી અને જગદીશની ધીરજ ખુટી. એટલે તે તો ચાલુ પૂજાએ શિવલિંગ લઇને ચાલતો થયો! આ પ્રભુદ્રોહથી દાદીમાને ખુબ માઠું લાગ્યું. નાના જગદીશને બહુ સજા તો ન થઇ; પણ પ્રાયશ્ચિત્ત રૂપે ભૂદેવોને સારી પેઠે મોદકમાર મળ્યો!

ઘરની બાજુના એક ઝરણ ઉપર જગદીશની એકાંત બેઠક હતી. કલાકોના કલાકો સુધી એ ઝરણ સામે જોઇ રહે અને સાનંદાશ્ચર્ય બોલી ઉઠે, 'વહેતું જળ! વહેતું જળ!'

પાંચ વરસનો જગદીશ ટટ્ટુ પર સવારી શીખતો. એ નીકળતો ત્યારે ફરીદપુરનાં લોક મજાકમશ્કરીમાં બોલતાં, 'વાહ રે વાહ! ભાઇ જાણે શરતના મેદાનમાં ઉતર્યા!' અને એક વાર તો જગદીશ સાચ્ચે જ જેવાતેવા તંગપેગડે ને વગર લગામે ઉપડચો અને શરતના પટ ફરતું ચક્કર માર્યું. આમ કરતાં પગબગ છોલાયા, લોહીલોહાણ થયો અને મલમપટ્ટા બંધાયા.

એક દિવસ જગદીશે વાઘથી ઘવાએલા એક માણસને જોએલો. એ યાદ તેણે મનમાં સંઘરી રાખી. થોડા વખત પછી કોઇક કારણે મા એને ખીજી, એટલે ભાઈ તો રીસાઇને વાઘ જ્યાં રહેતો હતો ત્યાં—શેલડીના વાડમાં—નાસી ગયા; જાણે પોતાને વાઘ ફાડી ખાય તો માતાને કડવાં વેણનો પસ્તાવો થાય! પણ ભાઇની હીંમત ઝાઝી ન હાલી. રોતા-રડતા ઘેર આવ્યા. માતાની સદા એકસરખી વત્સલતા હાજર જ હતી.

હવે જગદીશને દેશી નીશાળે મુકવામાં આવ્યો. અહીં શિક્ષકને ક્રિકેટ રમવા દેવાની ઘણી ચીડ હતી. રમતગમતને તે કાલક્ષેપ ગણતો. વિદ્યાર્થીઓએ અભ્યાસનું વાંચવાંચ કરવું એ તેનો મંત્ર હતો. પણ વિદ્યાર્થીઓ એના માથાના હતા તો!

એક અણઘડ સુતાર કને જેવુંતેવું લાકડાનું બૅટ, રિટક વગેરે બનાવડાવ્યાં; રબરના ઝાડનો રસ લઇ તેને સુકવી ગોળો વાળી સારા જેવો દડો કર્યો; એક નિર્જન સ્થળે રમતનું પટ ખોલ્યું; દરેક દિશામાં એકએક ચોકીદાર બેસાડચો; અને સભય–સાનંદ રમત શરૂ કરી! આમ આ ટીમ તો ચાલી. કયારેક ધુંઆપુંઆ થતા ગુરુદેવ દર્શન દેતા કે તરત જ સ્ટિકો ઉપડી જતી.

અને નાળામાં કરેલા પાંદડાંના ઢગલામાં જૅટદડા સાથે સંતાઇ જતો. શનિશ્વર ગયે રમત નવેસર મંડાતી!

કુમાર જગદીશના મન પર રામાયણ ને મહાભારતની છાયાઓ અપાર પડી છે. રામનું ચારિત્ર્ય અને વધુ તો લક્ષ્મણના સૈનિકજીવનનો ભક્તિભાવ તેને અતિશય આકર્ષતો. પણ આ કુમારનો માનીતો નાયક તો મહાભારતનો વીર યોદ્ધા કર્ણ દાનેશ્વરી હતો. હજુ પણ એ કર્ણની કથા મહા પ્રાણ અને પ્રેરણા ભરીભરીને કહે છે:

"કર્ણ! કર્ણ! વીરશિરોમણિ! પાંડવોનો અગ્રજ! રાજા થવાને તો એ જ યોગ્ય હતો. પણ આના કરતાં વિશેષ તો એ છે કે તે સૂર્યનારાયણનો પુત્ર હતો. માતાએ સૂર્યમંત્રથી ઉત્પન્ન કરી નદીમાં મુકયો; કોઇ રથીની પત્નીએ પાળીને મોટો કર્યો; ઘણી હારહાનિ ખમી પણ વિશ્વાસ ને ન્યાયનો ભંગ ન કર્યો; અને છેવટ અર્જુને તેને હણ્યો! હા, એ દ્વન્દ્વયુદ્ધ મને સાંભરે છે, જ્યારે વિજેતા અર્જુન આવે છે અને અજાણ્યો કર્ણ તેને આહ્વાન દે છે. અર્જુન તેનું ગોત્ર પુછે છે. કર્ણ ઉત્તર વાળે છે, 'હું પોતે જ મારૂં ગોત્ર. ગંગાજીને કોઇ પુછે છે કે કયા મુળમાંથી તે નીકળે છે? એનો પુણ્યપ્રવાહ જ સાક્ષીભૂત છે. તેમ મારાં પરાક્રમો મારે માટે પુરતાં છે.' પછી તો કુંતીમાતા ઓળખ પાડે છે ને પોતાના નાના બાંધવો જોડે નહિ લડે તો મહારાજા થશે એમ કર્ણને વચન દે છે. એ સમયનાં કર્ણનાં વેણ સાંભળવા જેવાં છે: 'ના; જેણે મને પાળ્યોપોષ્યો એ જ મારાં માબાપ. દુર્યોધન મારે પિતા સમો છે. હું હવે પલફેર ન કરી શકું. પણ માતાજી, આટલું વચન આપું છું કે એક અર્જુન સિવાય મારા કોઇ ભાઈ ઉપર હું હાથ ઉપાડીશ નહિ.' પછી થયો યુદ્ધનો આદર. અર્જુન અને કર્ણ. કર્ણ જાદુઇ બાણ છોડે છે. ધરતી કંપે છે ને ચોખા'વાનો ફેર પડી જાય છે. બાણ પાછું વળીને કર્ણને કહે છે, 'હું અર્જુનને હણવા જ નિર્માયું છું. મારી પવનગતિ અને તારૂં નીશાન. પછી કોની મગદૂર? મને ફરીને છોડ.' પણ કર્ણ તેને ફેંકી દે છે ને બોલે છે, 'એમાં મને શો લાભ? હું તો સ્વબળે લડનાર રહ્યો.'" જગદીશ બાબુ કહે છે કે 'અહીં મને આર્યત્વના આત્માનું ભાન થાય છે. મારી નસો ભૂતકાળની યાદ આવ્યે ખેંચાઈ પડે છે. આનું નામ તે કેળવણી. ખોટી ચાલાકી નહિ પણ સાચની, મર્દાનગીની લડાઇ.'

પછી તો જગદીશચંદ્ર કલકત્તાની સેઇન્ટ ઝેવિયર્સની શાળાએ જવા માંડયો. વિદ્યાર્થીઓમાં બધા અંગ્રેજ છોકરા; પોતે ગામડિયો; ભાંગ્યુંતુટયું અંગ્રેજી આવડે. વધારામાં સૌએ નવા દેશીને ટોળટીખળ વડે ઉડાવવા માંડયો. છેવટે સાઠમારી જામી. ભીમ જેવા સામાવડિયાએ જગદીશને ગુંદીગુંદીને ઘેંશ કરી દીધો. તેની નસકોરી ફુટી; લોહીની ધાર ચાલી; આંખમાંથી આંસુ હાલ્યાં; જાણે હાર્યો કે હારી ગયો.. પણ.. છેલ્લી ઘડીએ, કોણ જાણે કયાંથી,–કદાચ મહાભારતનો વીર યોદ્ધો સાંભરી આવ્યો હોય—એના શરીરમાં જબરો આવેશ ઉઠયો, અને એવો તો સખત હલ્લો કર્યો કે પેલો બેભાન બની કારીંગડું રડે તેમ ઢળી પડયો અને ઉઠી જ ન શકયો. 'શાબાસ! શાબાસ!'ની તાળીઓ પડી અને એ પળેથી સ્વતંત્ર સજ્જન તરીકેના જગદીશના સર્વ હક્ક સ્વાધીન થઇ ગયા!

આ અવસ્થાએ જગદીશચંદ્રને નાનાં સસલાં, કબુતરો, લાંબી પુછડીનાં મેંઢાં વગેરે પ્રાણીઓ પાળવાનો ખુબ શોખ હતો. તેમની પાછળ તે પોતાનું ખીસું ખરચી નાખતો અને નવરાશનો વખત તેમને સારૂ ઘર બાંધવામાં કાઢતો. આંગણાને ખુણે તેણે એક નાનો શો બાગ બનાવ્યો અને પાણીનું વહેળું કરી ઉપર પુલ બાંધ્યો. વળી ધાતુની ભુંગળીઓ જોડી ઝાડોને પાણી પાવાનો પ્રબંધ કર્યો. આવી જ રચના આજે બોઝ ઇન્સ્ટિટયુટમાં મોટા પાયા ઉપર જોઇ શકાય છે! ખરે જ, બાળક એ પુરુષનો પિતા છે.

કુદરત, નાનાં પ્રાણીઓ અને ઘોડાઓનો પ્રેમી જુવાન ધીમેધીમે જંગલનાં શિકાર અને સાહસનો શોખીન બન્યો. પંદરમે વરસે એક વાર તે ઘોડા ઉપર બેસી એક ઉંડી નદી પાર કરવા ઉતર્યો; પણ અચાનક ઘોડો અંદરના પોલાણમાં ક્યાંક ભરાયો. તરફડિયા દેતા ઘોડાના પેટ હેઠળથી તરીને જગદીશ છુટયો અને ઘોડાને કાઢી બહાર નીકળ્યો.

એકવાર તે આસામમાં ગેંડાને શીકારે ગયો. રાતોરાત એકવીસ માઈલની મજલ ખેડી દિવસ થયે તે શીકારે ચડયો. પણ સાંજે અકરામણનો તાવ આવ્યો. પાછા ફરવા માટે મ્યાનો મળે તેમ નહોતો.

તે મુંઝાયો. પુછ્યું, 'ઘોડો છે?' 'છે તો ખરો પણ વસમો ને કડરકણો છે. એક સવારનો તો જીવ લીધો છે. તે તમારે લાયક નથી.' 'પણ મને જોવા તો દ્યો.' તબેલામાંથી ઘોડો છુટયો તેવો જગદીશ સામે ઝાડ થયો અને બચકું ભરવા ધસ્યો. કળાથી જગદીશ પીઠ પર ચડી બેઠો. એટલે તો ઘોડો ધુંધવાઇને ભાગ્યો. રજા માગવાનો પણ વખત ન રહ્યો. માથોડામાથોડા કુદકાઓ ઉપર પુરપાટ ફેંકાયો. પણ જગદીશ કાબેલ સવાર હતો. શીકારીની સમયસૂચકતા અને ચકોર સાવધાનીથી તેણે નદી પરના ભાંગેલ પુલ પાસેથી ઘોડાને એક બાજુ તારવી, વાંસના ભાંગુંભાંગું થતા પુલ પરથી લઇ લીધો. પછી તો એ મસ્તીખોર ઘોડો બાકીના સાત માઇલ સંપસુલેહથી વર્ત્યો. પણ જગદીશચંદ્રનો એ ઝેરી તાવ પરીક્ષા, રજા ને વીલાયતની મુસાફરી પછી પણ લંબાયો જ લંબાયો.

બી. એ. પાસ થયા પછી પણ જગદીશનો જીવનપંથ ચોખ્ખો ન થયો. તેના પિતા પર ઋણ ગાજતું હતું. તે ભરવા ઉંચી કેળવણી લેવા વીલાયત જવા તરફ તેનું મન વળ્યું. સિવિલિયનનું મહાપદ મેળવવા તેણે દરખાસ્ત કરી પણ પિતાએ તે નકારી. કહ્યું કે એવા ઉચ્ચાધિકારને લીધે સામાન્ય જનસમુદાયનાં દુઃખો અને મુસ્કેલીઓ જોવાતાં નથી. વળી પૈસાની તંગી હતી અને જગદીશની માતા પુત્રને ઘડી યે અળગો કરવા માગતી ન હતી. પરંતુ નિરાશાની છેક અંતિમ ઘડીએ માતા પુત્રની વહારે ધાઇ. એક સાંજરે જગદીશને બોલાવીને આવી, જાણે નાનો બાળ હોય તેમ એનું માથું ખોળામાં લઇ બેઠી ને બોલી, 'બેટા, હું વીલાયત બીલાયતમાં કાંઇ માનતી નથી. પણ તારી અંતઃકામના પુરી કરવી એ મારૂં કામ છે. તારા પિતાની કશી પુંજી રહી નથી; પણ મારૂં જવાહીર છે, થોડા પૈસા પણ છે. એટલું બસ થશે. તારે જવાનું જ છે.' માતા, શો આ પ્રેમ અને શો અધિકાર!

એ તાવને કારણે પછીથી એમને જીવનક્રમ બદલવો પડયો અને જગદીશચંદ્રે લંડન છોડી કેમ્બ્રિજમાં વિજ્ઞાનનો અભ્યાસ માંડયો.

ચાર વરસના એ દેશવટા પછી ત્રણ ઉપાધિઓ મેળવીને જુવાન જગદીશ બોઝ કૌટુંબિક ચિંતાનળને લીધે ઝટપટ હિંદ પાછા વળ્યા. કોઇએક ઓળખીતા ફૉસેટ સાહેબે હિંદી પ્રધાન કિમ્બરલીને બોઝની નીમણુક વિષે પુછી જોયું, પણ કેળવણી ખાતાની જગ્યા ખાલી ન જણાઇ. ફરી વાર ફૉસેટ સાહેબે તે વખતના ગર્વનર જનરલ લૉર્ડ રિપન પર ભલામણનો કાગળ લખી દીધો. જગદીશચંદ્ર ઘેર જતાં સીમલે જઈ વાઇસરૉયને મળતા ગયા. વાઇસરૉયે સારો આદર દીધો અને કેળવણીખાતામાં નીમણુક કરવા કહ્યું. વાતચીતમાં લૉર્ડ રિપન બોલી ગયા કે 'અહીંની મારી કારકીર્દિ નિષ્ફળ ગઇ છે. હિંદની સેવા કરવાની અને હિંદીઓને વધુ જવાબદારીઓ આપવાની મારી ખંત હતી. પ્રથમ તો સઘળું આશાજનક લાગ્યું, પણ પછી બાજી બદલાઇ. અંગ્રેજ લોકનો ઉદાર મતવાદ આમ વંડે એ આશ્ચર્ય!'

વાઇસરૉયે વચન મુજબ બંગાળ સરકારને બોઝની ભલામણ કરી. જગદીશચંદ્ર કલકત્તાના કેળવણીખાતના વડા અધિકારીને મળ્યા. પણ એ તો રૂઠયો! હલકી નોકરી આપવાની ઇચ્છા બતાવી. બોઝે ના પાડી. ગૅઝેટમાં બોઝનું નામ ન દીઠું એટલે વાઇસરૉયે બંગાળ સરકારનું ફરી ધ્યાન ખેંચ્યું. આથી પેલો કેળવણીનો વડેરો ગુસ્સે થયો. તેણે બોઝને કાગળથી લખ્યું કે 'મારે નીમણુક કરવી પડે છે, પણ તે થોડા વખતને સારૂ કરૂં છું. તમારા કામથી સંતોષ થશે તો જોઇ લેવાશે.'

તે વખતે બે જબરી માન્યતાઓ અંગ્રેજોના મનમાં ઘર કરી બેઠી હતી. એક તો એ કે હિંદનાં શિક્ષણ અને શિક્ષકો તો અંગ્રેજી ને અંગ્રેજો જ હોય. બીજી એ કે વિજ્ઞાનનો વિષય પછાત હિંદીઓને આવડે જ નહિ. આ માન્યતાઓનું ધોરણ સરકારી ખાતાઓમાં કડકપણે પળાતું. કલકત્તાની પ્રેસિડેન્સી કૉલેજમાં 'ઑફિશીએટિંગ પ્રોફેસર ઑફ ફિઝિક્સ' તરીકે બોઝની નીમણુક થઇ ત્યારે ત્યાંના પ્રિન્સિપાલે આવાં કારણો બતાવી વાંધો લીધો હતો! વળી આ પાઠશાળાના વિદ્યાર્થીઓ પણ કાંઇ ઓછા તોફાની ન હતા; અને તેમાં યે નવોસવો પ્રોફેસર આવ્યો એટલે તો એના બાર જ વાગ્યા સમજવા! એક જ દિવસમાં તેઓ પ્રોફેસરની શક્તિ પામી લેતા. અંગ્રેજ પ્રોફેસરો જોડે જોઇએ તેવી તેમની બનત નહોતી. પ્રો. બોઝની મુશ્કેલીઓનો અહીં પણ પાર ન આવ્યો.

શાહી નોકરી (ઇમ્પીરિયલ સર્વિસ)માં કોઇપણ

હિંદીને તે વેળા અંગ્રેજ નોકર કરતાં પગારનો ત્રીજો ભાગ કાયદેસર ઓછો મળતો. પછીથી જોકે આ અન્યાય બોઝે કઢાવ્યો; પણ પહેલાં તો તેને જ આ બાબત ખુબ ખમવું પડયું. બોઝ નોકરી પર ચડયા અને જાણ્યું કે પોતે કામચલાઉ હોઇને તો આ પગારનો પણ અરધો ભાગ કપાવાનો છે; એટલેકે બીજાઓની સરખામણીમાં પોતાને ત્રીજો ભાગ જ મળવાનો છે! તેણે વિરોધ ઉઠાવ્યો. તેણે પહેલેથી જ પગારના ચેકને હાથ ન અડાડયો અને ત્રણ વરસ સુધી બીનપગારે ઘણી હાડમારીઓ વેઠી એ દંપતીએ સંસારનો વિકટ માર્ગ કાપ્યો.

મુડી તરીકે રાતી પાઈ નહોતી, એમાં વળી એક હોનારત નડી. પિતાએ પીપલ્સ બેંકના કેટલાક નફાકારક શેર લીધેલા; પણ તે પોતાના અકિંચન મિત્રોને આપી દીધા. માથા ઉપર ઋણનો બોજ વધ્યો. જુવાન પુત્રને મુંઝવણ પડી; પણ હૈયે હામ રાખી કરજ ફેડવા તે મક્કમ બન્યો.

જગદીશ પોતાની જુના વખતની જાગીર વેચવા તૈયાર થયો. સગાંસંબંધીએ તેને રોકયો. પણ તે વેચી તેની આવકમાંથી અરધું કરજ ચુકવ્યું. પછી માને વીનવી. માએ પણ પોતાનું દ્રવ્ય ને જવાહીર દીધું, તેમાંથી વળી પા ભાગનું ઋણ વાળ્યું. લેણદારો તો બોઝની નીતિમય વર્તણુકથી અજાયબ થયા અને બાકીનું લેણું માફ કરવા ચાહ્યું. પણ બોઝની ધારણા જુદી જ હતી. નવ વરસની કડક કરકસર કરી બચતમાંથી બાકીનો




દેવબાલ

: ઈન્દ્રવજ્ર :

ઇલા કહિ હોત હું દેવબાલ!
તારા ભરી આપત એક થાળ;
એના વડે કુકડીદાવ સાથે,
બંને રમ્યાં હોત અહો નીરાંતે.



ચાંદો ફેરંતો નભથી હું લાવી,
બ્હેનાં! રમ્યાં હોત દડો બનાવી;
ને એ દડે હું વિજરેખ બાંધું,
એને ઉછાળી જળ વ્યોમ સાંધું.



ને સપ્તરંગી ધનુવસ્ત્ર ચારૂ,
લાવી સજાવું મુખ શાંત તારૂં;
ને શુભ્રકીર્તિ થઇ દિવ્ય પંથે
ઓઢો! ઉડયાં હોય જ દિગ્દિગન્તે

ચન્દ્રવદન ચીમનલાલ મહેતા

પા ભાગ પણ તેણે ભરી દીધો.

અનેક પ્રયોગોવાળું એનું ખંતીલું અને સચોટ શિક્ષણ જોઇ સરકારે ખાસ હુકમ કાઢી શરૂઆતથી ગણીને તેની નીમણુક કાયમની કરી. આથી પ્રો. બોઝને પહેલેથી પુરો પગાર ગણી દેવામાં આવ્યો.

ઘણાં વર્ષ પછી એક વાર જગદીશચંદ્ર બોઝને, પચાસ વરસ પહેલાં તેના પિતાએ ચાલુ કરેલ મેળામાં જવાનું આમંત્રણ મળ્યું. અહીં તેણે પ્રદર્શન ખુલ્લું મુકતી વેળા 'નિષ્ફળતા પણ મહામોટી' એ વિષય પર ભાષણ કર્યું. એમાંનો એક ફકરો આ રહ્યો:

'નિષ્ફળતા? હા, પણ અધમ કે વ્યર્થ નહિ જ. પિતાજીના એ અંતરવલોપાતને લીધે તેનો પુત્ર જય-અજયના દ્વન્દ્વને એક ગણતાં શીખ્યો છે. એમનું જીવન મને આભાર ભરેલું ને આશિષરૂપ છે. સૌકોઇ કહેતું કે મહાન બનવા સરજાએલું એમનું જીવન ફોગટ ગયું છે. કોણ જાણે છે કે આવાં કોટિકોટિ બલિદાનના હાડપીંજરમાંથી સમૃદ્ધ ખંડ વસેલા છે. બૃહદ્ભારતનો પિંડ આવાં બલિદાનોનો જ બંધાશે. આપણે શું જાણીએ કે આમ કેમ? પણ ભારતી માતા પોતાના ખપ્પરમાં આવા ભોગ માગી લે છે.' પ્રેમી સ્વજનોની પ્રેરણા એણે જીવનભર ઝીલી છે: પરંતુ જગદીશચંદ્રનું જીવનલક્ષ્ય કાંઇ ધંધો કે કીર્તિ વધારવાનું નહોતું. ઇ. સ. ૧૮૯૪ ની ૩૦મી નવેમ્બરે પોતાની ૩૫મી જન્મગાંઠે તેણે નિશ્ચય કર્યો કે હવેનું જીવન નવી જ્ઞાનલબ્ધિને

સમર્પણ. ત્રણ માસમાં તો તેની વાહવાહ બોલાઇ ગઈ. લંડનના વિશ્વવિદ્યાલયે તેને 'ડૉક્ટરેટ ઑફ સાયન્સ'ની ઉપાધિ દીધી. કેટલા યે મોટા વૈજ્ઞાનીઓનાં પ્રશંસાપત્રો મળ્યાં. પણ બોઝને મન સંતોષ નહોતો.

વિજ્ઞાનની નવી શોધખોળ માટે તેને મુશ્કેલીએ વખત મળતો. અઠવાડિયાના છવ્વીસ સમયનાં ભાષણો અને પ્રયોગો પછીના થોડા બચત વખતમાં અને નજીવાં સાધનો વડે તે પોતાનું કામ ચલાવતા. પણ મુરખું કેળવણીખાતું વળી રૂઠ્યું! કહે કે બોઝની શોધખોળ શાળાના કામની આડે આવે છે! ઉપરાંત દ્રવ્યની કશી સહાય નહિ.

પણ બંગાળાના લેફ્ટેનન્ટ ગવર્નરનું ધ્યાન બોઝ તરફ દોર્યું. કેટલીક હરકતો પછી પ્રો. બોઝને વાર્ષિક રૂા. ૨૫૦૦ની સરકારી ગ્રાન્ટ મળી. પરંતુ આથી કંઈ કામનો બોજ ઓછો ન થયો. ઉલટું શોધખોળની પીડા પડી. આથી તેણે એક વર્ષની ફર્લો રજા માગીને યૂરોપ જવા ધાર્યું. લેફ્ટેનન્ટ ગવર્નરે પ્રો. બોઝને બોલાવી પુછ્યું, 'પણ આવી ખર્ચાળ મુસાફરી તમે કરશો કેવી રીતે?' બોઝને સ્ફુરી આવ્યું, 'સરકાર મને વિજ્ઞાનવૃદ્ધિને સારૂ યૂરોપ ન મોકલી શકે?' 'ના; સીમલાઇ કેળવણીખાતું આવું સાહસ ન ખેડે; વળી હિંદીઓ આ વિષે ઘણા પાછળ . . . .' આ આક્ષેપ પ્રો. બોઝ ન ખમ્યા. થોડીક કડવાશ થઇ. નિરાશ જેવા બોઝ ગયા. પણ ગાડીમાં બેસવા સ્ટેશને ગયા ત્યાં એક કાસદે આવીને એમને કાગળ આપ્યો. કેળવણીખાતાનાં વડાએ તેમાં લખ્યું હતું કે 'ગવર્નર પોતાની જવાબદારી ઉપર તમને યૂરોપ જવાની બાંહેધરી દે છે; માટે અનુકુળ પડે તે તારીખે જઇ શકો છો. ગવર્નર સાહેબ આ બાબત વાઇસરૉય અને હિંદી પ્રધાન જોડે તારથી વાતચીત કરી લેશે.'

આમ પોતાનાં ખંત, મહેનત ને વ્યક્તિત્વને લીધે પ્રો. બોઝ સરકાર પાસેથી સહાય મેળવવા સફળ થયા.

વનસ્પતિજીવનને અંગોઅંગ શી શી લાગણીઓ થાય છે એ દેખાડવા પોતાનાં અતિ સૂક્ષ્મ યંત્રો અને છોડવાઓ લઇ જગદીશ બોઝ ઈંગ્લંડ ગયા હતા. જાહેર પ્રયોગોને દહાડે તેના સામાવાળાઓ પણ હાજર હતા. અણીનો વખત હતો. વરસોની મહેનતની કસોટી આજ હતી. પ્રયોગો ફતેહમંદ નીવડે તેના ઉપર બધી વાત તોળાઇ રહી હતી. તે દિવસે તેણે પોતાના એક મિત્રને કાગળ લખેલો, 'જો હું આ શોધખોળની વાત મુકી દઉં તો તે સ્વેચ્છાથી—નહિ કે બહારના દબાણથી. પણ હું આ વાત છોડીશ નહિ અને બતાવીશ કે એક માણસનો પ્રાણ અને નિર્ણય ગમેતેવડા વિરોધ સામે પણ માથું ઉચકી શકે છે. હાથ જોડી બેસી રહેવાથી કશું વળવાનું નથી. ચમત્કારમાં હું માનતો નથી. પણ હા, ચમત્કાર આ વખતે બનવાનો છે, કારણકે મારી લડત સત્ય સ્થાપવાની છે.' એ કસોટીને બીજે દિવસે વળી લખે છેઃ 'ફતેહ! વિરોધીઓ અને શત્રુઓ સામે હું એકલડોકલ ખડો હતો; અને માત્ર પંદર જ મિનિટમાં તાળીઓથી ખંડ ગાજી ઉઠ્યો!'

એક વાર જાત્રાએ જતાં શ્રીરંગમના એક મંદિરમાં બોઝ દર્શને ગયા. અન્યને અદીઠ એવા બધા ભાગો એમને બતાવવામાં આવ્યા. બોઝે ઘણું કહ્યું કે 'હું વર્ણની આભડછેટમાં માનનારો નથી અને સમુદ્રપારના દેશોમાં ભમીને આવ્યો છું અને તેથી મંદિરના ગર્ભભાગમાં આવવાને યોગ્ય નથી.' પણ પુજારીએ કહ્યું, 'નહિ નહિ, અંદર આવો; તમે તો સાધુપુરુષ છો.'

એકવાર એ હિમદેવ કેદારનાથની યાત્રાએ ગએલા. યાત્રાળુઓનાં મોંમાં 'જય કેદારનાથકી જય' બોલાતી હતી. સ્ત્રીઓ ને પુરુષો જાતિભેદ વગર એકબીજાને અભિનંદતાં ને ભક્તિભાવના આવેશમાં ધ્યાનમગ્ન હતાં. ત્યારે એક આંધળો ભયંકર ટેકરીની બાજુએ પોતાનો માર્ગ ખોળતો હતો. કોઇએ કહ્યું, 'સુરદાસજી જરા સંભાળજો.' આંધળાએ જવાબ દીધો, 'મારો હાથ ઝાલીને તો એ મને દોરી રહ્યા છે. પછી મારે ભય શો?'

આવાઆવા પ્રસંગોનું સ્મરણ કરીને જગદીશ બાબુ ઘણીવાર બોલી ઉઠે છે કે 'આ સૌ અનુભવોએ મને ભારતી મૈયાના બાળક જેવો બનાવી દીધો છે. બાહ્યાંતર જગતના કરતાં વધુ ઉંડેરી મને એની પ્રેરણા અને એકતા લાગ્યાં કરે છે.'

ફરીદપુરના લોકો શ્રી. બોઝને પોતાના મેળામાં તેડી ગયા. વાતચીતમાં બોઝને જાણ થઇ કે પડોશમાં જ પ્રાર્થના કરતી ખજુરીનું એક ઝાડ છે. સાંજે જ્યારે દેવમંદિરનો ઘંટારવ ગાજે છે અને પ્રાર્થના થાય છે

ત્યારે આ વૃક્ષ સાષ્ટાંગ દંડવત્ નમસ્કાર કરતું હોય તેમ ઢળી પડે છે! સવારે તે પાછું માથું ઉંચુ કરે છે. દરરોજ આમ બને છે! લોકો એને ચમત્કાર માને છે અને ટોળાંબંધ માનતા ઉતારવા આવે છે. આ વૃક્ષ તપાસવા બોઝ ગયા.

પ્રથમ તો આ પૂજ્યપવિત્ર વૃક્ષને રેકોર્ડર અડકાડવા દેવાની રજા લેવામાં વિઘ્ન નડ્યું. રખેને ભ્રષ્ટ સ્પર્શથી વૃક્ષમાંથી ચમત્કાર ચાલ્યો જાય! પરંતુ જ્યારે એમને ખુબખુબ ખાતરી આપી કે યંત્ર બોઝના કારખાનામાં બનાવેલું છે અને તેનો મદદનીશ બ્રહ્મપુત્ર અડકાડશે ત્યારે જ પુરૂં નિરીક્ષણ થઇ શક્યું.

તોફાનને લીધે આ ઝાડ ઉખડીને પાછું જમીનમાં તિરકસ ચોંટી ઉગી નીકળ્યું હશે, અને તેથી એ જમીનથી ૬૦ ડિગ્રીને ખુણે રહે છે. સવારે તે સૂર્યની ઉષ્માને લીધે ઉત્તેજના પામે છે અને ઉભું થાય છે; બપોર પછી મંદશક્તિ રહે છે એટલે નમી જાય છે.

સિસ્ટર નિવેદિતા અને બોઝનો કૌટુમ્બિક સંબંધ પ્રગાઢ હતો. નિવેદિતાનું આદર્શ વ્યક્તિત્વ શ્રી. બોઝની શોધોથી વિશેષ નિર્મળ થયું હતું. બોઝનું રીસર્ચ ઇન્સ્ટિટયુટ એ બાઇનું લાંબા સમયનું સ્વપ્ન હતું. એ સ્વપ્નમાં તેને અપાર શ્રદ્ધા હતી; જોકે એ મહાસિદ્ધિની નિર્માણપળે તેઓ વિદ્યમાન નહોતાં. ઇન્સ્ટિટયુટના પ્રવેશદ્વાર આગળ જ મેમોરિયલ ફુવારા હેઠળ 'મંદિરમાં મશાલ લઇ જતી બાઇ'નું ઉપસાવેલું કોતરચિત્ર કાઢેલું છે તે જ સિસ્ટર નિવેદિતા!

શ્રી. બોઝનો કવિવર રવીન્દ્રનાથ જોડે નિકટનો સંબંધ છે. ઇ. સ. ૧૮૯૬માં જ્યારે જગદીશચંદ્ર વિજ્ઞાનનો દિગ્વિજય કરી યૂરોપથી પાછા આવેલા ત્યારે રવિબાબુ તેમને અભિનંદન દેવા ઘેર ગયા. પરંતુ બોઝ ઘેર નહોતા, તેથી માનબુદ્ધિનું સૂચક મૅગ્નોલિયાનું ફુલ એમના લેખનમેજ ઉપર મુકી ચાલી નીકળ્યા હતા. આ પ્રસંગ પછી સૃષ્ટિ અને જીવન સંબંધે બંનેની દૃષ્ટિ વધુ વિશદ અને સંપૂર્ણ રચાઇ.

એક વખત રવિબાબુએ જગદીશબાબુને પદ્મા નદી ઉપરના પોતાના ગામ શીલેડા આવવા નોતર્યા. બોઝે નિમંત્રણ સ્વીકાર્યું—જો અત્યુત્તમ આતિથ્ય થાય તો, એ શરતે. એટલે કે રવિબાબુ રોજ એક નવી વાર્તા લખે ને પોતાને સાંજના સંભળાવે તો! ટાગોરની કેટલી ય સરસ ટુંકી વાર્તાઓ આમ લખાઇ!

> દરેક યુવક તેમજ યુવતી આજના પ્રશ્નના ઉકેલ માટે નિર્માયાં છે. એ ઉકેલ ત્યારે જ સંભવે કે જ્યારે પ્રત્યેક વ્યક્તિ જીવનના નાનામોટા દરેક પ્રશ્નનો વિવેકપૂર્વક વિચાર કરી, અંતરાત્માના અવાજને અનુસરી તદનુસાર વર્તન કરે; દૃઢતાપૂર્વક સદ્‌વિચાર ને સદાચારમાં ઉતારે. જગતના પ્રમાણપત્ર પર ન જીવે; પોતાના આત્માને સંતોષે.
>
> **કરસનદાસ ચીતલિયા**

રવીન્દ્રનાથ ટાગોરની કીર્તિ યૂરોપમાં હજી ફેલાઇ ન હતી. બોઝને મન એ સાલતું કે પોતાના મિત્રની કાવ્યમહત્તા પશ્ચિમ કેમ ન સમજે. તેથી જ્યારે તે ઇ. સ. ૧૯૦૦માં બીજીવાર ઈંગ્લંડ ગયા ત્યારે તેઓ 'કાબુલીવાલા'નું અંગ્રેજી ભાષાન્તર ભેગું લઇ ગયા. પ્રિન્સ ક્રૅપૉટકિને કહેલું કે પોતે જીવનભરમાં આવી કરુણ કથા વાંચી નહોતી. બોઝે એ વાર્તા 'હાર્પર્સ મૅગેઝિન'માં પ્રગટ થવા મોકલી, પરંતુ તે ન સ્વીકારાઇ! પછી જે વખતે બોઝ છેલ્લીવાર ૧૯૧૫માં અમેરિકા ગયા અને જ્યારે ટાગોરનો કીર્તિકળશ ઝળકતો હતો ત્યારે હાર્પર માસિક પોતાનો એક લેખ પ્રગટ કરતું હતું તેમાં ગઇ વખતનો ટાણો દેવો બોઝ ભુલ્યા નહિ.

નિયમ મુજબ જગદીશચંદ્ર ૧૯૧૩માં પંચાવન વર્ષની વયે રિટાયર થવા જોઇતા હતા; પણ સરકારે તેમના કામની અને વિદ્યાર્થીઓ ઉપરના પ્રભાવની કદર કરી એ મુદતમાં બે વરસનો વધારો કરી આપ્યો, અને પછી ભરપગારનું પેન્શન બાંધી દીધું. વિશેષમાં સર અને સી. એસ. આઇ. ના ખીતાબ આપ્યા. રિટાયર થયા બાદ બે વરસ તો અખંડ શ્રમ લઇ રીસર્ચ ઇન્સ્ટિટયુટની યોજના, પાયો, ચણતર અને બંધારણ રચ્યાં અને અમલમાં મુકયાં. ઇ. સ. ૧૯૧૭ના નવેમ્બરની ૩૦ મીએ શ્રી. જગદીશચંદ્ર બોઝે પોતાની ૫૯મી વરસગાંઠે આ મનોમંદિર ખુલ્લું મુકયું અને ૨૩ વરસ પહેલાં લીધેલું ભીષ્મ વચન પાળ્યું. એના

સમર્પણ વેળા એમણે કહેલું, "આજે હું આ ઇન્સ્ટિટયુટ અર્પણ કરી દઉં છું;—માત્ર પ્રયોગશાળા નહિ, પરંતુ એક દેવમંદિર. . . .

સત્યની શોધ માંડનારે સમજી લેવું કે એ સરળ પંથ નહિ, પણ અવિરત પરિશ્રમ જ છે. તેણે પોતાની જીંદગીનું બલિદાન કરવાનું છે અને લાભાલાભ, જયાજય એ સૌ એકરૂપ ગણવાનું છે. . . .

આ વિશાળ દષ્ટિ વડે આપણે રાષ્ટ્રની પરંપરા પાળશું એટલું જ નહિ, પણ જગતની અનુપમ સેવના કરી શકીશું. જીવનનાં સામાન્ય આંદોલન, 'સત્ય શિવને સુંદર'નો સામાન્ય પ્રેમ આપણને પણ લાધશે.

મારા જાગ્રત જીવનની આસપાસ વર્ષો થયાં આખી સ્વપ્નજાળ ગુંથાઇ રહી છે. એ દષ્ટિ અનંત છે; કેમકે લક્ષ્ય પોતે અનંત છે. . . .

આ લક્ષ્યસિદ્ધિ એકના આયુષ્ય અને દ્રવ્યનો વિષય નહિ પણ અનેકનો છે . . . . અકિંચન હું આવ્યો છું અને આવ્યો એવો જવાનો છું. જો વચગાળે કશી ય સિદ્ધિ મળે તો તે ઇશ્વરી અનુગ્રહ. જે મારી કને છે તે હું દઇ દઇશ; અને સઘળી મુશ્કેલીઓ ને વિપત્તિઓમાં જે મારી સહચરી થઇને રહી છે તેણીએ પણ બધું અર્પી દેવા ધાર્યું છે. મારા તુમુલ યત્નોમાં હું એકલો તો રહ્યો નથી. જ્યારે જગત શંકામાં ઘોરતું હતું તે કવેળાની ઘડીએ કોઇકકોઇક —હાલ તો તેઓ મૌન્યપુરીમાં સમાધિસ્થ બેઠા છે—હતા જેઓની શ્રદ્ધા અટલ હતી. . . .

卐

વેદકાળમાં એક સ્ત્રીને વરદાનમાં પુષ્કળ દ્રવ્ય લેવાનું કહેવામાં આવ્યું. સ્ત્રીએ પુછ્યું, 'એ દ્રવ્ય મને અક્ષરધામ અપાવશે ? જો મૃત્યુથી અમૃતમાં એ ન લઇ જાય તો તેને હું શું કરૂં ?' આ સ્ત્રીના જેવી જ ભારતીના આત્માની ચીસ છે. માયાના બહુ તંતુઓ બળવાન કરવાની નહિ; પરંતુ મહામારીઓમાં થઇને અમૃતત્વ મેળવવાની. ભૂતકાળમાં અનેક પ્રજાઓ જામી અને તેમણે મહાસામ્રાજ્યો જમાવ્યાં. દુન્યવી સત્તાના એ વંશવેલાઓનાં જુથ ઉખડી પડયાં અને તેઓના સ્મારક રૂપે ઉભાં છે આજ અધદટાએલ કકડાકાપલીઓ. પરંતુ આ સ્થૂળના રૂપ પાછળ એક અમર તત્ત્વ વિલસે છે, જે પરિવર્તન અને વિનાશના આભાસથી ચડી જાય છે. તે છે ક્ષણભંગુર વંશપેઢીઓની પરંપરાએ ઝળહળતી વિચારજ્યોતિ. પદાર્થમાં નહિ પણ વિચારમાં જ, જાગીરમિલ્કતમાં નહિ પણ સિદ્ધિઓમાં અને આદર્શોમાં જ માનવજાતનું સાચું સામ્રાજ્ય સ્થાપી શકાશે.

ચક્રવર્તી અશોકરાજની એક વાત છે. સમુદ્રાન્વિત દિગન્તવિસ્તારી સામ્રાજ્યની દરેક વસ્તુનું એ દાન કરી નાખતો હતો. એક સમય એવો આવ્યો કે દાનમાં દેવાને તેની કને કશું ન રહ્યું—સિવાય કે એક અરધું આમળું. આ એની છેલ્લી વસ્તુ હતી. એનો આત્મા પુકારી ઉઠયો કે આ અરધું આમળું એના છેલ્લા દાન તરીકે સ્વીકારાઓ !

અશોકના આ આમલકી ફળનો સંકેત ઇન્સ્ટિટયુટના ખુણાઓ પર મોજુદ છે. અને સૌની ટોચ ઉપર વજ્રનો સંકેત છે. પુણ્યશ્લોક અને પૂજ્ય એ દધીચિ ઋષિ. તેણે પોતાનું જીવન સમર્પણ કરી દીધુ. તેના હાડકાનું દૈવી વજ્ર બને તો દુષ્ટોનો ધ્વંસ અને કલ્યાણનો ઉદ્ધાર થાય છે.

આજ તો આપણે અર્ધ આમલકીફળ જ આપી શકીએ; પરંતુ ભૂતકાળ અતિ ભવ્ય રૂપે પુનઃ અવતરશે. આજ આપણે અહીં ઉભા છીએ, આવતી કાલે કામે મચીશું અને જીવનના અનેક પ્રયત્નો વડે અને અવિચલ શ્રદ્ધા વડે આપણે આવતો બૃહદ્ભારત રચવામાં સહાય દઇશું."

મીઠી અમુંઝણ


૧

ઉર અમુંઝણ મીઠડી થાય,
નવ સમજાય;
અંતર અજવાળું રેડાય,
જીવન પ્રફુલ્લતા ઉઘડાય;
તિમિર જાય.

૨

ઉર અમુંઝણ મીઠડી થાય,
નવ સહેવાય;
એકલ તારકમીટ મંડાય,
ધીરી અમૃતજ્યોત છંટાય;
આનંદ થાય.

બાલકૃષ્ણ



ફોટો
કુંદન : જામનગર

જામનગરનો કોઠો

જામનગરના પરાક્રમી રાજા જામશ્રી રણમલજીના અમલ દરમ્યાન સંવત ૧૮૯૫ (ઇ. સ. ૧૮૪૦)માં મોટો દુકાળ પડેલો. ઉદાર રાજાએ રૈયતને ભુખમરામાંથી બચાવવા અન્નસત્ર માંડયું, જેનો લાભ લેવા અસંખ્ય માણસો ચોમેરથી આવવા લાગ્યાં. એમને કામે લગાડી જામશ્રીએ પોતાના નગરમાં તળાવ પર બે સુંદર ને મજબુત ઇમારતો બંધાવી, તે 'કોઠો' ને 'લાખોટો'. લાખોટો તળાવના મધ્યભાગમાં છે; કોઠો તળાવને કાંઠે છે. :: આ ભવ્ય મકાનની બાંધણી પરથી જણાય છે કે અશાંતિના સમયમાં તેમાં સુરક્ષિત રહીને દુશ્મનોને હફાવી શકાય. અગાઉના વખતમાં જ્યારે ઓખામંડળના વાઘેરો તથા બીજા દુશ્મનો જામનગર પર આક્રમણ કરતા ત્યારે આ ઇમારતો આશીર્વાદ રૂપ થઇ પડતી. કોઠાને સાત માળ છે ને સાતમે માળેથી ઘણે દૂર સુધી નજર પહોંચતી હોવાથી દુશ્મન ચડી આવ્યાના ખબર મળી જતા. સરોવર જળથી ભર્યું હોય ત્યારે લાખોટો સહેલગાહનું મુખ્ય સ્થાન થઈ પડતું. ત્યાં કચેરીઓ, મિજલસ, જલસા તથા કંઇકંઇ રંગરાગ જામતાં. :: કલાની દૃષ્ટિએ પણ આ ઈમારતો પ્રાચીન કારીગરીના ઉત્તમ નમુના છે. એની બાંધણી કેટલી સુઘટિત અને સપ્રમાણ છે! અંદરનાં પ્લાસ્ટર અને બાંધકામ તો જાણે તાજાં જ હોય એટલાં મજબુત છે. અત્યારે તો આ કોઠાનો ઉપયોગ 'હેલિયોગ્રાફી'–પ્રકાશ વડે સંદેશા મોકલવા–ના કામ માટે થાય છે. (ઉમિયાશંકર વ્યાસ)



ઓયાગી

ચિત્રકાર : રવિશંકર રાવળ

ઓ ચા ગી

જાપાની વાર્તા

સાડા ચારસો વર્ષ પહેલાંની આ વાત છે. જાપાનનાં ચીબાં, ઝીણી ઝલકતી આંખોવાળાં,સાહસશૂર નાનાં બાળકોએ સાંજે શગડી પાસે કુંડાળું વળીને દાદાદાદીના મુખેથી ચારચાર સૈકાઓ થયાં સાંભળ્યા કરેલી આ વાત છે.

નો–ટો ગામના રાજાના દરબારમાં તોમો–તાદા નામનો એક જુવાન સામુરાઇ (રજપુત) રહેતો હતો. ઝાડનું પાંદડેપાંદડું પરોવી નાખે એવી એણે ધનુર્વિદ્યા સાધી, શૂરાતનનો ઇતિહાસ અને ગીતકવિતા શીખ્યો અને પોતાની મીઠી રીતભાત વડે એ રાજાનો માનીતો સામંત થઇ પડ્યો.

એક દિવસ ક્યોટોના રાજા ઉપરનો ખાનગી કાગળ આપીને દરબારે તોમો–તાદાને ક્યોટો જવા હુકમ દીધો. તોમો-તાદા ઘોડે ચડીને ચાલી નીકળ્યો.

આકરામાં આકરો શિયાળો ચાલે છે. આખી ધરતી બરફમાં ઢંકાઇ ગઇ છે. ઠંડો પવન કલેજાં ચારતોચારતો સુસવાટા મારે છે. એમાં તોમો–તાદાનો કદાવર ઘોડો પણ હરીને ધીરો પડી જાય છે. અસવારની એડીને ગણકારતો નથી.

અધરાત પહેલાં મુકામે પહોચવાની આશા આ જુવાને છોડી દીધી. એમ કરતાંકરતાં સાંજ પડી; અંધારૂં થતું ગયું; બરફનાં ઝાપટાં વરસવા લાગ્યાં. સામી દિશામાંથી ફૂંકતો પવન ઘોડાને ચાલવા દેતો નથી. પોતાનું વફાદાર વહાલું પ્રાણી થાકી ગયું જાણીને અસવાર આસપાસ નજર નાખે છે. પણ એટલામાં ક્યાંય કોઇ ગામડું દેખાતું નથી. ચારેકોર ઉજ્જડ વગડો જ પથરાયો છે.

એકાએક અસવારને આશા આવી. પાસેની જ એક ધાર ઉપર એણે દીવો ઝબુકતો જોયો. ઘોડાને થાબડીને ધીરેધીરે ધાર ઉપર લીધો. જુએ તો ઝાડનાં ઝુંડ વચ્ચે એક ઝુંપડું છે. ચોમેર ઘોર અરણ્ય ઉભું છે.

તોફાની પવનની સુસવાટી વચ્ચે તોમો–તાદાએ



ઝુંપડાનાં બીડેલાં બારણાં જોરથી ભભડાવ્યાં. ઉઘાડવા આવનાર એક ડોશી હતી. આ ધનુર્ધારી રૂપાળા સામુરાઇને દેખીને ડોશી દયાર્દ્ર સ્વરે બોલી ઉઠી, ‘ અરર માડી! આવે અસુરે ટાણે, આ ફુલ જેવી કાયાને આમ રઝળાવાય? આવો ઘરમાં. ’

ઝુંપડાની પછવાડેના છાપરા નીચે ઘોડાને બાંધીને તોમો–તાદા અંદર ગયો. જુએ છે તો એક શગડી પાસે બેસીને બે જણાં તાપી રહ્યાં છે. એક વૃદ્ધ પુરુષ અને એની જુવાન દીકરી.

‘ આવો બાપુ! આ શગડી પાસે આવો!’ એમ કહીને ડોસાએ મહેમાનને બોલાવ્યો. મહેમાન તાપવા મંડ્યો. થોડી વાર થઇ એટલે પેલી કન્યા ઉઠીને બાજુના એક અંતર્પટની પાછળ લપાઇ ગઇ.

તાપણીને અજવાળે તેજ મારતું એ તરુણીનું મો મુસાફરે જોઇ લીધું હતું. એ વણઓળેલા, વિખરાએલા લાંબા વાળ; ફાટેલતુટેલ જાડો પોશાક: પણ રૂપ તો જાણે કોઇ રાજકુંવરી જેવું. આહાહા! આવી પદ્મણી આ અઘોર વનમાં ક્યાંથી? મુસાફર વિચારે ચડી ગયો.

‘ દરબાર!’ ડોસાએ કહ્યું, ‘ આજની રાત અહીં જ રહી જાઓ. ગામ બહુ આઘું છે. તોફાન પણ જામેલું છે. એટલે મુસાફરી કરવામાં જોખમ છે. અમે તો ગરીબ બેઠુ છીએ. તમારી બીજી પરોણાચાકરી

તો શી કરીએ ? અમારા ઘર જેવું વાળુ અને પથારી-પાગરણ હાજર કરશું.'

મહેમાનને તો ભાવતું હતું ને વૈદે કહ્યું ! એણે હથિયાર ઉતારીને ખીતીએ લટકાવ્યાં. થોડી વારે વાળુ લઇને પેલી કન્યા 'ઓયાગી' આવી. પણ એનો દેખાવ બદલી ગયો છે. ગુંથેલ ચોટલો વાસુકી નાગ જેવો વાંસા ઉપર ઝપાટા ખાય છે; ધોળાંફુલ વસ્ત્રો પહેર્યાં છે; હંસણીના જેવી મલપતી ચાલે ચાલે છે.

આવીને એણે વાળુ પીરસ્યું. મુસાફર કોળિયા લે છે; પણ ખાઇ શકતો નથી. કન્યાની સામે જુએ છે, ત્યાં એના ગાલ ઉપર શરમના શેરડા પડે છે. એણે કન્યા સાથે વાતો આદરી. ઓહોહો ! જેવી એની કાન્તિ તેવી જ મીઠી એની વાણી. થોડી વારમાં તો બે ય જણાંને જાણે સાતસાત જન્મારાની માયા બંધાઇ ગઇ.

'તમારી દીકરીના હાથનું હું માગું નાખું છું: દાદા ! મારી બેઅદબી માફ કરજો.' એમ તોમો-તાદાએ તે ને તે રાતે માગણી મુકી. પોતાના ગામનું નામઠામ દીધું. પોતાની નોકરીચાકરીની વાત કરી.

આટલું સાંભળતાં તો એ ડોસા અને ડોશીના હરખનો પાર ન રહ્યો. ઉભરાતે હૈયે એ બોલ્યાં કે 'દીકરા ! તારો પાડ અમે કોઇ દિવસ નહિ ભુલીએ. અમ ગરીબ ગામડિયાંની અણઘડ દીકરીનો તેં હાથ ઝાલ્યો, અને અમારે માથેથી ડુંગર જેટલો ભાર ઓછો કરી નાખ્યો. ભલે બેટા ! આજથી એ તને ભળે છે. અમ ગરીબની પાસે દીકરીને પહેરામણીમાં દેવાનું કાંઇ નથી. અમારૂં જે કાંઇ ધન, તે આ અમારી ઓયાગી: અમારી આંધળાંની આંખો, રાંકનું રતન, —બધું ય આજ તને સોંપીએ છીએ.'

હથેવાળો મેળવીને અધરાતે બે ય જણાંને દીવાની સાક્ષીએ પરણાવ્યાં. પરોઢિયું થયું એટલે પોતાની વહુરાણીને બેલાડ્યે (પોતાની પીઠ પાછળ) બેસાડીને મુસાફરે ઘોડો હાંકી મુક્યો.

રસ્તામાં એને માઠા વિચારો આવવા મંડ્યા. મેં મોટી ભુલ કરી નાખી ! રાજાની રજા વગર સામુરાઇથી લગ્ન કરાય નહિ, એ ધારો મેં લોપી નાખ્યો. હવે ક્યોટોના દરબારમાં મારી આ પરણેતરની જાણ થઇ જાશે તો ? આ પદ્મણીના રૂપમાં ક્યોટોનો કામી રાજા પોતે મોહી પડશે તો ?

'વહાલી ઓયાગી ! તમને મારે ગુપ્ત જગ્યાએ રાખવાં પડશે. કાળા માથાના માનવીની નજરે તમે પડશો મા, હો ! નીકર આપણી જોડલી પંડાઇ જશે. રાજમહેલના રાણીવાસમાં તમને પુરી દેશે.'

આવી 'સમજણ' આપીને એણે ઓયાગીને ક્યોટો નગરના એક ગુપ્ત મકાનમાં રાખી. પોતે દરબારમાં ઉતારો કર્યો. રાજાનું કામ પતવાની વાર લાગી: દિવસો વીતવા લાગ્યા. પીંજરામાં પુરેલી પંખણી જેવી પોતાની ઓયાગીને પોતે મળવા પણ જઈ શકતો નથી. ચાર આંખો ભેગી થાય અને કદાચ કોઇ એ ભેદ પકડી પાડે તો ? એમ સમજી એ અળગો ને અળગો જ રહે છે.

પણ ક્યોટોનો રાજા તો મહા લંપટ હતો. એના જાસુસો તો રૂપાળી સ્ત્રીઓનાં હરણ કરવા માટે શેરીએ શેરીએ ઘુમતા હતા. એની જાળમાં ઓયાગી એક દિવસ ઝલાઈ ગઇ. તોમો-તાદા અને ઓયાગીના ગુપ્ત સંબંધની જાણ થઇ ગઇ. રૂપના લોભી જુવાન રાજાએ હુકમ છોડ્યો કે 'એ સુંદરીને એકદમ રાજમહેલમાં ઉપાડી લાવો.'

વનરાવનનું પંખી પલકમાં તો રાજમહેલને પીંજરે પડી ગયું. એ ખાતી નથી, પીતી નથી; આખી રાત ઝંપતી નથી; ડળકડળક આંસુડાં પાડીને રોયા કરે છે.

'તને મારી પટરાણી કરૂં. મારૂં આખું રાજપાટ સોંપી દઉં. તું ખવરાવે તો ખાઉં, ને તું પીવરાવે તો પીઉં. કોઇ રીતે માની જા ! આ શોભા જો ! મારી સાત કોટડી માયા જો ! મારી સાહ્યબી જો !'

એમ રાજા ઓયાગીને ફોસલાવે છે. પણ સતી ઓયાગી પીગળતી નથી. એ તો 'તોમા-તાદા ! ઓ તોમા-તાદા ! ઓ વ્હાલા તોમા-તાદા !' એમ ઝંખે છે. થોડા પાણીમાં માછલું તરફડતું હોય એમ તલસે છે.

નીસાસો મેલીને રાજા ચાલ્યો ગયો.

તોમા-તાદાને પણ પોતાની પ્રિયાના હરણની ખબર પડી. એનું અંતર વીંધાઇ ગયું. પણ એ આ અજાણ્યા દેશમાં કોને કહે ? એની સત્તા શી ? અને એણે તો રજપુતના કુળધર્મને જ ઉથાપ્યો હતો ! એ અપરાધ માટે ઉલટી એની ફજેતી થાય !

'પણ મારી ઓયાગી મને છોડીને કેમ ગઈ ! મારા ઉપરથી એનું વ્હાલ શું ઉતરી ગયું હશે ? હું એને કાગળ લખું. અમે બે ય જણ જંગલમાં ભાગી

નીકળીએ.'

એમ વિચારીને એણે કાગળ લખ્યો. કાગળમાં શું હતું? કવિતા હતી:

મારી માન સરોવરની હંસી
ઉડી જા રે ઉડી જા,
તારે માથે મંડાણો છે બાજ
હંસાની સાથે હાલી જા.
તારાં પીછાં આંસુડે ભીંજાણાં
પાપીને ફંદે કાં પડી!
હંસો તલખે સરોવર તીર
ખોવાણી એની આંખડી.

કોઇ દરબારીની સાથે એણે કાગળ મહેલમાં મોકલાવ્યો.

સાંજ પડી ને રાજાએ તોમા-તાદાને પોતાની હજુરમાં બોલાવ્યો. તોમા-તાદાના રામ રમી ગયા. એને લાગ્યું કે નક્કી મારો કાગળ પકડાઇ ગયો છે. હવે રાજા મારો વધ જ કરી નાખશે. પણ તો યે શું? મારી ઓયાગી વિના જીવવામાં શો રસ છે? હું મરીશ—પણ દુષ્ટ રાજાનું માથું કાપીને જ મરીશ.

એમ વિચારી, કમ્મરે તલવાર લટકાવી એ ધબ ધબ ડગલાં ભરતો કચેરીમાં ચાલ્યો. જઇને જુએ ત્યાં તો સિંહાસન પર રાજા બેઠો છે. એને વીંટળાઇને સૌ સામંતો-પટાવતો વિવાહ વખતના શણગાર સજીને બેઠા છે. બધા પથ્થરનાં પુતળાં જેવાં ચુપચાપ બેઠાં છે. જાણે ગાજવીજ થતાં પહેલાંનું અબોલ આકાશ હોય નહિ!

તલવારની મુઠે હાથ રાખીને તોમા-તાદા સિંહાસન પાસે રાજાને નમવા ચાલ્યો. ત્યાં તો સિંહાસન પરથી છલંગ મારીને રાજાએ એ જવાનનો હાથ ઝાલી લીધો, મોં મલકાવવા મંડયા, અને ગાવા મંડયા કે

મારી માન સરોવરની હંસી
ઉડી જા રે ઉડી જા,
તારે માથે મંડાણો છે બાજ
હંસાની સાથે હાલી જા.

હું કોણ ?

તારલીઓની રાસઘટામાંથી મને આનંદ મળે છે; સૂર્યમંડળના ગ્રહોપગ્રહોની કુદરડીઓમાંથી મને અનુભવ આવે છે; ભગવાન દીવાકરનાં દર્શન મને ઉત્સુક-ગંભીર કરે છે; રાત્રિ મને શાન્તિ શીખવે છે. તો કહો, હું કોણ હોઈશ ?

કુદરત મારાં જયગાન ગાય છે; વાદળ મારે દ્વાર અખંડ જયનોબત બજાવે છે. બોલો બોલો, મારા નાના વાંચનાર ! હું કોણ ? . . . . **કવિ** (બાલકૃષ્ણ)

જુવાનની આંખો તો ધરતીમાં જ ચોંટી રહી છે. જાણે હમણાં પોતાનો વધ કરવાનો હુકમ છુટશે! હમણાં જાણે તલવાર ચલાવીને રાજાનું ડોકું ધડથી જુદું કરી નાખું! એમ વિચારીને ઉંચે નજર કરે ત્યાં તો! . . . . આહા! રાજાની આંખોમાં આંસુ! અને રાજાનો હાથ એના ખભા ઉપર!

'ઓ જુવાન!' રાજા બોલ્યો, 'આજ તારો રાજા તો દૂર છે. પણ એને સાટે હું જ તમારાં બંનેનાં લગ્ન ઉજવવાની જવાબદારી લઉં છું. મહેમાનો હાજર છે, પહેરામણી પણ તૈયાર છે. મારી દીકરી ઓયાગી પણ ઉભી છે!'

એક ઇશારત થતાં જ પડખેનો પડદો ખેંચાઇ ગયો. અને . . . ત્યાં કોણ ઉભું છે? પાનેતર પહેરીને ઓયાગી ઉભી છે. એની આંખો હસે છે.

રાજાએ ઓયાગીનો બાપ બનીને કન્યાદાન દીધું. પહેરામણીનો પાર ન રાખ્યો. વરકન્યાને વાજતેગાજતે વળાવ્યાં.

પાંચ વરસ વીત્યાં છે. તોમો-તાદા અને ઓયાગીનાં અંતરમાં સુખ સમાતાં નથી. ગઇ કાલ રાતે જ પરણ્યાં હોય એવી પ્રીતિ બંને જણાં વચ્ચે લાગી ગઇ છે.

એક દિવસ સવારનો વખત છે. ઓયાગી પોતાના સ્વામીની સાથે વાતો કરે છે. ત્યાં તો અચાનક ઓયાગીએ 'ઓ. . . .' એવી કાળી ચીસ નાખી. એના ચહેરામાંથી લોહી ઉડી ગયું. એ થંભી ગઇ. તોમા-તાદાએ એને ઝાલી લીધી. પંપાળીને પુછવા લાગ્યો કે 'શું છે? શું થાય છે તને, મારી ઓયાગી!'

થોડી વાર થઇ. ઓયાગી ઝીણે અવાજે બોલી, 'મારા વ્હાલા, પૂર્વ જન્મની લેણાદેવીએ આપણે ભેગાં થયાં હતાં. હજુ લેણું હશે તો આવતે જન્મે મળશું. પણ આજ તો આપણી દોરી તુટી જશે . . . . ઓ—ઓ! હું જાઉં છું. વ્હાલા! પ્રાર્થના સંભળાવો, જલ્દી! જલ્દી! ઓ—ઓ—ઓ!'

'અરે અરે, ઓયાગી! તને શું થાય છે? આવડું બધું શું દુઃખ! શાંત થા. હમણાં મટી જશે.'

'ના! વહાલા, ના! હું મરૂં છું. હું જાણું છું. અને હવે તમારી પાસે વાત છુપાવું શીદને! લો કહી દઉં. ઓ સ્વામી! હું માનવી નથી. હું ઝાડ છું! મારો જીવ તે વૃક્ષનો જીવ છે. અને અત્યારે કોઇ પાપી માનવી મારા એ વૃક્ષને કાપી રહ્યું છે. અને હવે હું છેક કપાઇ ગઇ. હું રડી નહિ શકું. ઓ! જલ્દી બોલો. પ્રાર્થના—જલ્દી!—ઓ . . . .'

એક ચીસ! અને બીજી ચીસે તો એણે પોતાનું સુંદર માથું બીજી બાજુ ફેરવી લીધું; એણે પોતાનું મોં ઢાંકી દીધું. તરત જ એનો દેહ જાણે તુટી પડયો. એ ઢળી . . . ઢળી . . . છેક જમીન પર ઢળી પડી. તોમા-તાદા એને ઝાલવા ગયો. પણ કોને ઝાલે? ત્યાં કોઇ નહોતું. ભોંયની જાજમ ઉપર પોતાની પ્રિયાનાં માત્ર વસ્ત્રો ને આભરણો પડયાં હતાં. શરીર અલોપ!

'ઓયાગી! ઓયાગી! ઓયાગી!'

એવી ત્રણ ચીસો તોમા-તાદાના મોંમાંથી નીકળી ગઇ. ઓરડાની ભીંતો જાણે એને ખાવા ધાય છે.

ૐ

પચીસ વર્ષના જુવાન તોમા-તાદાએ પોતાને માથે મુંડન કરાવ્યું અને દીક્ષા લઇ સાધુ બન્યો. જાપાનના પ્રાંતેપ્રાંતમાં એ રૂપરૂપનો અંબાર યોગી ઘુમવા લાગ્યો. તીર્થેતીર્થે જઇજઇને એણે ઓયાગીના આત્માની શાંતિ માટે પ્રાર્થનાઓ કરી. એમ કરતાં કરતાં એક દિવસ એણે પોતાના સસરાને ઘેર ડોકાઇ આવવાનું મન કર્યું. તે દિવસની નિર્જન ધાર પાસે આવ્યો. ઉપર જઇને જુએ તો ઝુપડું કેવું ને વાત કેવી! ઝુપડાનું ખંડેર પણ ન મળે! અરે, એની કશી એંધાણી યે ન દેખી. અને શું જોયું? ત્રણ ઝાડઃ બે ઘરડાં ને એક નાનું: નાનું ઝાડ કેટલાએક દિવસનું કપાએલું!

ઓયાગીનાં છેલ્લાં વેણ એને સાંભરી આવ્યાં: 'હું વૃક્ષ છું!'

આખી વાત એને સમજાઇ ગઇ. તોફાનની રાતનાં એ ડોસાડોશી અને એની દીકરી ઓયાગી તે માનવી નહોતાં, પણ ત્રણ વૃક્ષોના જીવાત્માઓ હતા.

એ ત્રણે વૃક્ષોનાં થડ પાસે આ જુવાન સાધુએ એક દેરી ચણી. દેરી ઉપર શાસ્ત્રનાં સૂત્રો લખ્યાં અને કેટલી યે પ્રાર્થનાઓ કરી. (અંગ્રેજી ઉપરથી)



પુત્ર—બાપુ, મારી બા બધાં કામ મારી મરજી વિરુદ્ધ જ કરે છે.

બાપ—કેમ એમ?

પુત્ર—રાતે જ્યારે મારે વાર્તા સાંભળવી હોય છે ત્યારે મને ઉંઘાડી દે છે, અને સવારે મારે ઉંઘવું હોય છે ત્યારે ઉઠાડે છે.

*

ન્યાયાધીશ—(ખુનીને) તેં ખુન કર્યું છે એમ સાબીત થયું છે એટલે બીજાનું મોત નીપજાવવાના ગુનાહ માટે તને ફાંસી દેવામાં આવશે.

ખુની—અને આપ મારૂં મોત નીપજાવશો તેનું શું?

*

શિક્ષક—કર્તા કોને કહેવાય?

(છોકરો ન આવડવાથી મુંગો હસો રહે છે.)

શિક્ષક—લેસન નથી વાંચ્યું કે? વ્યાકરણ જોઇને બોલ.

છોકરો—(ધ્રુજતોધ્રુજતો) કમળાશંકર પ્રાણશંકર ત્રિવેદી.

છોકરાએ વ્યાકરણના કર્તાનું નામ વાંચ્યું!

*

મા—આવું પાણી જેવું દુધ લાવ્યો તે હવે કોણ પીશે?

છોકરો—(દુધનું વાસણ હાથમાં લઇને) ન કેમ પીવાય? એમ કહીને બધું ઘટઘટાવી ગયો!

*

માસ્તર—(એક વિદ્યાર્થીની સામે સોટી ધરી) આ સોટીને છેડે એક મુરખ બેઠો છે.

વિદ્યાર્થી—કયે છેડે, સાહેબ?

*

શંકર—વિષ્ણુભાઇ તમારા ભાષણમાં આવવું મને બહુ ગમે!

વિષ્ણુભાઇ—(આનંદથી) એમ કે? પણ મારા જ ભાષણમાં આવવાનું તમને કેમ ગમે છે?

શંકર—કારણકે કોઇ પણ દિવસ ગીરદીનો ત્રાસ જ નહિ!

*

ડોશી—(પોસ્ટ ઑફિસે જઇને) માસ્તર સા'બ, ટીકીટ આપોને?

માસ્તર—લાવો પૈસા, કેટલાની લેવી છે?

ડોશી—લ્યો આ ચાર પૈસા. અમદાવાદની આપો. આ કવર અમદાવાદ મોકલવું છે.

*

નિરંજન-અરે અરવિંદ, તારો નાનો ભાઈ આટલો બધો રડે છે કેમ?

અરવિંદ-કારણકે એને આપણી જેમ રજા નથી પડતી.

નિરંજન-એમ કેમ?

અરવિંદ-હજી એ નીશાળે જ જતો નથી ને.

શેરી બહાર



એક ઉપર એક એમ માથે સાત બેડાં મુકી માથે દીવા રાખીને જમીન પરની સોપારી લઇ લેવાની રમતમાં ચાતુરી અને કલા હતાં એમાં શક નથી.

ગામને પાદર નદી હોય એ એક પ્રભુકૃપા છે. અમારી નદીનું નામ ઉતાવળી. ઉતાવળી તે ઉતાવળી જ. કાઠિયાવાડની નદીઓ ઉપર ઇતિહાસના ગ્રંથો લખેલા છે. કવિઓની એ સુંદર પ્રેરણા થઇ છે:

કાળુભારનાં કાળાં પાણી,
ઘેલાંનાં ગળમાણાં;
ઉતાવળીનાં આણાં આવ્યાં,
ફલકુબાઇ ફુલાણાં !

દરેડીઓ ઉભરાઇ જાય, કાળુભા બે કાંઠે થાય, ત્યારે ઉતાવળીમાં ઉભા વાળ આવે અને ફલ્ગુમાં પાણી ભરાય.

પહેલાં તરતાં ન આવડતું, પણ નહાવાનો શૉખ ખરો. દુશ્મનો ત્યાં આવીને નડતા. કેડ સમાં પાણીમાં નહાતા હોઇએ, ત્યાં સબમરિનની જેમ દુશ્મનો ટાંટિયો ઝાલીને ખેંચે. અમારો દુશ્મન–મિત્ર ગરગોટ પ્રખ્યાત તરનારો. સવારથી સાંજ સુધી તરતાં થાકે જ નહિ. મોઢું સુદ્ધાં પાણીમાં રહે! ઉપર ફક્ત એક ચોટલી ઉંદરડીની જેમ તરે. સબમરિન આવી એટલે અમારા બાર વાગ્યા! 'વૉય વૉય' કરીને ભાગીએ. પણ દરિયામાં રહેવું ને મગરમચ્છ સાથે વેર, એટલે હુશિયારીથી એમની પાસેથી જ વિદ્યા શીખી લીધી.

પછી તો જળયુદ્ધ ચાલે. ટાંટિયાની ખેંચમખેંચા. એક જણ માથું થોબીને બીજાને પાણીમાં નાખે, તે જાય ઉંડો.

નદીમાં કોઇવાર રમતે ચડી જઇએ. મોટો ખાડો કરી કુવો બનાવીએ. કાંઠે મંડાણ કરીએ. પછી ધોરિયા, ક્યારા અને ખેતરો બનાવીએ. એમ કરતાં બાર ઉપર બે વાગે, અને ખાવાનું સૌ ભુલે. છેવટે તડકામાં લાલચોળ મોઢે ઘેર જઇએ, અને ઠપકો ખાઇને રોટલા ખાઇએ. કોઇવાર નદીમાંથી પાસેનાં ખેતરોમાં ચડી જઇએ. પછી દલા તરવાડીની જેમ વાડીને જ પુછીએ ને સાંઠા અને બાજરાનાં ડુંડાંમાંથી બાજરો ખાઇએ. એક વાર વશરામ ભુવા જેવા ભુવા મળી ગએલા! બધા દિ'નો બદલો વાળી લીધો. તોપણ અમે કાંઇ સુધરતા નહિ. વાડીને પુછીને દલા તરવાડીનું કામ કર્યા જ કરીએ.

કપડાં ધોવાનું તો સૌ કરતા હશે, પણ અમે તો ખરેખર ધોતા. ધોતા એટલે ધોતા જ! પથરા ઉપર પછાડીને દમ કાઢતા. સુકવીએ, ધોબીની જેમ પાણી છાંટીએ, અને ફરી ધોઇએ. પછી ખડખડતાં કરીને સંકેલી લઇએ. મનમાં મલકાઇએ કે ધોબી કરતા પણ સરસ ધોયાં!

વળાની જાળો એટલે જેવીતેવી નહિ. એણે વલ્લભીનાં રાજ જોએલાં. એણે કાકુની રત્નજડિત કાંશકી પણ જોઇ હશે. જાળોમાં ઇતિહાસપ્રસિદ્ધ વલ્લભીની વાતો સાંભરે. અહીંજ ધુંધણીમલ્લ બાવો આવેલો; અહીં જ ભિક્ષા માગેલી; અહીં જ તેના શાપથી દટંતર થએલું; એવુંએવું વિચારીએ. એકાદ જુની ઈંટ દેખાય એટલે અમારી નજરે વલ્લભી તરે! ખોદાણકામમાંથી એક કુંડ નીકળેલો. અમે રોજ એ જોવા જતા. એક ત્રણ હાથનું નળિયું જોવામાં આવેલું,

તે ઉપરથી જુના કુંભાર કેવા હશે તેના વિચાર ચલાવતા.

ઉતાવળીમાં બે કાંઠામાં પૂર આવે ત્યારે વરસતે વરસાદે જઇએ. પુલ ઉપર ઉભા રહીને, તણાઇ આવતા ઝાળાંઝાંખરાં, તો કોઇવાર પાણીમાંથી બહાર નીકળતાં ઢોર, તો કોઇવાર આમતેમ હાવલાં મારતા સરપ જોતા. કાંઠે જઇને પૂરનું પાણી કેમ ચડે છે તેનું નીશાન કરીએ. પાણી ચડે છે કે ઉતરે છે તે રેતીમાં લીટી કરીને જોઇએ. એમ કરતાં એકાદ પાણીનો ગળકો આવે, અને ગોઠણ સુધી પગ ડુબે, અને અમે દોડીને રેતીમાં ચાલ્યા જઇએ. આવતા પૂરમાં એકાદ દૂરનો ટેકરો કેવી રીતે ધીમેધીમે ડુબી જાય છે તે એકીટશે જોયા કરીએ. પુલ નીચે પાણીમાં ઘુમરીઓ પડે તે ચક્કર આવે ત્યાં સુધી જોઇએ. ડાહ્યલો અને ગરગોટ આવતા પૂરે પુલ ઉપરથી ખાબકે તે જોઇને ચકિત થઇએ. કોઇ વાર વરસાદ પછી ગામ બહાર ફરીએ. વહી જતી પાણીની નીકોને 'નદી'થી સંબોધીએ. ક્યાંક ભૂશિર, ક્યાંક સામુદ્રધુની, ક્યાંક ટાપુ, ક્યાંક મહાસાગર તો ક્યાંક ઉપસાગર ઠરાવીએ.

નવરાતરમાં કોળીવાડામાં ભવાઇ ચાલે. દાદાની બીકે છાનામાના બહાનું કાઢી ભવાઇ જોવા પહોંચી જઇએ. એ ડાંગલો, એ બીબી ને એ કાનગોપીની શી વાત ! બધું કલારહિત, સંગીતરહિત. પણ તે વખતે તો ઉજાગરો કરતા ને જોવામાં ભારે મઝા લેતા. એકેએક વસ્તુ નવી. તે જાણવી તો જોઇએ. ધક્કામુક્કી અને ગાળો ખાઇને પણ જોવા તો બેસતા જ. કેળવણીનું શાસ્ત્ર ન ભણ્યા હોત તો એમ કહેત કે એમાં શું જોવાનું હતું. મોઢે ભુંસેલી ખડી ચોખ્ખેચોખ્ખી દેખાતી હોય, મુછો પડાવીને ભાયડામાંથી બાયડી થઇ હોય એ દેખાઇ આવતું હોય, તો ય એ જોતાં કેમ રસ આવતો હશે ? પણ વાત એમ છે કે વેશ કાઢનારા મોટા છતાં જેવા બાળક મનના હતા તેવા જ અમે હતા. વખાણવા જેવી ભવાઇ ભાગ્યે જ જોવામાં આવી હશે. છતાં કેરબાના વેશમાં જીભથી મોતી ભરવાનો કિસ્સો, એક ઉપર એક એમ માથે સાત બેડાં મુકીને માથે દીવો રાખીને જમીન ઉપરની સોપારી લઇ લેવાની રમત વગેરેમાં ચાતુરી અને કલા હતાં એમાં શક નથી. બાકી નવરાતરમાં ગવાતી ગરબીઓ જોવા માટે તો આખું ગામ પગ તળે કાઢીએ એ જુદું.

અમારા ગામના તાબુત સરસ થતા. એમાં ય પરદેશી મુસલમાન પોલીસોનો તાબુત વખણાતો. તાબુતની મોઢા આગળ એક સાથે ૫૦–૧૦૦ ઉઘાડી તલવારો ઉછળતી. જોવાનો આનંદ લીધેલો; પણ તે મેડીએ ચડીને. તાબુત પછીના દિવસોમાં અમે વાઘદીપડા થતા, અને ડીલે ચટાપટા કરી ઘણા દિવસ સુધી 'ધાવસેન' લેતા. તાબુતમાં ઢેઢભંગીને અડી જવાય તે માટે કોઇ વઢતું નહિ. મને તો એ બાબતનો નાનપણથી વહેમ નહિ. ઢેઢને અડી જઇએ તો સાવબોળ નહાવું જોઇએ, અને વધારામાં માર પણ ખાવો જોઇએ. તેથી ભુલથી કે બેદરકારીથી અડતો, છતાં છુપાવી રાખતો; પણ મારા મનમાં પાપ લાગતું નહિ. એકવાર મેં ઢેઢને કાંકરો માર્યો, એટલે દાદાએ કહ્યું, 'નાહી લે.' મેં દલીલ કરી, 'કાંકરો ફેંક્યો એમાં અડ્યો ક્યાં કહેવાઉં ?' પણ તે કહે, 'તારા ઉપરથી એની ઉપર ઘા પડ્યો ને ?' મને એમનો એ વિચાર ઘણો વિચિત્ર લાગ્યો. આવા કારણે ભંગીની અસ્પૃશ્યતાની બાબતમાં મારી નાસ્તિકતા વધતી જતી હતી. એક વાર એક ઢેઢને હનુમાન પાસે અડાડવા લઇ ગએલો તેથી હનુમાન સાંભરે છે. હનુમાન ઉપર ચડેલું તેલ કુતરાં ચાટતા તેથી મારા મનમાં પ્રશ્ન થતો કે બજરંગ બાવા આવા તે કેવા કે કુતરાને કાંઇ કરતા નથી !

દીવાળીના દીવસોમાં દરબારમાં દારૂખાનું ફુટે. નવા ઠાકોર દારૂખાનાના ભારે શૉખીન હતા. કંઇકંઇ જાતનું દારૂખાનું ફોડાવતા. એને લગતી એક વાત યાદ આવે છે. અમે બધા દારૂખાનું જોવા બેઠા હતા, એટલામાં એક પગી 'પાછા હઠો, પાછા હઠો' કહેતોકહેતો પોતાનો કોરડો ફેરવતોફેરવતો નીકળ્યો. મને પણ કહેવા લાગ્યો. હું જાણે, મારામાં કંઈ અધિકાર છે એમ સમજી તેની સામે જોઇ રહ્યો. એટલે તે કહે, 'ટેડાય છે શું, ટેડાય છે ?' મારા બાપા વકીલ, એટલે બીજે દિવસે મેં ખુબ ઠપકો ખવડાવ્યો !

વળી ઠાકોરની કચેરી કદિ ન ભુલાય. સુંદર રસિક ગોઠવણનો નમુનો. ભાતભાતનાં ને સુંદર કિંમતી ચિત્રોનું આકર્ષક પ્રદર્શન. બાપા સાથે કચેરીમાં જવાનો મને શૉખ હતો. દરબારી દમામને લીધે થતી શાંતિ મને બહુ

ગમે. બરાબર બાર વાગ્યે દરબારી ગવૈયા 'જુઆનપુરી' છેડતા એની છાપ હજી મારા મન પર તાજી છે; કચેરી બીજા બધા પ્રસંગ કરતાં એ પ્રસંગ માટે યાદ રહેશે. ઉઠતી વખતે સભાજનોને પાન સાથે સોપારીનો ભુકો મળતો. આ ભુકો સંચાથી કરેલો, એટલે બારીક લોટ જેવો. ખાવાના કામમાં એ ન લેવાય. પણ ભાઇસાહેબને ખબર નહિ, એટલે માર્યો ફાકડો! પછી તો ગળામાં એવો ડચુરો બાઝ્યો કે બસ!

દાદા સાથે દક્ષિણા લેવા પણ જતા. કોઇ વાર સોળ વચ્ચે રૂપિયો મળે, તો કોઇવાર ત્રણ વચ્ચે પૈસો મળે! દાનિયો ઢોલ વાગે એટલે બ્રાહ્મણ બધા દાન લેવા ઉપડે. દાન આપનાર કણબી બ્રાહ્મણોને વંડામાં પુરે. બેત્રણ કલાકના આરામ પછી એક નાની બારીમાંથી બહાર કાઢે. વખતે ફદિયું મળે, તો વખતે અરધો પૈસો મળે. કોઇવાર છ વચ્ચે પૈસો મળે! ત્યારે ભારે ગમ્મત થતી. ત્યારે પૈસાના દાળિયા લઇ વહેંચી લેવા રહ્યા. આવી દક્ષિણા માટે પણ કોઇ-કોઈવાર માણસો બે વાર હાથ લંબાવે, અથવા તો વંડી ઠેકીને વંડામાં ફરીવાર પડે. એક પાઇ કે દોઢ પાઈ માટે ભૂદેવો પોતાનાં બાયડીછોકરાંને ત્રણત્રણ કલાક સુધી ઐચ્છિક જેલમાં પુરતા! મને બહુ કંટાળો આવતો. ધીમેધીમે હું આવા કર્તવ્યમાંથી નાસી છુટેલો, છતાં આ દખણા–પ્રસંગોનું અરધું સ્મરણ તો છે જ. લફલફિયા ચોરણાવાળા કણબીઓ આમતેમ ઘુમતા હોય ને હજામો મશાલોમાં વારેવારે તેલ પુરતા હોય; ઉછળતી જાનમાં કણબણો બળવાન ગળામાંથી ચોખ્ખાં પ્રાણવાન ગીતો ગાતી હોય ને વચ્ચે મોઢે હાથ મુકી સાસરે જતી વહુ રોતી હોય; એ બધું જોવામાં મને લાખ રૂપિયા મળ્યા માનતો.

ચોમાસું સારૂં થયું હોય તો બ્રાહ્મણભાઇનું લાડવામાં જ જાય. કોઈવાર ગામના જજમાન કૃપા કરતા. ચોંડા કાકાની મહેરબાની ઠીક હતી. એનાં ગધેડાં ને ખોલકાં અને ચાકડો ને નીંભાડો ને વાન્યું! અમે ત્યાં જમવા જતા ત્યારે એ બધું જોવા મળતું. બીચારા ચોંડા કાકા બહુ ભાવ રાખતા. અમારા દાદા મરી ગયા, ને તે પણ મરી ગયા, ને અમે પણ મરશું, પણ એ ચોંડા કાકાનાં ગધેડાં ને લાડવા ક્યાં થવા છે?'

ગિજુભાઇ

:આ લેખમાળાનો આગળનો હપતો 'ગામબહાર' આવતે મહીને:

નિરીક્ષણશક્તિ




[સ્કાઉટિંગ]

જંગલમાં તેમજ શહેરમાં–ગમે ત્યાં ફરતા હોઇએ ત્યારે બારીકીથી જોવાની ટેવ તો દરેક સ્કાઉટે પાડવી જોઇએ. નાનપણથી જ જો આ ટેવ પાડવામાં આવી હોય તો મોટી ઉમર થતાં તે એટલી તો સહજ થઇ જાય છે કે જ્યાં બીજાં માણસો કાંઇ ન જોઇ શકે ત્યાં આ નિરીક્ષણશક્તિવાળા સ્કાઉટો ઘણુંઘણું જુએ છે. પગલાં અને ચાવેલાં પાંદડાં તથા ઢોળાએલા મધ અને વેરાએલા ઘઉં ઉપરથી પેલા દરવેશે ખોવાએલા ઉંટની બધી હકીકત આપી હતી એ વાત તો આપણ સૌને સારીરીતે ખ્યાલમાં છે. તેવી જ રીતે ઝીણી જેવી લાગતી ચીજ પરથી મોટા ઇતિહાસ નીકળી પડે છે અને નિર્દોષ જેવા દેખાતા રસ્તા પર પડેલ પગલાં ખુનની વાતો ખુલ્લી પાડે છે.

બારીકીથી નિરીક્ષણ કરતાં શીખવા માટે એકાદ બે રસ્તા કીમિયા જેવા છે. એક તો 'કિમ્સ ગેમ' અને બીજું 'ટ્રૅકિંગ.'

કિમ્સ ગેમ :—એક ખુમચામાં કડી, પેન્સિલ, ટાંકણી, સોય, બટન, એવીએવી વીસેક નાનીનાની ચીજો ગોઠવવી. પછી તેના પર રૂમાલ ઢાંકવો. નાની ઉમરના કુમારોને ખુમચા ફરતા બેસાડી રૂમાલ એક જ મિનિટ ઉંચો કરવો અને તેમને તે ચીજો જોઇ લેવા કહેવું. ત્યાર બાદ રૂમાલ ફરી ઢાંકી દેવો અને જોએલી ચીજો યાદ કરી લખી લાવવા કહેવું. આમ કરવાથી તેમની નિરીક્ષણશક્તિ તેમજ યાદદાસ્ત ખીલશે અને આગળઉપર એકાદ વાર જોએલી ચીજો પણ ભુલ્યા વિના તે બરાબર વર્ણવી શકશે.

બીજું ટ્રૅકિંગ અથવા પગીરૂં:—આની અંદર રસ્તા



દોડે છે ત્યારે પાની બહુ જ ઝાખી પડે છે અને આગલાં આંગળાં જમીન પર ઉંડાં નીશાન કરે છે. તે જ પ્રમાણે પશુઓનું પણ.

આપણા દેશમાં વાઘરીઓ અને ચુંવાળિયા કોળીઓ એવા તો સારા પગી હોય છે કે જ્યાં આપણે કાંઇ જોઇ ન શકીએ ત્યાં તેઓ ચોરનાં પગલાં, દોરની ખરીઓ અને

પર પડેલી નાનીનાની નીશાનીઓ પણ બરાબર જોતાં શીખવાની યુક્તિ છે. જંગલની અંદર થોડેથોડે અંતરે રસ્તા પર લીટા, પથરા, ઝાડપર અથવા જમીનમાં દાટેલી ચીઠ્ઠીઓ ઇત્યાદિ જંગલના સંકેતો ગોઠવી દેવા. પછી તે બધી નીશાનીઓ શોધી કાઢવા સ્કાઉટોની ટુકડીઓને મોકલવી. આનું નામ તે પગીરૂં કાઢવાનો પહેલો પાઠ. આ ઉપરાંત ઉપરના ચિત્રમાં કેટલીક અગત્યની નીશાનીઓ આપી છે તે ધ્યાનમાં રાખી લેવા જેવી છે.

(૧) બાઇસિકલ આ દિશામાં ગઇ છે. આગળ ગતિ હોય ત્યારે ધુળ અથવા કાદવ પાછળ ફેંકાય.

(૨) બાઇસિકલ જ્યારે વળાંક લે ત્યારે જે દિશામાં જતી હોય તે દિશામાં બે પૈડાના પાટા ઝીણો ખુણો કરીને મળી જાય. જુઓ ઉપલા ચિત્રમાં 'અ' આગળ.

(૩) સાઇકલ પ્રમાણે જ મોટરની દિશા પણ કહી શકાય. કોઇક સ્થળે મોટર પછડાઇ હોય તો ત્યાં આગળ તેનાં ટાયર પહોળાં થઇ ગયાં હોય તે પણ એ ચિત્રમાં 'અ' આગળ દેખાડ્યા પ્રમાણે જોઇ શકાય.

ઘોડાના પાછલા પગનો ડાબલો હમેશાં લાંબો અને મોટો હોય છે; આગલા પગનો નાનો હોય છે. માણસ જ્યારે ચાલે છે ત્યારે તેનું પગલું આખું પડે છે; પણ

બીજી અનેક નીશાનીઓ જુએ છે. એક વખત અમારા ગામમાં ચોરી થઇ. સારી કિંમતનો માલ ચોર લઇ ગયા. બહુ તપાસ કરી, ઘણા શકદારોને પકડ્યા, પણ કાંઇ વળ્યું નહિ. પછી પાડોશના એક જાણીતા પગીએ પગીરૂં કાઢવાનું માથે લીધું. તેણે ચોરીની જગ્યાએથી અમુક જાતનાં પગલાં નજરમાં રાખી તેની પાછળપાછળ જવું શરૂ કર્યું. ચોરો એવા તો હરામખોર ને કાબેલ કે કેટલેક સ્થળે તો તેમણે અવળા જોડા પગે બાંધીને ચાલેલું, એટલે ઘડીભર વહેમ પડે કે તેઓ ઉંધી દિશાએ ગયા છે. પણ આ પગી તેમને પહોંચી વળે તેમ હતો. તેણે તો માત્ર જોડાનાં જ નીશાન નજરમાં રાખ્યાં હતાં. આ પગલાં આગળ ચાલતાં એક નદી આગળ અદશ્ય થયાં. પાણી પર પગલાં કેવી રીતે જોવાય? બધા નિરાશ થયા, પણ પેલા પગીએ તો નદી ઉતરી સામે કાંઠે લગભગ એકાદ ગાઉ રખડી પાછો પગવટ શોધી કાઢ્યો. આખરે તેઓ નાગા બાવાની એક જમાત પાસે આવી પહોંચ્યા. સાયંકાળનો સમય હોવાથી બાવા બહુ જ ઠાઠથી આરતી ઉતારતા હતા. શંખ અને રણશીંગાં ફુંકાતાં હતાં અને ભાવિક ગામડિયાની ઠઠ મળી હતી. ત્યાં આ સગડ અટક્યા. સાધુને ચોર કેમ કહેવાય? વળી

કોઇ સાધુના પગમાં જોડા ન મળે; અને સગડ તો હતા જોડાના. પણ પગીની ખાતરી એટલી ચોક્કસ હતી કે આ સાધુ જ ચોર હોવા જોઇએ. બીજે દિવસે જ્યારે પોલીસની મદદથી સાધુનાં પોટલાં તપાસ્યાં ત્યારે ચોરાઉ માલ તેમજ સગડના જોડા નીકળી પડયા!

આફ્રિકા અને અમેરિકાના વતનીઓ જેટલી ચાલાકીથી સગડ જોઇ શકે છે તેટલી ચાલાકી બીજામાં બહુ જ ઓછી માલુમ પડે છે. આનું કાંઇ ખાસ શિક્ષણ નથી, પણ બચપણથી જ એમની સૂક્ષ્મરીતે નિહાળવાની ટેવ જ છે. હાલમાં ઈંગ્લંડમાં નાના સ્કાઉટોને નિરીક્ષણ કરતાં કેવી રીતે શીખવવામાં આવે છે તેની વાત, કાઠિયાવાડ સેન્ટ્રલ બૉય-સ્કાઉટ એસોસીએશનના માજી ઑ. સેક્રેટરી મિ. અનંતરાય પટણીના એક પત્રમાંની નીચેની હકીકત પરથી વિશેષ સ્પષ્ટ થશે.


". . . . . લંડન બૉય સ્કાઉટ હેડ ક્વાર્ટર્સમાં હું ગયો હતો. ત્યાં એક બાર વર્ષનો સ્કાઉટ સલામ ભરી ઉભો રહ્યો. સલામની શરૂઆત વખતે તેની નજર મારા જોડા પર હતી, તે હાથની સાથે એકદમ મારા આખા શરીર ઉપર ચાલી જઇ મારી આંખોને મળી ઉભી રહી. મને રસ્તો બતાવી તે ચાલ્યો ગયો. અહીં કેવી તાલીમ આપવામાં આવે છે તે બતાવવા માટે ત્યાંના અમલદારે મને એક વર્ણન થોડા દિવસ પછી બતાવ્યું. પેલા સ્કાઉટે મારૂં જ વર્ણન લખ્યું હતું: 'સાદા ભુરા બુટ પહેર્યા હતા; બુટની અણીઓ પાતળી હતી અને વાધરી છુટી હતી; ખાખી મોજાં અને ફ્લૅનલનું પાટલુન હતું. વધુ ભુરા લીટા વાળો ભુરા રંગનો કોટ પહેર્યો હતો; બંને બટન બીડેલાં હતાં; અંદર ભુરૂં જાકીટ હતું; ડાબા હાથ પર ચામડાનું મોજું હતું અને હાથમાં કાળા રંગની વજનદાર લાકડી હતી; લંબગોળ ચહેરો, વિશાળ કપાળ અને તેના પર જમણી બાજુ વાળની લટ આવી હતી; મોઢું અને દાઢી નાનાં, નાક લાંબું, આંખો ભુરી ને જમણા ગાલ પાસે તલ હતાં; તે આંખ મટમટાવતા હતા, તેથી આંખે કાંઈ પીડા હોય તેમ લાગતું હતું; ઉંચાઇ લગભગ ૫ ફુટ અને ૭ ઇંચ હતી અને ચહેરો હસતો હતો!'


આ વર્ણન મિ. પટણીને બરાબર લાગુ પડે છે. સલામ ભરતી વખતના માત્ર એક જ મિનિટના સહવાસમાં બાર વર્ષનો સ્કાઉટ આટલું ચોક્કસ વર્ણન આપે તે કાંઇ ઓછી નિરીક્ષણશક્તિ ન કહેવાય. આપણે રસ્તે જતા હોઇએ ને કોઇ પુછે કે 'ભાઈ, તમને પથરા ભરેલું ગાડું સામું મળ્યું હતું?' તો આપણે કહીએ છીએ કે 'કોણ જાણે.' આપણે કદાચ તે ગાડા સાથે અથડાયા હોઇએ તોપણ આપણને ગાડું યાદ રહે નહિ; ત્યાં નિરીક્ષણ કરવાની વાત જ ક્યાં રહી? રા. પટણી લખે છે કે 'અહીં નિરીક્ષણશક્તિ ખીલવવા માટે પ્રયત્ન ચાલી રહ્યો છે. મોટા અમલદારોના પટાવાળા તરીકે સ્કાઉટોને ઑફિસની બહાર બેસાડવામાં આવે છે અને તેઓને મળવા આવનાર દરેક માણસનું વર્ણન, તેની ઉંચાઇ અને અંદાજે વજન લખવાનો ખાસ આગ્રહ રાખવામાં આવે છે.'


ઇટાલીમાં 'કૅમોરા' નામનું એક બંડખોર મંડળ હતું તે પોતાના છોકરાઓને નિરીક્ષણશક્તિનું શિક્ષણ ઘણી કાળજીપૂર્વક આપતું. બાપદીકરો રસ્તે જતા હોય ને અચાનક બાપ અટકીને છોકરાને પુછે, 'આપણે જે છેલ્લી શેરીમાંથી વળ્યા તેના જમણી બાજુના ચોથા ઘરને આંગણે બેઠેલી સ્ત્રીએ કેવો પોશાક પહેર્યો હતો?' 'એની પહેલાની ત્રીજી શેરીને નાકે બે જણ ઉભાઉભા શી વાતો કરતા હતા?' 'હમણાં પેલી ભાડુતી ગાડી અહીંથી ઉપડી તેને બેસારૂએ ક્યાં હાંકવાનું કહ્યું હતું, અને એ ગાડીનો નંબર શો હતો?' 'આ સામે મકાન દેખાય એની ઉંચાઇ કેટલી હશે?—અને એના પહેલા માળની બારી કેટલા ફુટ પહોળી હશે?' આવાઆવા સવાલો કરીને એ 'કૅમોરિસ્ટ' લોકો પોતાના છોકરાઓને કેળવતા.

ટ્રામમાં કે ટ્રેનમાં બેઠા હો, ત્યારે માણસોના ચહેરાનો અભ્યાસ કરવાની ખાસ ટેવ પાડવી. ચહેરા ઉપરથી તેનું ચારિત્ર્ય તમે બહુ જ સહેલાઇથી કહી શકશો.

ટોપીઓ પહેરનારની રીત પરથી પણ ચારિત્ર્ય જોઇ શકાય છે. પાછળના પાના ઉપરનાં જુદાંજુદાં ચિત્રો ઉપરથી નીચે પ્રમાણે સમજી શકાય: (૧) એક બાજુ સહેજ વાંકી હોય તો પહેરનાર સ્વભાવે આનંદી હોય. (૨) એક બાજુ બહુ જ વાંકી હોય તો પહેરનાર રખડેલ હોય. (૩) જો માથાના પાછલા ભાગ પર હોય તો પહેરનાર ઉડાઉ ને દેવાળિયો હોય. (૪) કપાળ પર હોય તો પહેરનાર પ્રમાણિક પણ મૂર્ખ હોય.







હવે આ ચહેરાઓ ઉપર પ્રયત્ન કરો જોઇએ.

આ ઉપરાંત જોડા ને તેનાં પગલાં જોવાથી પણ ઘણી હકીકત મળે છે. એક વખત એક માણસ નદીમાં ડુબીને મરી ગએલો માલુમ પડયો. આત્મહત્યા કરી હશે તેવું અનુમાન સૌકોઇએ કર્યું. પણ નદીને કાંઠે પડેલાં પગલાં સાથે મરનારના જોડા સરખાવામાં આવ્યા ત્યારે એમ નક્કી થયું કે તે બે વસ્તુ તદ્દન જુદી છે. કોઇ માણસે ખુન કરી એ મડદું અહીં ઉચકી આણી નદીમાં નાખેલ. તે પગલાં પેલા ખુની માણસનાં હતાં, નહિ કે મરનારનાં. તે જ પ્રમાણે ગળાફાંસો ખાઈ મરી ગએલો એક માણસ માલુમ પડેલો. સહેજે અનુમાન થયું કે આત્મહત્યા કરી હશે. પણ બારીક તપાસ કરતાં એક ટેબલ પર ઝીણી ધુળમાં આંગળાં પડેલાં માલુમ પડયાં. તે આંગળાંનાં નીશાન મરનારનાં આંગળાંના નીશાન સાથે સરખાવામાં આવ્યાં ત્યારે તદ્દન જુદાં માલુમ પડયાં અને એમ નિર્ણય થયો કે કોઇએ ખુન કરી મડદાને ટાંગી દીધું છે, જેથી ગળાફાંસો ખાઇ મરી ગયાનું સૌનું અનુમાન થાય. આપણાં આંગળાં પરની રેખાઓ પ્રભુએ એવી ખુબીથી બનાવી છે કે કોઇ પણ બે માણસનાં આંગળાંની નીશાની એકબીજા સાથે મળતી જ નથી. હીસાબ તો એટલે સુધી કરવામાં આવ્યો છે કે ૬૪,૦૦૦,૦૦૦,૦૦૦,૦૦૦ માણસોમાં એક જ જાતની નીશાનીવાળાં આંગળાંવાળાં બે માણસો પણ મળતાં નથી !

આ બધી હકીકત ઉપરથી આપણે એટલું તો સહેલાઇથી જોઇ શકીએ કે નિરીક્ષણશક્તિ બહુ જ કામની છે; અને તેમાં યે ખાસ કરીને જંગલનું જીવન ગાળવા માગતા સ્કાઉટે એ તો આ શક્તિ ખાસ ખીલવવી જોઇએ. વાઘ કે બકરાંનાં પગલાં ન પારખી શકનાર જંગલમાં બહુ ઓછો સલામત છે તે વાત બહુ જ સ્પષ્ટ છે. મિત્રનાં પગલાં, નાનીમોટી ગોઠવેલી નીશાનીઓ, ગાડાં, ગાડી કે મોટરના ચીલા જે સ્કાઉટ પારખી ન શકે તે અવશ્ય જંગલમાં ભુલો પડે અને તે જંગલજીવન માટે નાલાયક છે એમ આપણે કહી શકીએ. **ગજાનન ઉ. ભટ્ટ**

સ્વરાજ્ય મળે ત્યારે

જ્યારે તમે સ્વરાજ્ય દેખો ત્યારે તેની ઝાંખીમાં નજર કરજો; તેના પગ ચુમજો. તેથી તમને એટલો બધો આનંદ થશે કે સ્વરાજ્ય પછીનાં વરસોનો તમને બીલકુલ વિચાર જ નહિ આવે. તમે તમારાં આભારગીતમાં તાલ આપવાનું સહુને કહેતા શેરીઓમાં દોડી જજો. જ્યાં જાઓ ત્યાં સંગીત હશે; દરેક ઘર શણગારેલું હશે; દરેક દીવો ઝળહળતો હશે.

પણ જ્યારે આનંદના દિવસો પુરા થાય, ઝળહળતી જ્યોતો હોલવી નાખવામાં આવે, શણગારો ઉતારી લેવામાં આવે અને લોકો પાછા પોતપોતાને કામે વળગે—જ્યારે ગાજતી શેરીઓમાં થઇને છેલ્લું સરઘસ ચાલ્યું જાય અને નેતાઓ કેદમાંથી છુટેલા મિત્રોનું સ્વાગત જોઈ ચાલ્યા જાય ત્યારે આપણે એક ટચુકડી પ્રાર્થના કરવી રહેશે—તમારે તમારે માટે ને મારે મારે માટે—કે આપણે આપણા માટે જે જીતાયું છે તેને પાત્ર બનીએ; અને જેઓએ આપણા માટે સહન કર્યું છે, લડત ચલાવી છે અને મોત કે એવા બીજા ભયથી ડર્યા નથી તેઓનો દાખલો લઈ દેશને ઉપયોગી થવાનો પ્રયત્ન કરીએ. **'ચક્રમાઈ'**

એક સંભારણું

જયારેજ્યારે હું મારો ભૂતકાળ યાદ કરૂં છું ત્યારેત્યારે તે દિવસનો બનાવ જાણે કાલે જ બન્યો હોય એમ મારી નજર સામે ખડો થાય છે.

તે વખતે હું બોર્ડિંગમાં ભણતો. નીશાળમાં રજા હતી, પણ બીજે જ દિવસે ગુજરાતીની પરીક્ષા હોવાથી હું દાતણપાણી કરી તરત જ વાંચવા બેસી ગયો.

'. . . ચા પીવા ચાલને!' મને ર—એ બોલાવ્યો. ર—જાણતો હતો કે મારે ચાની પ્રતિજ્ઞા હતી. પણ વિવેક કરવામાં શું જાય છે એમ ગણી દરરોજ આમ મને બોલાવતો. હું પણ જાણતો કે ર—કોઈ દિવસ મને ખપે એવી ચીજમાં બોલાવતો નહિ.

આજ તો એને પણ ખબર પાડું, એમ વિચારી હું રસોડામાં જ્યાં ચા તૈયાર થયો હતો ત્યાં ગયો. ત્યાં ચાર જણ ચા પીતા હતા અને પાંચમો પ્યાલો ર—માટે રાખ્યો હતો. હું ગયો એટલે સૌએ થોડો થોડો ચા કાઢી છઠ્ઠો પ્યાલો ભરી દીધો. હું પાટલા ઉપર બેઠો. પછી મેં મારૂં ભાષણ ચલાવ્યું, 'ભાઇઓ, ચા પીવામાં કેટલું નુકસાન છે! તેથી આપણાં શરીર ખરાબ થાય છે; વળી ચાની ખેતીમાં આપણા દેશીઓ ઉપર અનહદ જુલમ ગુજરાય છે; તેથી ચા તો આપણા બંધુઓનું લોહી છે. એ ચા શું હું . . . પીઉં?' એમ કહી મેં આવેશમાં પાસે પડેલો લાકડાંનો ફાડો ઉપાડી પ્યાલાને જે ઝાટકયોને, કે પ્યાલો બેવડ વળી ગયો, અને ચા વરાળું નાખતો એ ચારેયનાં લુગડાં ઉપર પડ્યો!

પછી તો તેઓના ગુસ્સાની વાત શી પુછવી? તેઓ બળ્યા તેનું જેટલું નહોતું લાગ્યું તેટલું તેઓના ઇસ્ત્રી કરેલાં કપડાં ઉપર ચાના ડાઘ પડવાથી તેમને લાગ્યું.' પાંચે જણાયે મને મુક્કીઓથી ખુબ માર માર્યો. પછી ટીંગાટોળી કરી મારા રૂમમાં ઉપાડી લાવી, મારા ખાટલા ઉપર નાખ્યો. ત્યાં સુતાંસુતાં હું દસ વાગ્યા સુધી રોયા કર્યો અને આંસુથી ઓછાડને ભીંજવી દીધો. મને મૂર્ખાને આવા ઘાતકીઓને શીખામણ આપવાની કમતકી ક્યાં થાઈ!

દસ વાગ્યે સેક્રેટરી સાહેબ આવ્યા એટલે હું શાંત થઇ ટેબલ આગળ વાંચવા બેસી ગયો. પણ જેવો એ સાહેબે રસોડામાં ભાંગેલો પ્યાલો જોયો અને પુછતાં જાણ્યું કે એ મારૂં કામ છે કે તરત તેઓ સીધા મારી રૂમમાં આવ્યા.

'. . . . હમણાં તોફાન વધી ગયું લાગે છે! અહીં ભણવા આવ્યો છે કે બે.ડિંગના પ્યાલા ભાંગવા? આવું તારૂં રમવું? લે ડાહ્યો થા, ડાહ્યો થા! હાથ ધર.'

મેં મારો જમણો હાથ ધર્યો એટલે સમ . . . કરતીક ને સોટી હથેળીમાં ચોંટી ગઇ. મેં મુઠી વાળી હાથ બગલમાં દબાવી દીધો.

'બીજો! બીજો!'

મેં બીજો હાથ ધર્યો. તેમાં પણ ફડાક દેતી સોટી પડી. એટલે મેં બંને હાથ ભેગા કરી પીસવા માંડયા!

'બરાબર નથી વાગી! ફરી વાર! ફરી વાર!'

પણ મારે ત્રીજો હાથ નહોતો, અને બે હાથે ખુબ સહન કર્યું હતું; એટલે હું બોડા જેવો ઉભો રહ્યો. પણ તેથી શું? સેક્રેટરી સાહેબને બીજું કંઇ ન મળે એમ ક્યાં હતું? પોતાનું સઘળું જોર અજમાવી ત્રીજી સોટી વાંસા ઉપર ઝાપટી સંતોષ પામી તેઓ પોતાની ઑફિસમાં ચાલ્યા ગયા.

મને લાગ્યું કે હું જમીનમાં ઉંડો ઉતરી જાઉં છું, એટલે તરત ખાટલા ઉપર ચડી ગયો અને બે કલાક સુધી રડ્યો.

સેક્રેટરી સાહેબે મારૂં તે દિવસનું બપોરનું ખાણું ફાઇન કર્યું. પણ તે માટે મેં તેમનો ઉપકાર માન્યો! કારણકે મારે રડવાનું એટલું બધું કામ હતું કે ખાવાની નવરાશ મને મળત નહિ.

પણ પ્યાલો કેવા સંજોગોમાં ભંગાયો હતો તેની ખબર સાહેબને બાર વાગ્યે જમી રહ્યા પછી જ પડી. વિગતથી પુછતાં રસોયાએ, ર—વગેરે પાંચે ચા કાઢ્યો હતો ત્યાંથી શરૂ કરી મેં માર ખાધો ત્યાં સુધીની બધી વાત માંડીને કરી.

બોર્ડિંગમાં ચા પીવાની બંધી હતી. જે ચા પીતા તે ચોરીછુપીથી. બાર વાગ્યે સાહેબે મને ઑફિસમાં બોલાવ્યો. હું આંસુ લુછી તેમની સમક્ષ ખડો થયો.

'જો ભાઇ, ચા તેં ન પીધો તેને માટે તને



ધન્યવાદ ઘટે છે. પણ એથી કંઇ બોર્ડિંગના વાસણ ફોડાય? ઠીક! જે ચા પીતા હોય તેનાં નામ મને કહે. સાચું કહી દેજે હો, નહિતર આ સોટીની તો તને ખબર છે ને!'

દ્વેષ વગર જેટલાની જાણ હતી તેટલાનાં નામ મેં કહ્યાં. ખોટું બોલતાં મને આવડતું નહિ. સાહેબે તે બધાના ચારચાર આના દંડ કર્યા બાબતની નોટિસ લખી, ને મને આપી પોતે સુઇ ગયા. બધાની મંડળી હેડ ઓર્ડરની રૂમમાં જામી હતી ત્યાં મેં નોટિસ મુકી. તે વાંચીને તેઓ મારા ઉપર તુટી પડયા. 'સાલા લુચ્ચા! સત્યની પુંછડી! કહી દીધું તે શું અમને કાઢી મુકયા? તું તો લેતો જા!' એમ કહી બધાએ મને ગુંદ્યો. કોઈ ચોપડી મારે તો કોઇ આંકણી મારે. કોઈ મુક્કી મારે તો કોઇ પાટુ મારે. મારા મોઢામાં રૂમાલના ડુચા ભરી દીધા જેથી હું બરાડા પાડી સાહેબને જગાડું નહિ.

આવી રીતે 'રોતી સુરત' નાટકનો ત્રીજો અંક ભજવાઇ રહ્યો એટલે મને ઘસડી મારી રૂમમાં મુકવામાં આવ્યો. ત્યાં હું ફરી બે કલાક સુધી રડયો. પણ પછી પરીક્ષા યાદ આવવાથી વાંચવાનું શરૂ કર્યું.

હજી 'અડવાનાં પરાક્રમ' વાંચી હું જરા હસ્યો હતો ત્યાં તો હેડ ઓર્ડર મારી રૂમમાં આવ્યો: 'પ્યાલો ભાંગવા માટે દંડના આઠ આના અને પ્યાલાની કીંમત આઠ આના મળી તારો રૂપિયો દંડ થયો છે તે ભરી દેજે.' બધા છોકરાઓ મળી સાહેબ પાસે ગયા હતા. તેઓનો દંડ કરાવ્યો તે બદલ મારો દંડ કરાવ્યો હતો!

મેં મારા પાકીટમાં તપાસ કરી તો તેમાં મેં ઓગણીસ આના મુકેલા તેમાંથી એક જ આનો હતો. અઢાર આના કોઇક ચોરી ગયું હતું!

મારા પેટમાં ફાળ પડી! રૂવાં ખડાં થઇ ગયાં! કપાળે પરસેવો વળ્યો અને હું બળી જતો હોઉં એમ લાગ્યું! મારે હવે દંડનો રૂપિયો ક્યાંથી દેવો એ વિચાર સાથે મને અમારી ગરીબાઇનો વિચાર આવ્યો, અને તરત જ હું વિચારવમળમાં ડુબી ગયો. મને બે કલાક સુધી જે વિચાર આવ્યા તે બધા એક-ધારા જ હતા. કોઈ મારાં આંસુનો વેગ ધીમો પાડતો તો કોઇ [illegible] મારાં આંસુનો વેગ વધતો. પણ છેવટે ચાર વાગ્યે થાકી જવાથી મેં વિચાર કરવાનું અને રડવાનું છોડી દીધું. મને ઉંઘ આવી ગઇ.

તે દિવસે સુરજ ઉગીને આથમ્યો એ દરમ્યાન મને શાંતિ મળી હોય તો એ બે કલાક ઉંઘ આવી ત્યારે જ. હું જ્યારે જાગ્યો ત્યારે સેક્રેટરી સાહેબ મારી રૂમમાં ઉભા હતા અને તેમણે જ મને જગાડયો હતો. દંડનો રૂપિયો ભરી દેવાની આજ્ઞા થઇ. મેં મારા પૈસા ચોરાઇ જવાથી મારી લાચારી દર્શાવી.

'હં! ચોરીછુપીથી રાત્રે નાટક સીનેમા જોઇ આવવું અને પછી પૈસા ખોવાઇ ગયા એમ કહેવું! લુચ્ચાના સરદાર! હું તને કયાં નથી ઓળખતો? માર્યા વગર તમે પાધરા ચાલો જ નહિ તો! ચાલ હાથ ધર! હાથ ધર!'

મેં હાથ ધર્યો. સેક્રેટરી સાહેબની આંખે ચશ્માં હતાં અને વળી એક ચશ્મું ફુટેલું હતું. તેથી જ કદાચ તેઓ મારી હથેળીમાં ઉપજેલો ફોલ્લો કે મારી ઉંડી ગએલી રાતી આંખો જોઇ શકયા નહિ હોય. તેમની સોટીથી મારી હથેળીમાંથી લોહીની ધાર થઇ!

સાહેબનું મોઢુ ઉતરી ગયું! 'જા, ગરીબ જાણી માફી બક્ષુ છું.' એમ કહી તેઓ ચાલ્યા ગયા.

: અનુસંધાન સામા પાનાના પહેલા કૉલમને છેડે :

થાકની ચેતવણી



તમારૂં કામ તમને અઘરૂં લાગવા માંડે, દૂર જવાની આળસ થાય, વાંચતાં કંટાળો ઉપજે, વર્ગમાં ચાલતા પાઠોમાં ધ્યાન ન રહે ત્યારે ઘણે ભાગે તેનું કારણ તમને લાગેલો કોઇપણ પ્રકારનો થાક હોય છે.

કોઇને સશક્ત ત્યારે જ કહીએ કે તેને કામ કરતાં થાક ન લાગે. દરેક માણસમાં શક્તિનો જથ્થો વધતો-ઓછો હોય છે. તે ખુટવા આવે એટલે પ્રથમ શરીરના અવયવો ઢીલા થવા માંડે છે. તે વખતે સમજવું કે હવે શક્તિના ભંડારમાં થોડું જ બાકી છે. એ બાકી રહેલી શક્તિ વપરાઇ જાય ત્યાં સુધી કામ ખેંચવો ન જોઇએ. એ વખતે શરીર કે મન પાસેથી કામ લેવાથી તે વધુ થાકે છે અને ઘણીવાર એમ કરતા રહેવાથી પરિણામે કાયમ થાકની લાગણી શરીરમાં ઘર કરી રહે છે.

થાક કેવી રીતે લાગે છે તે સમજવું હોય તો આ અખતરો કરી જુઓ. તમારો એક હાથ ખભા બરોબર લાંબો કરી સીધો રાખો. થોડી પળ સુધી તો તમે હાથ એમ જ ટકાવી રાખશો. પણ પછી હાથ ભારે થવા માંડશે અને નમતો જશે. છતાં આપણે પ્રબળ ઇચ્છા વાપરી બે મિનિટ વધુ ટકાવીશું. પણ પછી તો ઇચ્છા છતાં ટકાવી રાખવા સાવ અસમર્થ થઇશું. પહેલી વખત પ્રબળ ઇચ્છાને લીધે થાકની લાગણી પર કાબુ રહ્યો, પણ પછી શક્તિનો સાવ અંત આવતાં એ કાબુ છટકી ગયો!

એ જ પ્રમાણે, આપણે થાકવા માંડીએ છીએ તેની ખબર બધી શક્તિ ગુમાવતાં પહેલાં મનને પડે છે. જેમ પ્રાણીઓને આકાશમાં થતી વીજળીથી તોફાન કે વાવાઝોડાની કુદરતી પ્રેરણા થાય છે અને તે અહીં-તહીં આશરામાં ભરાઇ જાય છે તેવી જ રીતે મગજમાં થતી થાકની બેચેની ખબર આપે છે કે શરીર હવે ભયની નજીકમાં છે.

આ થાકની લાગણી જરા આરામ લીધાથી કે નવું કામ ઉપાડવાથી હલકી થઇ જાય છે. કંટાળાભરેલો અભ્યાસ છોડી ડિટેક્ટિવની વાર્તા કે કોઇ રસમય નવલકથા આપણે વાંચી શકીએ છીએ. પરંતુ એમ બીજું કામ લેવાથી થાક દૂર થતો નથી; માત્ર નવા રસથી તે ભુલી જવાય છે એટલું જ.

જ્યારે સ્નાયુઓ કામ કરે છે ત્યારે શરીરમાં કેટલાક રસાયણિક ફેરફાર થાય છે. પરિણામે સ્નાયુઓની ખેંચવાની કે પકડવાની શક્તિને કમી કરનારા પદાર્થો બને છે. આ પદાર્થોમાં 'કાર્બન ડાયોક્સાઇડ' નામનો વાયુ (ગૅસ) હોય છે. સોડાવૉટરમાં, લૅક્ટિક ઍસિડમાં અને દહીંમાં ઉભરો થતો દેખાય છે તેનું કારણ તેમાં આ ગૅસની હાજરી હોય છે એ છે.

આ થકવનારા પદાર્થો લોહીના પ્રવાહ જોડે શરીરના રીતસર કામ કરતા ભાગોમાં પણ ભંગ પાડે છે. કામ કરતી વેળા કલેજું, ચામડી કે કિડની તેને દૂર કરી શકે તે પહેલાં તો તે ઝડપથી લોહીમાં પસરે છે. એ પદાર્થો શરીરમાં જે અસર કરે છે તે આંખમાં

વળી હું બે કલાક સુધી રડ્યો. આઠ વાગ્યે તો આંખમાંથી આંસુ પણ ખુટી ગયાં.

પણ છેલ્લો ઘા હજી બાકી હતો. તે ઘા શરીર ઉપર નહિ પણ હૃદય ઉપર. આઠ વાગ્યે તાર આવ્યો કે મારી માતા મૃત્યુ પામી હતી!

પણ હું આ વખતે ન રડ્યો! શું હું એવો નિષ્ઠુર કે માતાના મૃત્યુના સમાચાર સાંભળી રડું નહિ? હા, હું એ વખતે તો એવો જ નિષ્ઠુર બન્યો! શું કરૂં? ઉછીનાં આંસુ લઇને રડી શકાય છે?

છોકરાઓ વાત કરતા હતા કે હું ગાંડો છું. રોજ તો રાતદિ' રડતો જ હોઉં. આજ કોણ જાણે કેમ માનું મૃત્યુ સાંભળીને પણ રડતો નથી. તો પછી ગાંડો નહિ તો બીજું શું?

રડવાનાં બીજાં કારણો તો રોજ મને પચીસ-પચાસ વખત મળતાં; અને હું રોજ પચીસપચાસ વખત રડતો પણ ખરો! પણ આ જ બનાવ આંખ આગળ વધારે સ્પષ્ટતાથી આવે છે તે એટલા જ માટે કે તે દિવસે રડવાનું એક સબળમાં સબળ કારણ મળતાં છતાં હું રડ્યો નહોતો! **ચક્કરભાઈ**

તણુખો પડે તેવી જ હોય છે ! આપણે આરામ લઇએ છીએ ત્યારે જ શરીર આ ઝેરી પદાર્થને તદ્દન દૂર કરવાની તક પામે છે. માટે જેટલા પ્રમાણમાં એ ઝેર હોય તે પ્રમાણમાં તેને દૂર કરવાનો અને આરામ લેવાનો વખત જોઇએ.

એટલે આ સમજવા છતાં જો માણુસ હદ ઉપરાંત કામ કર્યે જ રાખે અને ઝેર મારી શકે તે કરતાં ઓછો આરામ ચાલુ રહે તો થાકની જે લાગણી ક્ષણિક લાગે છે તે કાયમી અને અંતે કષ્ટસાધ્ય બની રહે છે.

મન અને તનનો થાક જુદો નથી. આપણે લાંબો પંથ ચાલીને પાછા ફરતા હોઇએ છીએ ત્યારે આપણા મનમાં ઘેર પહોંચતાંવેંત પથારીમાં પડવાની ઇચ્છા હોય છે. વાત કરવી ગમે નહિ, પગ ચાલવાની ના પાડે, જીભ પણ તેટલી જ થાકેલી લાગે, આંખો સાવ ભારેખમ બની ગઇ હોય છે, વાંચવાનું તો ગમે જ કોને ? મતલબમાં બધા અવયવો અને ઇંદ્રિયોને એકસરખો થાક લાગે છે.

ઘણા કલાકો સુધી વાંચ્યા કે લખ્યા પછી મગજ ઘેરાય છે તે સાથે શરીર આખું ય અકડાઇ ગયું લાગે છે. આ બાબતમાં પણ થાક સર્વ અવયવોને લાગ્યો હોય છે, જોકે તેનું કારણ માનસિક પરિશ્રમ હોય છે.

આ રીતે થાક લાગે છે ત્યારે શરીર અને મન બંનેને સરખો લાગે છે. આ બરોબર સમજવાને તંતુઓ-ની રચનાનો સહેજ ખ્યાલ લઇએ. તમામ તંતુઓનું મુખ્ય મથક મગજ છે. ત્યાંથી શરીર અને મનની તમામ હીલચાલો પર નજર રહે છે અને દરેક ભાગને હુકમો મળે છે. આ મથક આગળથી આપણી પાછળ-ની કરોડ એક લાંબો પંથ બાંધે છે. તેમાં શરીરના ચારે તરફનાં તંતુઓ આવી મળે છે અને તેની મારફત સ્પર્શ, ગરમી, ઠંડી અને બીજી અનેક ધ્રુજારીઓના ખબરઅંતર ચાલે છે. તે સૂક્ષ્મ તંતુઓને આપણે લાગણીવાહક તંતુઓ કહીએ. દરેક સ્નાયુના બારીક રેસાઓને છેડે બારીક તખ્તીઓ હોય છે. તે પર બહારના ચમકારા પડે છે અને મગજને પહોંચે છે. મગજ પાછું એ જ તંતુઓ મારફત સ્નાયુઓને પોત-પોતાનું કામ કરવાને યોગ્ય હુકમ આપે છે !

ગરમ થએલી તાવડીને હાથ લગાડતાં આપોઆપ આપણે તરત તે પાછો ખેંચી લઇએ છીએ. તે વખતે શું બને છે ? આંગળીનાં ટેરવાંમાં રહેલાં સ્પર્શવાહક તંતુઓને પ્રથમ ગરમીની ખબર પડે છે કે તરત તેઓ તે બાબતની ખબર મગજ સુધી પહોંચનારાં બીજાં સ્પર્શવાહક તંતુઓ મારફત પહોંચાડે છે, અને મગજ પણ પાછું તરત જ ક્રિયાતંતુઓને છેડેની તકતીઓ મારફત સ્નાયુઓને સંદેશો આપે છે કે હાથ ઉઠાવી લો ! અને સ્નાયુઓ આંગળાં ઉઠાવી લે છે. સ્નાયુની આટલી ક્રિયા થાય છે તેમાં મગજતંતુઓ અને સ્નાયુઓ સરખો જ શ્રમ ઉઠાવે છે.

કાયમી થાકની રોજ ખબર પડતી નથી, પણ તે ધીરેધીરે ઘર કરી જાય છે. શરૂઆતમાં તેની ખરેખરી ભયંકર સ્થિતિની આપણને ભાળ રહેતી નથી, પણ બીજાં દર્દોની માફક તે આવતા ભયની નીશાનીઓ તો આપે છે જ. શરીરને વધુ જોખમથી બચાવવાને એ નીશાનીઓ આપે છે, પણ દુર્ભાગ્યે આપણી માતાઓ, શિક્ષકો અને વિદ્યાર્થીઓ કે બાળકો તે તરફ બેદરકાર જ રહે છે.

એ નીશાનીઓ કેવા રૂપમાં થાય છે ?

ચાલુ વર્ગમાં કે સભામાં કોઇને જરા ખાંસી આવે છે, કોઇને બગાસાં આવે છે, કોઇ ઉંચાનીચા થાય છે, કોઇ ચોપડી બંધ કરે છે કે ઉઘાડે છે, કોઈ વારંવાર પગ લાંબાટુંકા કરે છે, અથવા જમણા ઉપર ડાબો નાખે તો થોડી વારે ડાબા ઉપર જમણો નાખે છે, હાથ પણ સ્થિર રહેતા નથી, બટન પર જાય, માથું ખંજવાળાય, ટોપી આઘીપાછી થાય, ચશ્માં ઉંચાંનીચાં થાય, પરસેવો લુછાય, પગ લાંબા કરી આગલી ખુરશીઓ જોડે ટેકાવાય, પ્રકાશ ગમે નહિ, આંખો ઝોકાં ખાય—આ બધી થાકની નીશાનીઓ છે.

નીશાળમાં હેડમાસ્તર વર્ગ જોવા આવે તેની અંબુને ખબર ન રહે, નાથાભાઇ બારી તરફ જોયા કરે, રમણની પેન્સિલ ગમે તેમ લીટા પાડે, નરહર પેન્સિલ ચાવે, બળવંત મજબુત ગણાય છે છતાં વાંકોચુંકો થવા લાગે તો કેટલાકનું ધ્યાન ચોપડીમાં ન રહે, અને યશ ઘડિયાળ સામું જુએ અને બેચેની અનુભવે —આવાંઆવાં ચિહ્ન જણાય ત્યારે ત્યાં થાક પહોંચ્યો છે એમ સમજવું.

માસ્તરો પણ વાત કરે છે કે સાંજના ભાગમાં વિદ્યાર્થીઓ શરૂઆત જેટલું ધ્યાન પાઠમાં આપી

શકતા નથી. અક્ષરે પણ બેદરકારીથી લખે છે; લખવાની ગતિ મંદ થાય છે અને ભુલો વધારે પડે છે. તે વખતે કામની તપાસણી કરતાં એમ પણ જણાયું છે કે કામ કરવાની શક્તિ પણ કમી થઇ હોય છે. દિવસના અંતભાગમાં જણાતી આ નીશાનીઓ થાકની છે. હમેશના જમા થએલા થાકની પણ એવી જ નીશાનીઓ હોય છે. તે તો ક્વચિત્ દિવસના પ્રથમ ભાગમાં પણ જણાય. પછી તો વિદ્યાર્થીની તંદુરસ્તી અને ટકાવશક્તિ પ્રમાણે તે વધુઓછી જણાય. ખાનપાન, જાતિપ્રભાવ વગેરે પ્રમાણે તેમાં જુદાજુદા ભેદ પડે જ.

આમ થાકની નીશાનીઓ ઓળખી શકાય છે. કોઇ માણસ અમુક વખત સુધી ચપળ અને એકધ્યાન વાળો લાગતો હોય, તે કોઈ વખતે થોડું ખાતો, કંટાળતો અને બેચેન સ્વભાવનો થઇ જાય ત્યારે તેમાં થાક જ કારણ હોય છે.


જ્યારે કોઇ વિદ્યાર્થી મોઢું મરડે, બગાસાં ખાય, મોડો ઉઠવા લાગે ત્યારે તેના પર ગુસ્સો ન કરવો જોઇએ, તેમ સજા પણ ન કરવી જોઇએ. તેને રમવાનું મન ન થાય તેમજ નીશાળ પણ ન ગમે, કાંઈ ખાવાનું રૂચે નહિ ત્યારે સમજવું જોઇએ કે તેના શરીરમાં લાંબા વખતથી થાક ભેગો થએલો છે.

માથું દુખતા છોકરાઓને માત્ર ચશ્મા અપાવવાથી આપણે દુ:ખથી મુક્ત કરી શકીએ નહિ. વળી છોકરાઓની આંખ તપાસવાની સાથે આખું શરીર અને તેનો સ્વભાવ પણ તપાસવો જોઇએ. જો કોઇ બાળક કે વિદ્યાર્થીની આંખની આસપાસ કાળું કુંડાળું દેખાય, તે કંટાળેલ લાગે, તેને ચક્કર આવતા હોય, બરોબર જમી શકતો ન હોય, ઉંઘ લઇ શકતો ન હોય તો તેને વસાણાં કે પાક ખવડાવવાથી શક્તિ મળવાની નથી. તેનો થાક જ દૂર કરવાની જરૂર છે.

શરીર અને મનની શક્તિઓ ક્ષીણ થઇ ગઇ હોય છે તેને પરિણામે ઉપરની નીશાનીઓ થાય છે; એટલે તે રસ્તે તેનો ઉપચાર કરવાની જરૂર છે. ખુલ્લી હવા, સાદો ખોરાક અને બીલકુલ શ્રમરહિત રહેવાથી ઘણો ફેર પડશે.

(અંગ્રેજી ઉપરથી)

સરજનહારની સૃષ્ટિ



વાઘ

વાઘનું નામ તો કોણે ન સાંભળ્યું હોય ? પણ જોયો હશે થોડાએ. અને તે યે કોઇ બાગ કે સરકસમાં પીંજરામાં પુરેલો. એથી એનો ખરો ખ્યાલ ન આવે. એનો દમામ, એની ચપળતા, એનું બળ, એની છલંગ, એનું સૌંદર્ય, કશું જ તમને પીંજરામાં પુરેલા દુબળાપાતળા ઉદાસીન દેખાતા વાઘથી ન સમજાય. એને એના ખરા રંગમાં જોયો હોય તો તો માથોડાપુર ઘાસ કે ઘેરી ઝાડીઘટામાં; જ્યાં એના ચટાપટા ને પીળચટા રંગને લીધે એ લગભગ અદશ્ય જ હોય એટલો બધો મળી જાય છે! દેખાતી હોય માત્ર બળતા અંગારા જેવી એની બે આંખો.

વાઘના શીકારની યે વાતો ઘણી સાંભળી હશે. પણ એ સાંભળવી જેટલી રસમય લાગે છે એટલી જ એ ખેલવી કપરી છે. શીકાર કરતાં શીકાર બની જવાનું જોખમ એમાં વધારે હોય છે. છલંગ તો એની જ. ભલા હાથીના ઉંચા હોદ્દામાં કે જંગી ઝાડના ઉંચેરા માચડા પર ભલેને તમે ચડી બેઠા હો, પણ જો એ વકર્યો તો ઠેઠ ત્યાં તમારી ખબર લઇ નાખે! એનો શીકાર કરનાર અચ્છો ગોલંદાજ હોવો જોઇએ. પહેલી જ ગોળીએ ન વીંધે તો પછી આવી બન્યું!

હિંદુસ્તાનના તો જંગલેજંગલમાં એની વસ્તી. કદમાં આ પ્રાણી સિંહ જેવડું, પણ લંબાઇમાં ઘણીવાર તેના કરતાં વધારે. રાની પશુઓમાં વનના રાજા સિંહ પછી તરત જ વાઘનું સ્થાન છે: વિકરાળતા, બલ, દમામ વગેરેમાં. પણ ગૌરવમાં નહિ. સિંહ નાહક કોઇને છેડે નહિ, ભુખ વિના શીકાર કરે નહિ, અને છેડયા વિના બનતાં સુધી માણસનું નામ લે નહિ. પણ માણસનું લોહી ચાખી પેધી ગએલા ને નાહક રંજાડ કરતા વાઘની તો અનેક કહાણીઓ આપણે સાંભળીએ છીએ.

ટપાલની ટીકીટો



ટીકીટો જેવા હજારો આથડતા રખડતા ચુંથાતા કાગળના કકડાઓની તે વળી શી કીમત? એને તમે શું કરો છો?

આવા ઘણા યે પ્રશ્નો ટીકીટો મેળવવા જતાં પુછવામાં આવે છે. પણ પશ્ચિમની પ્રજાએ આવી નજીવી વસ્તુને પણ કેટલે દરજ્જે વિજ્ઞાન અને આનંદની વસ્તુ બનાવી છે એ જાણી લઇએ તો આવા કોઈ પ્રશ્નને સ્થાન નથી. બાળકના જીવનમાં રમકડાં જે સ્થાન ભોગવે છે તેવું જ સ્થાન મોટાઓમાં ભોગવતી ટીકીટો નિર્દોષ આનંદ અને જ્ઞાનનું ઉત્તમ સાધન ગણાતું જાય છે. વિલાયતનાં દૈનિકો અને માસિકો પ્રજાને એ રસ લગાડવાને બનતું બધું કરે છે. અંગ્રેજીમાં આ શૉખને Philately કહે છે.

પણ આપણા દેશમાં તો કોઇ જવલ્લે જ ટીકીટ જોવાની પણ દરકાર રાખે છે. વિલાયતમાં પણ શરૂઆતમાં તો તે આળસુનું જ લક્ષણ ગણાતું, પણ હવે તો એ કામધંધા વગરના કાર્યમાં રાજાઓ પણ ભાગ લે છે. ટીકીટો પારખી સમજવા કેળવણીની જરૂર છે. ટીકીટોમાં રસ લેવો એ વિદ્વત્તાનું લક્ષણ છે. ટીકીટો ભેગી કરતાં કેટલાનો યે પ્રસંગ પડે, એટલું જ નહિ પણ નિરૂપણશક્તિની જરૂર પડે. ભાષા, ઇતિહાસ, ભૂગોળ, રીતરીવાજો શીખવાનું અને કળા પારખવાનું ટીકીટો ઉત્તમ સાધન છે.

દરેક ટીકીટ અનેક દૃષ્ટિએ જોવી જોઇએ. (૧) છાપ (૨) રંગ (૩) માપ (૪) કાગળ (૫) વૉટરમાર્ક (૬) કીંમત (૭) કાળ (૮) લેખ. છાપ ત્રણ પ્રકારની હોઇ શકે. કોઇની છબી કોઇ કુદરતી દેખાવ અથવા કંઇક કલ્પિત ચિત્ર.

વૉટરમાર્ક ટીકીટનો એક અગત્યનો ભાગ છે. હાલના જમાનામાં બનાવટી ટીકીટો પારખવાને તે ઉત્તમ સાધન છે. આપણા દેશની ટીકીટો ઉપર આવતો એવો 'તારો' ઘણાએ જોયો હશે. ટીકીટો ઇતિહાસની તારીખ શોધવાનું સરસ સાધન છે. પ્રસંગવશાત્ કેટલાં યે રાજ્યો થોડીક ટીકીટો અમુક પ્રસંગ ઉજવવા પણ બહાર પાડે છે. વેમ્બલીનું પ્રદર્શન ઉજવવા ખાસ બહાર પડેલી ઇગ્લંડની ટીકીટો જાણીતી છે. લડાઈમાં ઇસ્પીતાલોને મદદ કરવા આવી ટીકીટો ઘણી બહાર પડતી. તેવી જ રીતે આયર્લંડની સ્વતંત્રતા જાહેર કરતી ટીકીટો પણ બહાર આવી છે. ઇતિહાસના પરિવર્તનરૂપ પોસ્ટની ટીકીટો પણ ઘણી મળે છે.

અંગ્રેજોએ જેવું મેસોપોટેમિયા જીત્યું કે તરત જ તુર્કીની સર્વ ટીકીટો જપ્ત કરી, તે જ ટીકીટો ઉપર પોતાનો સિક્કો લગાવી ચાલુ કરી. કીંમત વગેરેમાં રૂપાંતર થએલી ટીકીટોને 'સરચાર્જ' કહે છે. હિંદુસ્તાનમાં પોસ્ટની ટીકીટોના દર બદલાતાં આવી ઉથલપાથલ થએલી. એ વેળાની ત્રણ પૈસાની ટીકીટ એક નવાઇની વસ્તુ તરીકે સંગ્રહમાં રહે તો આશ્ચર્ય નથી.

બજારમાં વપરાએલી કે વગર વપરાએલી ટીકીટોની કીમતનો આધાર તો તે ટીકીટોની મળતર ઉપર છે. અત્યારે એક જ જાતની એક જ ટીકીટ દુનિયામાં મળતી હોય તો તેની કીંમત પચાસ હજાર રૂપિયા સુધી પણ જાય. આવી કેટલી યે ટીકીટો પચાસ હજાર રૂપિયાની કીમતની હાલ છે. સિક્કા અને ટીકીટને ઘણો સંબંધ છે. આપણી ટીકીટો ઉપર અંગ્રેજી લખાણ અને છાપ આપણી ગુલામીનું નીશાન છે.

સર્વ ઠેકાણે ટીકીટો વપરાય છે પરંતુ પૅલેસ્ટાઇન દેશમાં હજુ તેનો પગપેસારો થયો નથી.

ટીકીટ જેવી સાધારણ વસ્તુ કેટલા જ્ઞાનનો વિષય બની શકે એ બતાવવાનો આ તો માત્ર સહેજ પ્રયત્ન છે.



બંદાની લહરી

: અપલાગઘ :

મારે તે વળી ઘર ?
—એ પથરા એ ઈંટ ?
છટ !

સૂરજ પ્રકાશે છે ને
ત્યારે બંદા ભ્રમર !
મારે તે વળી ઘર ?
—એ લાકડાં એ રંગ ?
અડબંગ !


ઝાપટાં ઝરમરે ને
ત્યારે બંદા પતંગ !
મારે તે વળી કપડાં ?
—એ પહેરવાં એ ઘાલવાં
એ ઉતારવાં એ સંકેલવા ?
ના ! હા !

વાયુ ફૂંકે છે ને
ત્યારે રહડ લટકાવતા ને ઝુલાવતા
બંદા અને બતેલા !

વસંત ઉઘડે ને
—એ મ્હૅાર એ કેસુડાં !
ત્યારે ખાટાખાટા કાતરા મોંમાં
ને ઘટામાં લપાઇને
બંદા પણ કૂજે કૂઊઊ કૂઊ !

ચાંદરણાં પથરાય ને
—એ છાયા એ પ્રકાશ !
ત્યારે એ ઠંડક, એ ફરફર, એ શાંતિમાં
તરુવર શા ડોલતા ને મ્હાલતા
બંદા પણ ગુંજે હાશ !

મારો મત જુદો છે



કોણ જાણે કેમ, પણ મારો મત જુદો છે.

શું લાંબા કાન છે માટે ? શું ધોળો વાન છે માટે ? શું ભાર વહે છે માટે ? આળોટે છે માટે ? શું ભુંકે છે માટે ?

લોકો એને મુર્ખો કહે છે.
એમાં મુર્ખાઇ ક્યાં છે ?
ઘોડાંના કાન લાંબા છે.
બગલાનો વાન ધોળો છે.
બળદ પણ ભાર વહે છે.
ઘોડો યે આળોટે છે.
કુતરૂં ય આળોટે છે.
ને ભુંકે નહિ તો શું કરે ?

ઘોડો હણહણે, ગાય ભાંભરે, ભેંસ રણકે, ને ગધેડું ભુંકે. એમાં નવાઇ શી ? એમાં બીચારો મુર્ખો શેનો ?

કોણ કહે છે એ મુર્ખો છે ?
કુંભાર કહે છે કે એ મુર્ખો છે ?
ધોબી કહે છે કે એ મુર્ખો છે ?
ત્યારે બીજાને શી ખબર પડે.

એક તો બીચારો બોલે નહિ; ખોળચંદી માગે નહિ; દિ' બધો ઢસડા કરે; રાત આખી ગાયા કરે; ને તો ય બીચારો મુર્ખો !

આ તે કાંઈ રીત કહેવાય ? આ તે કાંઇ ન્યાય કહેવાય ?

ભલે બધા માને નહિ; પણ મારો મત જુદો છે.

ગિજુભાઈ

પુષ્પાંજલિ

૬ ચમેલી

જૂના વખતમાં ચમેલી નામે એક અતિ સુંદર છોકરી હતી. તે પોતાની મા જોડે એક વાડીમાં રહેતી હતી. તે હમેશાં વાડીમાંનાં ફુલો તોડે અને

તેના ગજરા હાર વગેરે બનાવે, ને પછી પોતાની મા સાથે ગામમાં જઇને વેચી આવે. એ લોકો જોકે બહુ પૈસાદાર ન હતાં, છતાં સુખી હતાં. ચમેલીને વાંચતાં અને થોડું લખતાં પણ આવડતું હતું. તેને પરીઓની વાતો સાંભળવી અને વાંચવી બહુ ગમતી હતી. ચમેલી હમેશાં પરીઓની જ વાતો વાંચતી અને પરીઓમાં માનતી. એની વાર્તાઓમાં ઘણુંખરૂં એમ આવતું કે પરીઓ હમેશ માણસોને સુખી કરવા પ્રયત્ન કરે, અને પરીઓનાં દુશ્મનો એટલે સેતાનો હમેશ પરીઓને દુ:ખ દેવા અને માણસોને દુ:ખી કરવા પ્રયત્ન કરે. ચમેલીને એ સેતાનોની બહુ જ બીક લાગતી હતી.

એક દિવસ અચાનક ચમેલીની મા બહુ જ માંદી થઇ ગઇ. ચમેલીને મા બહુ જ વ્હાલી હતી, એ વાડીમાં એને માટે થોડાં ફળ લેવા ગઈ. ચમેલી ફળ લઇ પાછી આવીને જુએ છે તો મા બેભાન થઈ ગઇ હતી અને એને ખુબ તાવ આવ્યો હતો.

ચમેલીએ થોડું ચંદન ઘસીને તેને કપાળે ચોપડ્યું. પણ તેથી કાંઇ ફેરફાર થયો નહિ. તે તો ત્યાં જ બેઠીબેઠી રડ્યા કરતી હતી ને વિચાર કરતી હતી કે પરીઓ હમેશ ભલી ને દયાળુ હોય, માટે જરૂર તેઓ મારી માને સારી કરી દેશે.

સાંજે જરા અંધારૂં થયું, એ વખતે ચમેલી વાડીમાં બહુ જ દુ:ખી બનીને બેઠી હતી. એટલામાં એને પોતાની પાછળ કોઇ ઉભેલું હોય એવું લાગ્યું. એણે પાછળ ફરીને જોયું તો બહુ જ બીક લાગે એવી એક ઠીંગણી બૈરી ઉભી હતી. તે એવું તો ગંભીર હસતી હતી! ચમેલી તો એને જોઇ બહુ જ ગભરાઈ. એટલામાં તો એ વિકરાળ સ્ત્રી બોલી; 'ચમેલી, તને તારી મા વ્હાલી છે, કે પરીઓ?' બાપડી ચમેલીને શો જવાબ આપવો તેની સમજણ જ ન પડી. ફરીથી પેલી બૈરી બોલી, 'જો તારે તારી માને બચાવવી હોય તો આજથી પરીઓની વાતો વાંચવી અને એમની પ્રાર્થના કરવી મુકી દે, અને હું જે કહું તે કરવાનું વચન આપ.' ચમેલીથી તો આ સાંભળીને બોલી દેવાયું કે એ વાત કદિ નહિ બને. પેલી બૈરી તો ખુબ ભયંકર આંખો કરીને બોલી, 'એમ? તને ખબર છે, હું કોણ છું તે? હું તારી પરીઓનાં દુશ્મનોમાંની એક છું. માટે જો, તારી માને જીવતી રાખવી હોય તો મારૂં કહ્યું માન. હું કાલ સવારે પાછી આવીશ ત્યારે મને ચોખ્ખો જવાબ આપજે.' આટલું કહીને પેલી બૈરી તો લોપ થઇ ગઇ! ચમેલી ગભરાઇને અંદર ઓરડામાં દોડી ગઈ અને આવતી કાલે શો જવાબ દેવો તેનો વિચાર કરવા લાગી.

આખરે એણે વિચાર કર્યો કે પરીઓને તો ન જ છોડવી. એટલી વારમાં એની નજર એની મા પર પડી એટલે બાપડી પાછી ગુંચવાઈ ગઈ.

રાત્રે સુતાંસુતાં ચમેલીએ ખુબ વિચાર કર્યો. છેવટે નિશ્ચય કર્યો કે ગમે તે થાય પણ પોતાની વ્હાલી માને તો બચાવવી જ જોઇએ; અને જો પેલી સેતાન તેને બચાવે તો એનું કહ્યું કરવું. જેવો આ નિશ્ચય એણે કર્યો કે તરત જ એક મીઠો અવાજ સંભળાયો: 'ચમેલી, તું જે કંઇ કરે તે પુરો વિચાર કરીને કરજે. ખાતરીથી માનજે કે સાચી પરીઓનો હમેશ જય જ હોય છે!'


એટલે પાછી બાપડી ચમેલી તો બહુ જ ગુંચવાઈ ગઇ. એ આખી રાત પડીપડી રડી. સવારે તે વાડીમાં જઇને બેઠી હતી, ત્યાં થોડી વાર થઇ એટલે પાછળથી કોઇક બોલ્યું, 'કેમ ચમેલી, શો વિચાર કર્યો?' ચમેલી તો કાંઇ જ બોલી નહિ. એને તો કહેવાનું ઘણું યે મન થયું કે મારી માને બચાવ; પણ પાછો રાત વાળો મીઠો અવાજ સંભળાયો કે 'ચમેલી, જે કરે તે વિચાર કરીને કરજે. અને તને ખબર તો છે કે પરીઓને છોડી સેતાનો તરફ ગએલાં કોઇ સુખી થતાં નથી.' પેલી સેતાને ચમેલીને બહુબહુ સમજાવી પણ તે તો કાંઇ જ બોલી નહિ. આખરે પેલી ચીડવાઇ ગઇ અને બોલી કે 'તને છેલ્લી વાર કહું છું કે પરમ દિવસે સવારે તારે મને ખરો જવાબ આપવો જ પડશે. નહિ તો તારી માની આશા છોડી દેજે.' આટલું કહીને એ તો લોપ થઇ ગઇ. ચમેલી એની મા પાસે દોડી ગઈ. આખો બીજો દિવસ પણ તેણે રડવામાં અને વિચાર કરવામાં ગાળ્યો, પણ શું કરવું તેની સમજણ ન પડી.

ત્રીજે દિવસે સવારે ચમેલી વહેલી ઉઠીને બાગમાં ગઈ. તે નીચું મોઢું રાખી ઉદાસ થઇને શો જવાબ દેવો તેનો વિચાર કરતી બેઠી. થોડીવાર થઇ એવામાં બહુ જ ઠંડો સરસ પવન વાયો અને અતિશય

મીઠી સુગંધ આવી. કોઇક તેની સામે ઉભેલું હોય એવું તેને લાગ્યું. ચમેલીએ ઉંચું જોયું તો એક બહુ જ સુંદર ધોળાં લુગડાં પહેરેલી સ્ત્રી ઉભી હતી. તે દિવસે રાત્રે જે મીઠો અવાજ સંભળાયો હતો તેવા જ સ્વરે તેણે કહ્યું, ' જો ચમેલી, હું નહોતી કહેતી, કે ગમે તે થાય પણ આખરે પરીઓ જ જીતે ? ગઇ કાલે અમારે અને સેતાનોને તારે વિષે બહુ જ મોટી તકરાર થઇ હતી. અમે ઇન્દ્ર રાજા પાસે ન્યાય કરાવવા ગયાં ત્યાં અમે જીત્યાં અને સેતાનો પાસે કબુલ કરાવ્યું કે હવેથી કદિ તને અને બીજા કોઇને તેમણે દુઃખ ન દેવું.' ચમેલી તો આથી એટલી બધી ખુશ થઈ ગઈ કે તેનાથી પરીનો ઉપકાર માનવા જેટલું પણ બોલાતું નહોતું. તેની આખમાં હરખનાં આંસુ આવી ગયાં. પરી તો થોડીવાર થઇ એટલે હસીને લોપ થઇ ગઇ. ચમેલીએ તો ત્યાં જ બેસી આનંદનાં આંસુ પાડ્યા કર્યાં. એટલામાં એને અંદરથી કોઈ બોલાવતું હોય એમ લાગ્યું. તે દોડતી અંદર ગઇ ને જોયું તો તેની મા ભાનમાં હતી. ચમેલી હદપાર ખુશ થઇ ગઇ અને માને બધી વાત કહી.

બીજે દિવસે ચમેલી બાગમાં ફરતી હતી. ગઇ કાલે જ્યાં આગળ બેસીને તેણે આનંદાશ્રુ પાડ્યાં હતાં ત્યાં સુંદર ફુલ ઉગેલાં જોયાં. એ ધોળાં હતાં અને તેની સુગંધ, પરી જ્યારે આવી ત્યારે જે સુવાસ આવેલી તેના જેવી હતી. ચમેલીએ માને તથા ગામનાં લોકોને એ ફુલ બતાવ્યાં. જ્યારે લોકોએ બધી વાત સાંભળી ત્યારે તેમણે એ ફુલનું નામ ચમેલી પાડ્યું, કારણકે તે ચમેલીનાં હર્ષાશ્રુમાંથી ઉત્પન્ન થયાં હતાં.

: આવતે મહીને છેલ્લી વાત 'સેવતી'નાં ફુલની : 'મુકુલ'માંથી



નવાં પુસ્તકો



કલિકા

કર્તા: અરદેશર ફરામજી ખબરદાર

માઉન્ટ રોડ, મદ્રાસ: કીં. રૂા. ૨

વીરરસિક કવિ ખબરદાર 'કુમાર'-ની માધુકરીના રસિયા વાંચનારને અજાણ તો નથી; તોપણ એમનો વિશેષ પરિચય જરા રસમર્યો થશે.

રા. ખબરદારની છબી જોશો તો તમને જણાશે કે એ ખરા કવિ છે; જોકે આમ તો એ બહોળા ધંધાના વેપારી છે.

એમનું શરીર ગૌર, દેખાવડું અને દઢ પહેલવાન જેવું છે, પરંતુ વરસો થયાં તેઓ ભારે રોગથી પીડાય છે; અને માંદગીને બીછાનેથી લખાએલી એમની કવિતાઓ સરસ જ નીકળી છે.

તેઓ પારસી છે અને લાંબા કાળથી ગુર્જરી ભાષાના મહા અનુરાગી ભક્ત છે. તેઓ દલપતશાઇ કવિતાઓથી માંડી અર્વાચીન યૂરોપ અમેરિકાના કવિઓના સરખી કવિતાઓ રચવા અખંડ પ્રયત્ન ઉઠાવી રહ્યા છે.

ખબરદારને બહુ સારૂં ગાતાં તો કદાચ નહિ આવડતું હોય—જોકે એમનો અવાજ બુલંદ છે—તોપણ વરસદહાડે બેચાર નવા છંદ એ બનાવી કાઢે છે. લાગે કે જાણે તેઓ એક નવું જ પીંગળ પ્રગટ કરવાના હોય ! એમના આ છેલ્લા મહાકાવ્ય ' કલિકા 'નો મુક્તધારા છંદ સરળ, સ્પષ્ટ, લાંબો અને તદ્દન નવો જ યોજ્યો છે.

તેઓ દીર્ઘ કાળથી ગુજરાત બહાર વસવાટ કરે છે અને તે છતાં કોઈ ગુજરાતીને રહે તે કરતાં સોગણું અભિમાન તેઓ ગુજરાત સારૂ ધરાવે છે ને સાચા કવિના ઉદ્ગાર કાઢે છે કે

'જ્યાંજ્યાં વસે એક ગુજરાતી, ત્યાંત્યાં સદાકાળ ગુજરાત.'

એમનું આ ' કલિકા ' એ પ્રેમનું મહાકાવ્ય છે ને એમાં શૃંગાર વર્ણવાયો છે; જોકે એમને કીર્તિ તો રાષ્ટ્રગીતોનો વીરરસ રેલવનાર તરીકે વરેલી છે, અને એ બાબતમાં તો એ પ્રથમ નંબરના કવિ નાનાલાલથી યે ચડી જાય છે. 'કલિકા'નું વસ્તુ નવરસવાળું ગંભીર છે. એમાં સંગીતનું વહન ત્રેવડું લાંબું છે, ભાષા સંસ્કારી ને સરલ, ભાવ સરસ ને ઉચ્ચ, કલ્પના તાજી ને ચિત્રખચિત છે. દરેક શબ્દમાલામાં કવિ કાં તો કુદરતના દશ્ય દ્વારા કે કાં તો માનવહૃદયના ચિત્રદ્વારા પોતાના પ્રેમીજનનો સંપૂર્ણ સાક્ષાત્કાર કરાવે છે. જાણે કે

નવીન વિચારને હુલાવતો કો કવિ જેમ
કળામાં વીંટાતો તેને દેવા અવતાર;

કલ્પનાનાં વાદળોમાં ઉડતો તે ઘુમી વળી
વીજળી શી કવિતાને શોધી લાવે બહાર.

ક્યારેક તો ભાષા ને ભાવ એકરૂપ–એકરસ બની જાય છે:

નાની નાની સફરીઓ સાગરતરંગ પર
ધીમેધીમે આવે જેમ સરતી કિનાર

અને અર્પણની કલ્પનામાધુરી જુઓ:

ધરાતણાં વારિ શોષી ઇન્દ્રધનુલીલા દાખે,
મેઘ એવો અમી પાછું રેડે ધરાપાદ;
વ્યોમખાણે પાકયાં રત્નો વ્યોમમાં સમાય, શોભે,
અંતરે જ ઉદ્ધરે છે અંતરના નાદ.

શૃંગારરસની વાત બાજુએ મુકીએ તોપણ ભયાનક રસનાં ચિત્રો !

ધગધગ ધગી રહે ધરા ખુબ ઘોમ થકી,
જગેજગે તાપ જાણે ભરે સિંહફાળ;
ઉકળે સમુદ્ર અને ઉકળે રુધિર ઉંડાં,
નીર ઉડી આંખમાંથી ઝરે ઝાળઝાળ:

. . . .

જોતાં જોતાં ગગન આ ઘેરાયું અબોલ ઉંડું,
દશે દિશ ઉડી દોડે વાદળાંનાં ભૂત;
હૈયે ધખે ધૂણી તેના ભડકા ત્યાં જીભ કાઢે,
ઉંડી વ્યથા ધૂણે પૂઠે બની અવધૂત:

નીચલી કડીમાં વાણીની નરી સરલતા પારખો:

રજનીને કહો, ભુલી જા તું તારા તારલાને,
પ્રભાતને કહો તારા ભુલી જા ઉજાસ;
ઉદધિને કહો તારી ભરતીને જા તું ભુલી,
વસંતને કહો તારા વિસર વિલાસ:
કુસુમને કહો ભુલ તારી સુકુમારતાને,
ધરણીને કહો ભુલ તારૂં ધ્રુવધ્યાન;
ભુલાતું જો હોય તો તો ભલે ભુલી દેવું એવું;
હું ય ચાહું ભુલવા આ પ્રિયા કેરૂં ગાન.

અને આ બે જ લીટીમાંનું પ્રકૃતિદશ્ય કેટલું અદ્દ્ભુત છે !

જાણે ગોરી જળભરી વાદળીની કન્યાકા કો
ન મનાતા પર્વતને કંઠે પડી રોય.

પ્રેમનો મહિમા કવિ ગાય છે કે :

પ્રેમ છે ત્યાં આશ વસે, પ્રેમ ત્યાં પ્રકાશ લસે,
પ્રેમ છે ત્યાં જીવનના જાગે ધબકાર;
પ્રેમ જો ન રહ્યો કે ન રહી તેની છાંય, તો ત્યાં
દષ્ટિએ ભીડાશે બધી દુનિયાનાં દ્વાર;
જીવનની અંધરાતી કઢણથી ખરી પડી
સુકા પત્ર જેવી ગબડશે નીચે આશ,
ફીણફીણ થતા કાળા સિંધુના ઉછાળા વિષે
અંતે ડુબી જશે ઉંડાં અંધારાં આકાશ.

' કલિકા 'માં છેલ્લું વિદાયગીત તો ઘણું સુંદર છે. એમાં કવિ પોતાનાં ગીતને કરુણ વિદાય દે છે:

હૃદયના રુધિરનું એકેએક ટીપું મારૂં
કંઠે તમ માણેક શું ઝળી રહ્યું પૂર:
જગત આ હૃદયને ભુલી જશે—ભુલવા દો,
જાઓ, મારાં ગીત, ઝળી રહો પૂરનૂર!
જાઓ, મારાં ગીત, જે છે ગાયાં તે તો ગાયાં કાલે,
રહ્યાં અણગાયાં તેની ચિત્તમાં બિછાત;
અધુરી રે અધુરી આ આજ એવી આંકું ઉરે,
મધુરી રે મધુરી છે કાલ કેરી વાત.

આકાશના તારાઓને ખાંડણીમાં ખાંડીખાંડી
કળાથકી કાઢયું સર્વ તેજનું યે તેજ;
સાગરોનાં વારિ નભચાળણીમાં ચાળીચાળી
અમીનું યે અમી મોંઘું ગાળ્યું ઉરે એ જ;
હૃદયનાં અમૃત ને આંખનાં છે તેજ લીધાં,
ઘુંટીઘુંટી એકરસ કીધાં અહીં આજ :
જાઓ, મારાં ગીત,એને ચખાડો જે ચાખી જાણે,
રાખી જાણે રસ એનો એવી પ્રિયા કાજ !

વખતના વહેન સાથે રા. ખબરદારની ભાષા પણ ગાઢ, ગૂઢ, સરળ, શિષ્ટ અને આમવર્ગની વધુ અંશે પ્રતિનિધિ જેવી થઇ છે; અને ભાવદર્શન વધુ તીવ્ર તથા એકાગ્ર બન્યું છે; જાણે આમ્રકુંજ ને ગુજરાતણના પ્રેમી કવિ નાનાલાલની રાસઘટાના જેવું ન્હોય !

કોણ જાણે કેમ, પણ એમને પોતાનાં પુસ્તકોનાં નામને ' ઈકા ' પ્રત્યય લગાડવાનો શૉખ છે; એક 'ભારતનો ટંકાર' બાદ કરતાં. જેમકે કાવ્યરસિકા, વિલાસિકા, પ્રકાશિકા, સંદેશિકા અને આ છેલ્લી ' કલિકા '. સાંભળ્યું છે કે હવે પછી ' ભજનિકા ' નીકળવાની છે !

તેઓ ગુજરાતી કવિતાના પાવરધા અને રસિયા છે એટલું જ નહિ, પરંતુ અંગ્રેજી પદ્યનો પણ સારો અભ્યાસ ધરાવે છે અને 'ધ સિલ્કન ટૅસલ' નામે પોતાની અંગ્રેજી કવિતાઓનો એક ગુચ્છ પણ એમણે બહાર પાડયો છે.

આવા અજબ અને અમુક અંશે અદ્દ્ભુત કવિની પ્રતિભાને જોવા–ઝાંખવા કોણ ન વાંછે ? અમે ઇચ્છીએ છીએ કે કવિ ખબરદારનો પરિચય ઉગતું ગુજરાત વધુ ને વધુ કરે.

ગદ્યનવનીત સંયોજક, વિશ્વનાથ મનગલાલ ભટ્ટ. પ્રકાશક, ભરૂચ કેળવણી મંડળ, ભરૂચ: ૨–૮–૦

ગદ્યસાહિત્યનો આ પ્રતિનિધિ જેવો ગ્રંથ સંયોજન તેમજ પ્રકાશનનો નવો પ્રકાર પાડે છે. આજસુધીમાં પદ્યના કોઇકોઇ સ્વતંત્ર કે સુગ્રથિત સમુચ્ચયો પ્રગટ થયા છે; પરંતુ ગદ્યનો મહાસાગર ખેડવાનું આવું સાહસ આ કદાચ પહેલવહેલું છે.

આ ગ્રંથમાં ઉછરતી પ્રજાને સારૂ અભ્યાસની નજરે ઘણુંઘણું છે. ભાષાની ભાતીગળ શૈલીઓ છે, જુદાજુદા લેખકોનાં

સજાતીય લખાણોની સરખામણીઓ છે; ભદ્ર પુરુષોનાં ચિંતન અને ચારિત્ર્ય છે, મન અને માણસાઇ છે, દિશા અને દૃષ્ટિ છે; નવયુગની પ્રેરણા અને ભાવના છે, સાહિત્યનું વૈશાલ્ય લાગે એટલું ઉત્તેજન અને ઉંડાણ છે.

ટુંકી નોંધ રૂપે છેડે આપેલું 'માર્ગદર્શન' વિવેકભર્યું ને હેતુપુરઃસર થયું છે. પરંતુ, જીવન અને કવિતાની સૌરાષ્ટ્રી લેખનશૈલીના ભક્ત ભાઇ મેઘાણી, તેજીલી તથા શિષ્ટ વિવેચન-શૈલીના સર્જક ભાઇ વિજયરાય તેમજ સંસ્કારી અને સૌમ્ય વર્ણનશૈલીના સંચાલક ભાઇ મહાદેવ દેસાઇ—એ લેખક-ત્રિપુટીને, સંગ્રાહક ભાઇ વિશ્વનાથ ભુલી ગયા લાગે છે. રા. મુનશી ને રા. ધૂમકેતુની તેજસ્વી વાર્તાઓ આપી છે તેમાં નવીન તરેહની આ ત્રિવેણીના સંગમનો યોગ સધાયો હોત તો આ ગ્રંથ વધુ તાજો ને વધુ પુરો બન્યો હોત.

આજનો જુવાનવર્ગ રેઢિયાળ નવલકથાઓના પામર સંવાદો વાંચવાની ક્ષુલ્લકતા ને ક્ષુદ્રતા છોડીને આ ધીરગંભીર ગ્રંથનાં અધ્યયનમનન વડે અભ્યાસી બને એવું ઈચ્છી એ પોતાના સરસ્વતીમંદિરમાં વસાવવા સૌને ભલામણ કરીએ છીએ.

મોખરે

ત્રણ સૈકા પહેલાં ઇંગ્લંડને કીનારેથી ઉપડેલી ૧૦૨ માણસોની એક ટોળીએ દરિયો વીંધી દુનિયાના બીજા છેડા પર પડેલા એક ઉજ્જડ દેશ ઉપર વસવાટ આદર્યો, અને આજ ત્રણસો વરસ પછી એ દેશ ને એની પ્રજા દુનિયામાં મોખરે છે—ધનસંપત્તિ, જ્ઞાનવિજ્ઞાન, સત્તા ને સ્વાતંત્ર્યમાં. આટલી ટુંકી મુદતમાં અમેરિકા જેવડો દેશ હાથ કરવો, એને નીવડાવવો, સંસ્કૃતિનો વિકાસ કરવો ને પ્રગતિના આ જમાનામાં મોખરે આવી ઉભા રહેવું એમાં કેટલા પ્રાણબળની જરૂર પડી હશે! ત્યાંના નવલોહિયા જુવાનોમાં પ્રાણનો કેટલો થનગનાટ હશે! સાંભળતાં જ નવાઈ થાય છે કે આટલી સિદ્ધિ એ પ્રજાએ કેમ મેળવી હશે!

એની કુંચી એ પ્રજાના ઘડતર સંબંધીનાં થોડાં પુસ્તકોમાંથી લાધે એમ છે. સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલયે હમણાં પ્રસિદ્ધ કરેલાં **'આગળ ધસો'** અને **'દાનવીર કાર્નેગી'** એ બંને એ પ્રકારના ગ્રંથો છે. અમેરિકાની ઉગતી પ્રજામાં ઓજસ ને ચેતન ભરનારા ઉત્તમ ગ્રંથોમાં 'આગળ ધસો'ની ગણના થાય છે. પ્રેરણાભરેલા દાખલાઓ ને પ્રસંગોથી એ પુસ્તક ખીચોખીચ ભરેલું છે. અને એનાથી કોઈ રીતે ન ઉતરે એવું—બલ્કે કદાચ ચડે એવું—એ બીજું પુસ્તક 'દાનવીર કાર્નેગી' છે. ટોપલી સારનાર મજુરિયા અને તાર લાવનાર છોકરામાંથી દુનિયાના કુબેરભંડારી ગણાવા જેટલી અનગળ દોલત સ્વબળે કમાનાર અને એટલાં જ અપૂર્વ દાન દેનાર એ અમેરિકનની આ જીવનકથામાં ચેતનની એટલી તો ચીનગારીઓ છે કે કોઈપણ જુવાન વાંચનારને તે સળગાવી મુકે. ઉગતી પ્રજા આ પુસ્તકો અવશ્ય વાંચે. પહેલાની કીમત પોણાબે રૂપિયા ને બીજાની દોઢ રૂપિયો: પાકાં પુઠાં સાથે.



ઉ ગ તી પ્ર જા

ગુજરાતનાં કળાકિરણો

દસ વર્ષ પહેલાં ગુજરાતમાં કળાનું નામ લેતાં ભાગ્યે જ કોઇ માણસ એ શબ્દનો ધ્વનિ ઝીલતો. કળાતત્ત્વ ભાગ્યે જ મહત્ત્વનું ગણાતું. આજે તેથી જુદી જ દશા છે. દરેક ભણેલો માણસ, કેળવાએલી કન્યા કે નીશાળનો વિદ્યાર્થી કળા અને કળાકારની સ્થિતિમાં રસ લે છે; નીશાળોનાં શિક્ષણમાં કળાનો મોટો ભાગ કેમ અપાય તેનાં ચિંતનો થાય છે; 'ગુજરાતની કળા' બોલતાં લોકોને રાષ્ટ્રગૌરવની લાગણી થાય છે. ગુજરાતને કળા છે એમ સૌનાં મન કબુલ કરે છે, માત્ર તેની સ્પષ્ટ રેખા કે મર્યાદા જોવાને સૌ શક્તિમાન નથી. છતાં કળાનાં અજવાળાં દેશમાં દેખાય છે એ વાત કોઇને સમજાવવી નહિ પડે.

કેટલાક સંસ્કારી અને સારી કેળવણી પામેલા જુવાન વિદ્યાર્થીઓએ કળાનો અભ્યાસ જીંદગીની કારકીર્દી માટે શરૂ કર્યો છે. દેશને સંસ્કારી અને સુરૂચિવાળી કળાની ભુખ છે. તે કોઈ કાળે પણ પુરી કરે એવા ચારપાંચ ઉગતા કળાકારો પોતપોતાની શાળાના પગથારેથી કળાકિરણો ફેંકી રહ્યા છે. ભાઇ કનુ દેસાઇ તો 'કુમાર'ના વાંચનારને સુપરિચિત છે. પણ શાંત, ધીર સ્વભાવના ભાઈ સોમાલાલ શાહ પોતાની મેળે આગળ ધસી આવે એવા નથી. પરંતુ તેમનામાં સાચા કળાકારની ભક્તિ અને એકનિષ્ઠા છે. ઉમરેઠના છેલ્લા વિદ્યાર્થી સંમેલનમાં ઉગતા કળાકારોની પંક્તિમાંથી તેમને પહેલા નંબરનો રૂપાનો ચાંદ મળ્યો હતો; અને હમણાં જ મુંબાઇમાં મળેલી સાહિત્ય પરિષદના કળાપ્રદર્શનમાં એ ભાઇને સોનાનો ચાંદ મળ્યો છે, એ એમની જીંદગીમાં બહુ અભિનંદનીય માન મળ્યું કહેવાય. ભાઇ સોમાલાલ તો અમારા નિકટ પરિચયમાં છે એટલે એમને વિષે અત્યારે વિગતવાર નહિ લખતાં એમને ઉત્તરોત્તર સવિશેષ કલાપ્રાપ્તિ થાય એમ જ ઈચ્છીશું.

એ જ પ્રદર્શનનો બીજી પંક્તિનો રૂપાનો ચાંદ મેળવનાર ભાઈ જગમોહન મિસ્ત્રી પણ હજુ કુમાર જ છે. એમનામાં ચાલુ જરૂરિયાતનાં ચિત્રો સુશોભનો વગેરે પુરાં પાડવાની શક્તિ અત્યારથી આવી ગઈ છે, છતાં કોઇકોઈવાર કલ્પનાની મધુર છાંટવાળી ચિત્રકૃતિઓ તે ઉપજાવે છે.

દેશનાં બીજાં શહેરોમાં અને ગામોમાં કેટલા યે આશા-ભર્યા કુમારો ચિત્રકળાની ઉપાસનામાં ગુંથાયા છે. એમાંના

ઘણાને અમે સારી રીતે પીછાનીએ છીએ અને સમય આવતાં દરેકની યોગ્ય નોંધ આપીશું; પરંતુ આ દરેક ઉપાસકને અમે ભલામણ કરીશું કે મિત્રો અથવા લોકોના અભિપ્રાયો કે ઈનામો ને ચાંદોની લાલચ પર તમારા અભ્યાસનો પાયો રાખશો નહિ. બીજી એક બાબત પર પણ આખી પ્રજાનું ધ્યાન ખેંચવા માગીએ છીએ કે આપણા દેશની હવા અને સ્થિતિ જોતાં આપણને ચિત્રકારોના જેટલા જ અથવા તેથી વધુ પ્રમાણમાં નવા આકાર ઘડી શકનારા કલાકારોની જરૂરત છે. મૂર્તિઓ ઉતારવાનું, આરસ કોરવાનું કે બીજું ઉત્તમ શિલ્પ કરવાના કામનાં ક્ષેત્રો હજી તદ્દન અણખેડયાં પડયાં છે. તે તરફ પણ ઘણા ઉત્સાહી ઉગતા કળાકારો નજર દોડાવશે એવી અમે આશા રાખીએ છીએ.

નાનકડાં નાગરિકો

બાળકોને મન તો કો રમ્ય કલ્પનાભોમ જેવું અમદાવાદમાં એક સ્થળ છે. સાદું મકાન આસપાસ નાનીશી વાડી, રમણીય ચોકમાં ઘેઘૂર પીપળાનો વૃક્ષનો છાંયો, મહાદેવનું નાનકડું મંદિર ને પાસે સુંદર ઘાટીલી પરબડી! શહેરી ધમાલથી દૂર એક શાંત સ્થળે આવેલી આ ‘ બાલવિહાર ભૂમિ ’માં ગુજરાત વિદ્યાપીઠની વિદ્યાધરી જેવી ‘ નવી ગુજરાતી શાળા ’ આજ થોડા વર્ષથી શાંત ધીર પ્રગતિ કરી રહી છે. એનો વાર્ષિક મેળાવડો હમણાં જ વિદ્યાપીઠના કુલ નાયક શ્રી નૃસિંહપ્રસાદ ભટ્ટના પ્રમુખપણા હેઠળ થયો હતો. એ વેળા એના નાનકડાં વિદ્યાર્થીઓએ સંવાદો, સંગીત, રમતો ને કસરતો જે ઠાવકાઇ, સમજ ચોંપ અને ઉમંગપૂર્વક કરી બતાવ્યાં એમાં નવા યુગનો પ્રાણ સુરેખ દીસતો હતો.

આવતી કાલનાં એ નાનકડાં નાગરિકો—કન્યાઓ ને કુમારો—સાથે મળી જે છુટ ઉલ્લાસ, મળતા અને સ્વાધીનતાની વૃત્તિથી અહીં વિકાસ પામે છે એનું એ મેળાવડામાં સ્પષ્ટ પ્રતિબિમ્બ હતું અને આવતા ઉજળા યુગનું સૂચન હતું. અમને એક વાત ખુંચી. બાળકોનાં શરીર કંતાએલાં ને નિર્બળ હતા. આ આખી યે શાળા અને એનો અખતો વિકાસ એ એના વત્સલ હૃદયના આચાર્ય પાનાચંદ સાંગાણી અને અધ્યાપક મંડળની ભાવનાનું મધુર ફળ છે.

સ્વીકાર

શુભસંચય: ખાસ ઉપયોગી ૧૦૦ ટુંકા લેખોનો સરસ સંગ્રહ: પ્રગટ કરનાર સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય, અમદાવાદ. વૈશાખની આખર સુધીમાં રિપ્લાઇ કાર્ડ લખી મંગાવનારને ભેટ મળશે. ત્યાર પછી કીમત ત્રણ આના. આ ભેટ દરેક જણે ઘરમાં વસાવવા જેટલી ઉપયોગી તો અવશ્ય છે જ.


જગદ્દગુરુ: લેખક અને પ્રકાશક, શંભુપ્રસાદ મણિશંકર ઇનામદાર, પાટણ: કી. ૦-૮-૦

જ્ઞાનલીલા

ગયા માસના સવાલોના ઠીક ઉત્તર આવ્યા છે, પણ સંપૂર્ણ ખરા તો બે જ જણના છે: (૧) છગનલાલ ભગુભાઇ સોલંકી (વાંકાનેર); (૨) કિરીટસિંહજી જોરાવરસિંહજી ગોહિલ (ભાવનગર). ઘણાએ તો કાળજીને અભાવે સહેજ ભુલ કરી નાખી છે. દાખલા તરીકે ભાઈ શંકર કાલેલકર, ચંદ્રકાન્ત વિશ્વનાથ ભટ્ટ અને નંદલાલ શિવશંકર ત્રિવેદીએ તદ્દન ખરા જવાબો લખ્યા છતાં કહેવતોના ઉત્તર આપવામાં મુળ પુછેલા વાકયને કાળજીથી જોયા વિના ઉતાવળથી ભળતું જ વાકય લખી નજીવી ભુલને લીધે ખોટું પાડયું છે. નાનીનાની બાબતોમાં ચોકસાઇ રાખવાથી જ મોટાં કામોમાં સંપૂર્ણતા લાવવાની ટેવ પડે છે.

ઉપરાંત, હજી પણ ઉત્તરો મોકલનારના ચિત્રવિચિત્ર ઢંગ તો એવા જ દેખા દે છે. કોઇ પોસ્ટકાર્ડ પર જવાબો લખી મોકલે છે, તો કોઇ ઢંગધડા વગરના ચીંથરિયા કાગળ ઉપર ગરબડિયા અક્ષરો ચીતરી મોકલે છે. કાગળ, અક્ષર અને ઉત્તરોની એકધારી સુઘડતા બહુ જ ઓછામાં નજરે પડી છે. સૌનું ફરીથી જ્ઞાનલીલાની શરતો તરફ ધ્યાન ખેંચીએ છીએ. ખરા ઉત્તરો નીચે મુજબ:

હાથીનો જવાબ



શબ્દ ગોઠવણુ

છ ત્રી સ

વા ત્ર ક

વિ લા પ

અ તિ થિ

શિ શિ ર

અ વા ક

કા ળ જી

સગાઈ: (૧) ભાઇબહેન; (૨) મામાફઈના છોકરાની વહુઓ. **શોધી કાઢો**: (**અ**–કહેવતો) (૧) વખાણી ખીચડી દાંતે વળગી; (૨) અણી ચુકયો સો વરસ જીવે; (૩) આડી રાત તેની શી વાત ? (૪) શેઠ આવ્યા તો કે નાખો વખારે; (૫) ભણ્યા ભુલે ને તારા ડુબે. (**બ**) રાવળ (**ક**) પત્રકાર (**ડ**) બગાસાં (**ઇ**) પાઘડી, રણછોડ, રાજકોટ. (**ફ**) છોકરાઓ સામસામાં મોં કરીને જ બેઠા હતા. **ગણિતગમ્મત** (૧) લંબાઈ ૧૧૧ વાર, પહોળાઇ ૩૭ વાર (૨) ૨૪મી ફેબ્રુઆરી ૧૯૨૬.

નવા સવાલ

ઉત્તરો જેઠ સુદ દસમ સુધીમાં અમને પહોંચી જવા જોઇએ.

શોધી કાઢો: (૧) અમે ત્રણ શબ્દો છીએ. દરેક ચાર અક્ષરનો બનેલો છે. અમારો દરેકનો માત્ર ત્રીજો અક્ષર જ જુદોજુદો છે; એ સિવાય દરેકનો પહેલો, બીજો ને ચોથો અક્ષર એકસરખા છે અને એમાં રાજા રહે છે. અમારા બે

જણના ત્રીજા અક્ષર મળીને એક માપ દર્શાવે છે. પહેલાનો અર્થ મિજલસ બીજાનો અર્થ મુદત અને ત્રીજાનો અર્થ તો ખેડુતો બરોબર સમજે છે. અમે કોણ હઈશું ?

(૨) જેની પહોળાઇ કરતાં લંબાઈ પાંચ ગણી હોય એવો એક લંબચોરસ કાગળ લઈ તેના એવા પાંચ ટુકડા કરો કે જેને ગોઠવતાં એક સમચોરસ બની રહે.

(૩) કૈલાસમાંથી નીકળી શિવજી દક્ષિણ તરફ ચાલ્યા. રસ્તામાં એક નદીને કાંઠે બેઠા ત્યાં એક કવિનો જન્મ થયો. એ કોણ ?

(૪) પાન સડે, ઘોડો અડે, વિદ્યા વિસરી જાય;
તવા પર રોટી બળે, કહો ચેલા કયમ થાય ?

ગુરુએ ચેલાને ઉપલા દોહરામાં પુછેલા ચારે પ્રશ્નોનો એક સામાન્ય ઉત્તર છે કે 'ફેરવ્યા વગર'. આ જ પ્રમાણે નીચેના ત્રણ દોહરાઓમાં પુછેલા પ્રશ્નોનો દરેક દોહરા દીઠ અક્કેક ઉત્તર છે તે શોધી કાઢો.

કણ સડે કોડી ભર્યાં, કાંસું કાટ જ ખાય;
જોગીડો ઝાંખો ભમે, કહો ચેલા કયમ થાય ?

ખરે ઉનાળે ઘર પડે, ઘોડો ઘાસ ન ખાય;
છતે ખાટલે ભોંય સુએ, કહો ચેલા કયમ થાય !

ગાડું છુટયું રણ વિશે ઘાયલ પડયો પસ્તાય;
આંખો આવી દુખવા કહો ચેલા કયમ થાય ? (કે. ચં.)

(૫) કહેવતો ગુંચવાઇ ગઇ છે: (૧) સો સો હારા ગંતાળા બત્રીસ ભી વઉરાવ (૨) નક્કર અને જગ ન હોલવાય (૩) એઠી ચોલીની કોરમાં મોંધા માનેરૂ (૪) જવ દળતાં પડ નિસીમ ટેકો માગી (૫) અલોપા તે પતિનું ભજમુ.

ગણિતગમ્મત: (૧) નાનામાં નાની એવી સંખ્યા શોધી કાઢો જેને બેથી છ સુધીના ગમે તે આંકડા વડે ભાગતાં ૧ શેષ વધે, અને સાત વડે ભાગતાં શૂન્ય રહે. (૨) ત્રણ વરસ પહેલાં સાવિત્રી કરતાં સવિતા ત્રણ ગણી મોટી હતી, અને ત્રણ વરસ પછી બમણી મોટી રહેશે, તો અત્યારે તેમની ઉમર કેટલી હશે ? (૩) એવી બે રકમ શોધી કાઢો કે જેનો ગુણાકાર ૫૬૭ થાય, સરવાળો ૭૨ થાય, બાદબાકી ૫૪ થાય અને ભાગાકાર ૭ આવે.


શબ્દ ગોઠવણ: બાજુમાં બતાવ્યા પ્રમાણે નીચે મુજબની

. × . ઓળખાણના સાત શબ્દો શોધી કાઢી ગોઠવશો
. × . એટલે એમના વચલા અક્ષરોથી બનેલી
. × . ચોકડીઓની ઉભી હારમાં એક પ્રખ્યાત રાજ-
. × . નીતિજ્ઞ પુરુષનું નામ ગોઠવાઇ જશે. (૧) એક
. × . સિક્કો (૨) હિંદુસ્તાનની એક નદી (૩) વિપત્તિ
. × . (૪) એક હથિયાર (૫) ગુજરાતનો એક પ્રદેશ
. × . (૬) શ્રદ્ધાળુ (૭) હુન્નર (ન. ના. શાહ)



૮મી ગુ. સાહિત્ય પરિષદના પ્રમુખ શ્રી રમણભાઇ કુમાર હતા ત્યારે.





તમારો શાહીનો ખડીઓ વારંવાર ઠેસ કે ઠોકર વાગવાથી ઢોળાઈ જતો હોય તો એક જાડા પુંઠાના ટુકડામાં કાણાં પાડી તે પર ખડીઆને દોરી વડે આમ બાંધી લેજો.




માધુકરી

જે ભૂ પર શ્રીકૃષ્ણપ્રભુએ રાજ્યદંડ કરમાં લીધો,
જે ભૂમિ પર પરશુરામે બ્રહ્મત્વનો વિજય કીધો;
જેની કુખનાં દયાનંદ ને ગાંધી સમ રત્નો રાજે,
તેની વાકનાં વિજયદુંદુભિ સતત અખિલ જગમાં ગાજે.
પ્રથમ શબ્દ મેં એ વાણીમાં શ્રવણ કર્યો માને મોઢે,
પ્રથમ શબ્દ મેં એ વાણીમાં ઉચ્ચાર્યો કાલો કોડે;
શતશત સહસ્ર લોકો આજે એ વાણી વાપરનારા,
પંચખંડમાં પ્રસરી રહ્યા એ બૃહત વાક્યના ભણકારા. — **મનહરરામ મહેતા**

દલિતોના બાપા

ઉથલપાથલો, ક્રાંતિઓ અને ઝંઝાવાતોથી દુનિયાને ટ.રી, ચકિત કરી, સ્તબ્ધ કરનારી અને પોતાના ઝળહળતા પ્રતાપ-પુંજથી જગતને આંજનારી અનેક મહત્તાઓનાં ઇતિહાસે જીવનચરિત્રો આલેખ્યાં છે, દુનિયાએ કીર્તિસ્તંભો ચણ્યા છે ને જગતને જયઘોષ ગજવ્યા છે. પણ સાદી સરલ રીતે, દુનિયાને કોઇ અંધારે ખુણે, સેવા કરીને દટાઇ જનારા સાચા કલ્યાણદાતાઓનાં નામ નથી ઇતિહાસમાં સંઘરાયાં કે નથી તવારીખને ચોપડે ચડયાં. તેઓએ ગગનમાં છલંગો નથી દીધી: ધરતીનાં પોડાંમાં રગદોળાઇને ગુપ્ત કલ્યાણ સીંચ્યાં છે.

એવા, કશી અસાધારણતાના ઝળહળાટ વિહોણા એક કલ્યાણકામીની જીવનરેખાઓ ખેંચતાં એમાં તાજ્જુબ કરનારી



શ્રી અમૃતલાલ ઠક્કર   સ્કેચ: રવિશંકર રાવળ

ઘટનાઓ નથી સાંપડતી. જગતની પાટી પર મંડાતાં ને ભુંસાતાં અનેક જીવનોની ઘટનાઓ પેઠે એ જીવનની પ્રસંગ-પરંપરાઓ પણ સામાન્યપણે વહેતી આવી છે.

ભાવનગરની લોહાણા જ્ઞાતિના એક ખાનદાન સજ્જન ઠક્કર વિઠ્ઠલદાસ લાલજીના છ પુત્રો માંહેલા એક અમૃતલાલ સં. ૧૯૨૬ના કાર્તિકમાં જન્મ પામ્યા.

પછી પાટી લઇને અમૃતલાલ ભણવા બેઠો. મૅટ્રિક સુધીનો અભ્યાસ એણે ભાવનગરમાં ફુકેલ્યો. ત્યાંના ભાગેડુ નીશા-ળિયાઓ પૈકી એની પણ નામના હતી. ઘેરથી નીકળી નીશાળને બદલે બીજે સ્થળે પાટકવું, નીશાળમાંથી છટકવું, એ એની વિદ્યાર્થી-જીવનની અદ્ભુતતા હતી. બુદ્ધિ તેજસ્વી હોવાથી ગણિતના વિષયમાં એને રસ પડયો. ઇ. સ. ૧૮૮૬માં સ્કૉલરશિપ લઇ મૅટ્રિક પાર કરી. ગણિતના વિષય પ્રત્યેની અભિરૂચીએ એમને પુનાની ઇજનેરી કૉલેજમાં ખેંચ્યા અને ૧૮૯૦માં એમણે એલ. સી. ઇ. ની ઉપાધિ પ્રાપ્ત કરી.

હવે વિદ્યાર્થી અવસ્થા છોડી યુવાન અમૃતલાલે ધુળ, પથ્થર અને લાકડાંઓની સાથે જીવનને જોડી દીધું. ૧૮૯૧માં બારસી રેલવેનું ઓવરસીઅર પદ મેળવ્યું. તુરત રૂ. ૧૭૫ને પગારે બી. જી. જે. પી. રેલવેનું આસિ. ઈજનેર પદ પ્રાપ્ત કર્યું. અહીં એમણે પોતાની પ્રમાણિકતાની સુવાસ મ્હેકાવી દીધી.

જેતલસર-રાજકોટની નવી રેલવેના બાંધકામમાં જેઓનાં ખેતરો કપાતાં હતાં તેઓએ પોતાની જમીનને સડકમાંથી બચાવી લેવા માટે રૂપિયાની થેલીઓ લાવીને અમૃતલાલને પગે ધરેલી તેનો જવાબ એ પગે લાત મારીને વાળેલો! ઇજનેરખાતું એ તો કાજળની કોટડી. ત્યાં અમૃતલાલભાઇની પવિત્રતા કોને પાલવે? અનેકની આવકો પર કાપ મુકાયા હશે, એટલે અમૃતલાલભાઇને એ નોકરી છોડવી પડી.

ત્યાર બાદ વઢવાણ અને પોરબંદરનાં રાજ્યમાં નોકરી કરી. ભાદરના બંધને પથ્થરે પથ્થરે એમની નીતિચુસ્ત મહેનતના અદૃશ્ય શિલાલેખો લખાયા. ત્યાંથી આફ્રિકાની યુગાન્ડા રેલવેનો અનુભવ લેવા ગયા. અહીંની નિર્જન કુદરતે એકલ દશા ગાળતા આ તરુણ ઈજનેરને ગુજરાતી સાહિત્ય, કવિતા અને ભજનો વાંચવાની પ્રેરણા પીવાડી.

દરિયા વીંધીને દ્રવ્ય કમાવા ગએલા બાહોશ ઇજનેર અમૃતલાલે જ્યારે બંધણી ખલાસ થયે પોતાની જન્મભૂમિને કિનારે પગ મેલ્યો ત્યારે તેના ગજવામાં કેટલું દ્રવ્ય હતું? 'ગુજરાતી' પત્રે એક વખત લખ્યું છે કે એમનો રસોયો રૂા. ૫૦૦ લઇને આવ્યો; અને અમૃતલાલભાઈની પાસે ભાવનગર સુધીની ટિકિટ કઢાવવાના પણ પૈસા નહોતા! ત્યારે અમૃતલાલની આફ્રિકાની એ કમાણી ક્યાં સમાણી? સેવાનાં વ્રતમાં! પરાયાંઓને મદદ આપવામાં એણે પાછું વાળી ન જોયું.

સેવા કાજેનું ગરીબી વ્રત અમૃતલાલને જાણે આવા પ્રસંગોમાં દૂરદૂરથી અવાજ દેતું હતું. એના વર્તમાન ભેખની જાણે આગમવાણી સંભળાતી હતી.

ત્યાર પછી ૧૯૦૪માં સાંગલી સ્ટેટના ઈજનેર તરીકે, અને ત્યાંથી મુંબાઇ મ્યુનિસિપાલિટીની નોકરીમાં ૧૦૦ રૂપિયે એ કેમ જોડાયા; મુંબાઇમાં એમના પોષાક પરથી એમને પારસી ધારીને દાખલ કરનાર પારસીઓના પક્ષપાતી અધિકારી મિ. મર્ઝબાનને પાછળથી 'અમૃતલાલ' નામ જણાતાં એઓ સાહેબ કેવા લાચાર બન્યા; લાંબી નોકરીવાળા ત્યાંના પારસી અને દક્ષિણી નોકરોના ખળભળાટ અને એકસંપીની સામે પોતાની બાહોશી અને કામની સંગીનતા વડે ગોરા કમિશ્નરની પ્રીતિ સંપાદન કરી સાડા ત્રણગણા પગારે એ કેમ ચડયા; વાર્ષિક દસ લાખ રૂપિયા જેમને હાથે ખર્ચાતા છતાં જેના હૃદયનું પાણી પણ મરે નહિ એવા એ અમૃતલાલને ઘેર, રસ્તાના ફુટપાથ પર વગર ભાડે બેસનાર એક મેવાવાળાને અટકાયત થતા તેણે મોકલેલા ફ્રુટના કંડિયા ધરાતાં પોતાને ખર્ચે એ એના માલિકને ઘેર કેમ પહોંચતા કર્યા; રૂપાનાં વાસણોની ભેટ ધરવા આવેલા એક કૉન્ટ્રૅક્ટરને અમૃતલાલે હાથ જોડી કેમ પાછો કાઢ્યો; એ બધા પ્રસંગો લંબાણથી ન વર્ણવતાં અહીં ગણાવી જ જઇએ.

મુંબાઇમાંથી પોરબંદર રાજ્યે એમને વાર્ષિક રૂા. ૫૦૦ના પગારે પોતાને ત્યાં આવવા આમંત્રણ કર્યું. પરંતુ હવે તો એક બીજી દિશામાંથી સબળ સાદ ગાજવા લાગ્યો. હરિદ્રનારાયણના રાજ્યમાંથી કિરતારે કહેણ મોકલ્યું કે 'જીવંત માનવીઓ રૂપી મારાં જે કરોડો મંદિરો પડી ગયાં છે, એ માનવજીવનની ઈમારતો ચણવા તમારી નીમણૂક કરી છે; માટે ચુના, ધુળ ને પથ્થર મુકી એ તરફ આવો. પગારમાં કફની અને ટાઢા ટુકડા મોકલીશ.' અને અમૃતલાલભાઈનાં પગલાં એ અવાજની દિશામાં વળવા લાગ્યા.

મુંબાઇમાં નોકરી કરતાં એમણે કાઠિયાવાડના અંત્યજોને ઝાંપડાનું કામ કરતા જોયા. એ પ્રત્યેકની આંખમાં ઇશ્વરને રડતો દેખ્યો. પ્રાતઃસ્મરણીય ગોખલેજીનાં દર્શન થયાં. એ પુરુષવરના સેવાધર્મની જ્વાલારૂપ 'હિન્દ સેવક સમાજ' સાથે પરિચય બંધાયો, ત્યાંના શ્રી દેવધરના શાંત શીતળ કાર્યની સુગંધ લીધી અને પોતાની નોકરીમાંથી ફાજલ પડતો વખત એ સંસ્થાના કાર્યમાં યોજવા લાગ્યા.

પોતાનાં બબ્બે પત્નીઓને પ્રભુના ધામમાં વળાવી દીધાં છે; સંતતિ પણ નથી; ગૃહજીવન જેવું કશું રહ્યું નથી; કુટુંબ-જીવનની સાથે જોડનાર છેલ્લા બંધન રૂપ પિતા હતા તે પણ પરલોક સિધાવ્યા; પોતાના પગારનો અરધો હિસ્સો ગરીબોને માટે નીકળવા મંડયો.

અંતે, આજથી અગિયાર વર્ષ ઉપર, મહાભિનિષ્ક્રમણનો સમય આવી લાગ્યો; ન લોપાય એવી હાકલ એમના આત્મ-દ્વાર પર અથડાઇ; એમણે એ જેવોતેવો રહેલો યે સંસારી-જીવનનો ઓળો સંકેલી લીધો અને સેવાનો ભેખ પહેરી 'હિન્દ સેવક સમાજ'ની દીક્ષા લીધી.

પછી તો આઠે પહોરની ઇશ્વરની ચાકરી નોંધાવનાર એ યોગીની ખડતલ કાયાને જીવનમાં બીજો જંપ ન રહ્યો. અંત્યજો વચ્ચે ધુમીધુમીને ગુજરાતની ધરતીને ખેડી કાઢનાર એ ઠક્કર બાપાને ગોધરાની પહેલી રાજકીય પરિષદના પ્રમુખ-સ્થાનેથી ગાંધીજીએ 'ઢેઢગરોડા'નો ઇલ્કાબ એનાયત કર્યો.

૧૯૧૬ કે ૧૭ના અરસામાં એમને છેક જમશેદપુરમાં તાતાના લોઢાના પ્રચંડ કારખાનામાંથી તેડું આવ્યું. પચીસ પચીસ હજાર બિહારી મજુરોને માટે સસ્તાં અનાજ તથા કાપડનો ભંડાર ખુલ્લો મુકાયો. એકલ હાથે ગએલા આ પુરુષે ત્યાં જઇ પોતાની કરુણાની પરબ વહેતી કરી. મજુરો-નો એ મિત્ર ત્યાં મજુરવેશે રહીને ચાવલના કોથળા ફેરવતો ને કાપડની ગાંસડીઓની બાંધછોડ કરતો.

લગભગ એ જ વરસે એ દુષ્કાળનું કામ સંકેલાઈ જતાં, એક ઘડી પણ આરામમાં ગુમાવ્યા વગર એણે ઓરીસાના કળકળતા ભુખમરામાં જઇને ઝંપલાવ્યું. વર્ષોવર્ષ જળપ્રલયથી નિરાધાર બનતાં હજારો હાડપીંજર જેવાં એ ઉડિયા લોકોમાં ચાવલનાં દાન મંડાઇ ગયાં. ઓરીસાનો યજ્ઞ પૂર્ણાહુતિએ પહોંચે છે ત્યાં જ કાઠિયાવાડ ખાદી કાર્યાલયનો યજ્ઞકુંડ પ્રગટ થાય છે, અને એનાં ત્રણ વરસ પછી તરત ભીલોનું ઉદ્ધારકાર્ય હાથ ધરાય છે. ભીલોની ભૂમિમાં જ પોતાની ચિતા ખડકવાના એના અભિલાષ પુરા થજો, અને તે દિવસે એની ભસ્મ પર 'દલિતોના બાપા' એવા શબ્દનો નાનો શો સ્મરણલેખ ચણાજો! ('સૌરાષ્ટ્ર' પરથી)

વાઘણ સાથે કુસ્તી

[ગયા અષાડ માસના 'કુમાર'માં મલુનો મગર સાથે

બાર્યબાથીનો શૌર્યભર્યો પ્રસંગ આપ્યો હતો. એવો જ એક ખરો બનેલો પ્રસંગ ગયા માર્ચમાં એક ૧૯ વર્ષના રાજપુત તરુણે વાઘણ સાથે કુસ્તી કરવાનો બન્યો. ભાઇ અમરસિંહ સુરત જીલ્લાના ચોર્યાશી તાલુકાના ખરવાસા ગામના વતની હતા. એમના ભાઇ જયસિંહ સુરતની સરકારી હાઈસ્કુલમાંથી આ વર્ષે મૅટ્રિક્યુલેશનમાં બેઠા છે. એમણે નીચેની હકીકત 'નવયુગ' પત્ર માટે લખી હતી તે એ પત્રમાંથી આ નીચે ઉતારી છે. ગુજરાતમાં બનતા શૌર્યના આવા છુટાછવાયા પ્રસંગોથી નવયુવાનો પ્રેરણા પામશે. દિલગીરીનો વિષય એટલો જ કે વાઘણના નખના ઝેરથી પાછળથી ૩૦ મી માર્ચે ભાઇ અમરસિંહ અવસાન પામ્યા છે.]

અમરસિંહ નાનો હતો ત્યારે અમારાં બા (ફોઈ)એ એનું નામ ભીમ પાડેલું. એના શરીર ઉપરથી નહિ, પણ એની સાહસિક મનોવૃત્તિ અને મસ્તીભર્યાં વર્તન ઉપરથી.

એનું ઓગણીસ વર્ષનું જીવન શુરવીરતાના નાનામોટા વિવિધ પ્રસંગોથી ભરપુર છે. એના બાલ્યકાળના સોબતીઓ તે દરેક પ્રસંગને મગરૂરીથી યાદ કરીકરી આજે આંસુ સારે છે. કુસ્તી, ઘોડે બેસવાનો શૉખ અને સાહસિક વૃત્તિ એ એના મુખ્ય ગુણો હતા.

ગઇ ૧૮મી માર્ચે અમરસિંહ ખરવાસેથી ડાંભે જવા નીકળ્યો. તે ગામની લગભગ પહોંચ્યો, ત્યાં તો વાઘણને જોવા આવેલું લોકોનું ટોળું એને રસ્તામાં મળ્યું. ગાડામાંથી એ નીચે ઉતરી પડયો. કોઇના હાથમાંનું ધારિયું પોતે લીધું અને સૌ સાથે મળી વાઘણને ઠાર કરવાની દરખાસ્ત મુકી. લોકોએ એને સમજાવ્યો અને ગામમાં લઇ ગયા. લોકોની સાથે માત્ર જોવા જવાની શરતે તેણે રજા મેળવી. હઠીલા દિયરને સમજાવવા ગએલી ભાભી નિરાશ થઇ ઝાંપેથી પાછી વળી અને અમરસિંહ લોકોને મોખરે ચાલ્યો.

વાઘણ હતી તે જગ્યાએ બધા પહોંચ્યા. વાઘણે ઉઠી ચાલવા માંડયું. લોકો એની પાછળ ચાલ્યા. વાઘણ વિફરીને સામી ધસી. હાથમાં હથિયાર નહિ એટલે બધાની સાથે અમરસિંહ પણ પાછો ફર્યો. ફરતાં જ ખાડાની ઠેશ વાગી અને નીચે પડયો!

પ્રસંગ જીવસટોસટનો હતો. અમરસિંહ નીચે પડતાં જ વાઘણે તરાપ મારી અને જાંગ ઉપર પંજો માર્યો. ગરદન ચુસવા જાય છે ત્યાં તો અમરસિંહે સમયસૂચકતા વાપરીને ડાબો હાથ વાઘણના મોમાં આપી દીધો. એની દ્રઢતા અને હિંમતની કસોટીનો આ સમય હતો. બંનેનું યુદ્ધ જામ્યું. અમરસિંહે જમણા હાથથી વાઘણની ડોક પકડી સામી બાજુ ધક્કેલવા માંડી. વાઘણ હારતી જાય તેમતેમ મોટી રાડ પાડે, અને દૂર ઉભેલા લોકો ત્રાસે. પણ આથી અમરસિંહને વધારે હિંમત આવે. આવી રીતે વકરાએલી વાઘણને ચૌદપંદર ફુટ પાછળ હઠાવી. એટલામાં અમરસિંહનો વારો આવ્યો. વાઘણે તેને હઠાવ્યો.

ગામનું ઘરડું પાન પટેલ ગામના મેમાનને પોતાની નજર આગળ ઘાયલ થએલો નહિ જોઇ શકવાથી પોતાની અશક્તિ ઉપર અને લોકોની કાયરતા ઉપર ખીજાય અને રડે. બાર વાગ્યાનો શુમાર હતો, ચૈત્ર મહીનાનો ધોમ તાપ હતો; ત્યાં ખાડીના કાંઠા ઉપરના ચોગાનમાં એકલો અમરસિંહ, એક પણ હથિયાર વિના, હિંસક પશુ સાથે બાથ ભીડે. વાઘણ એક દિશામાં ધક્કેલી જાય અને અમરસિંહ સામી બાજુમાં ખેંચી જાય. આવી રીતે આશરે અરધો કલાક કુસ્તી ચાલી. એવામાં એક રાજપુતે આવી વાઘણના પગમાં જોરથી ધારિયું માર્યું, પણ ઘા ચુકી ગયો અને ધારિયાની ગાંજી ભાંગી ગઇ. આખરે એક ભરવાડે પોતાની વાંસી વતી વાઘણના પાછલા પગને ખેંચ્યો. વાઘણની પકડ છુટી ગઈ; અમરસિંહનો હાથ વાઘણના મોઢામાંથી નીકળી ગયો.

વાઘણે ફરી તરાપ મારી. અમરસિંહે ફરી જમણો હાથ મોંમાં આપી દીધો અને બળ કરી વાઘણને જમીન પર નાખી. જે ખાડામાં પોતાને ઠેસ વાગી હતી તે જ ખાડામાં વાઘણનું માથું દબાવ્યું અને બુમ મારી કે હવે એને મારી નાખો. શરીરે નમાલા પણ છાતીવાળા એક દુબળાએ આવી વાઘણના માથામાં ઘા કર્યા. વાઘણ અધમુઇ થઇ ગઇ અને બેભાન થઇ પડી. અમરસિંહ છુટો થયો.

ગામ અરધો માઇલ દૂર હતું. બે માણસોના ખભા ઉપર ઢીલા પડેલા બંને હાથ રાખી અમરસિંહ પગે ચાલી ઘેર આવ્યો

ખરવાસેથી પિતાજી આવ્યા. વૃદ્ધ તાતને જોતાં અમરસિંહની આંખે ઝળઝળિયાં આવી ગયાં. પિતાજીએ શાબાશી આપી અને અમરસિંહ હસતો થયો. પછી તેને ખરવાસે લઈ આવ્યા અને સચીનના ડાકટરની સારવાર નીચે રાખ્યો.

ઉઝરડાની માફક નહિ જેવા જ એને ઘા પડેલા આઠ દિવસમાં લગભગ બધા ઘા રૂઝાઇ ગયા. પણ એના સ્નાયુ ઢીલા પડી ગયા હતા અને ફેફસાંને અતિશય શ્રમ પહોંચેલો. એને સખ્ત ઝેરી તાવ આવ્યો અને બેભાન થઇ ગયો.

૨૮મી માર્ચની સવાર હતી. અમરસિંહને શુદ્ધિ આવી. પુણ્યદાનની વિધિ કરી લીધી. તેણે પિતાજીને પાસે બોલાવી કહ્યું, 'બાપુ, હું આનંદથી જાઉં છું. મારી ઇચ્છા હતી તે પુરી પડી.' આમ એ વીર કુમારે સ્વર્ગમાં સીધાવવા પોતાના જન્મદાતાની વિદાય માગી.

વીરપુત્રના પિતાએ પણ વીરને છાજે એવી શીખ દીધી, 'ભાઇ, જે દેવીએ તને વાઘણની સાથે લડવાનું બળ આપ્યું તેનું સ્મરણ કર.' 'હા બાપુ, તેને તો હું નહિ જ ભુલું.' આજ્ઞાંકિત પુત્રે પિતાની શીખ માથે લીધી, ફરી બેશુદ્ધ થયો

અને ૩૦મી માર્ચે સાંજના સાડા ચાર વાગે તેણે દેહ છોડ્યો.

હું ત્યારે અમદાવાદ હતો. નાના ભાઇની શુરવીરતા માટે દિલાસાના બે શબ્દો સરખા યે મારાથી ન કહેવાયા. આજે એનો મૃત્યુલેખ લખી કૃતાર્થ થાઉં છું.

(નવયુગ) જયસિંહ રામસિંહ ગોહેલ

છાશ

હાલમાં આપણાં ખાનપાનની બાબતમાં નિયમિતપણું રહેલું નહિ હોવાથી લાલચુ જીભના સ્વાદ પુરા પાડવા માટે આપણે ગમે તે પદાર્થ ખાઇને આપણાં આરોગ્યનો નાશ કરીએ છીએ. છાશ એ ઉત્તમ પ્રકારનો સંવર્ધક અને પુષ્ટિકારક પદાર્થ છે. તે માત્ર વીસ મિનિટમાં જ પચી જાય છે. રોગ-ગ્રસ્ત ઇન્દ્રિઓને નીરોગી બનાવવાની અને નવું લોહી ઉત્પન્ન કરવાની શક્તિ છાશમાં ઘણી જ છે. છાશ તાજી અને મીઠી હોય ત્યારે પીવાથી નવા તંતુઓ ઉત્પન્ન થાય છે, અને ખાટી થયા પછી લેવાથી આંતરડાંમાં વિષ ઉત્પન્ન કરનારા તંતુનો તાબડતોબ નાશ કરે છે. શરીરમાં વૃદ્ધિ કરવાના કામમાં છાશમાં જેટલી ઉપયોગિતા છે તેટલી એક પણ ચીજમાં નથી એવો સર્વે ડૉક્ટરોનો અને શાસ્ત્રજ્ઞોનો પાકો અભિપ્રાય છે.

છાશ પીતી વખતે એકએક ઘુંટડો લઇને મોંમાં થોડોક વખત તેને રાખીને લાળ સાથે તેનું મિશ્રણ થયા પછી જ ગળે ઉતારવી. ડૉકટરોએ જે માણસોની પ્રકૃતિની બાબતમાં છેક નિરાશા જાહેર કરી હોય એવાં ઘણાં માણસો માત્ર છાશ પીને ઘણાં વર્ષો સુધી જીવી શક્યાં છે. મૃત્યુને માર્ગે વળેલાં અનેક માણસો એકલી છાશ પર રહેવાથી સશક્ત બની ગયાં છે. શરીરસંવર્ધનની દૃષ્ટિએ વિચાર કરતાં પણ રોજના ખાનપાનમાં ઉપયોગ કરવા માટે છાશ એટલો ઉપયોગી પદાર્થ છે કે ‘ ચાર પૈસાની છાશના સેવનથી જેટલી શક્તિ આવે છે તેટલી ચાર રૂપિયાના માંસથી પણ આવતી નથી ’ એવા ડૉ. શેફ્ટ્સબરીના ઉદ્દ્ગાર તદ્દન યથાર્થ છે.

પુષ્ટિની અનેક મોંઘી અને પરદેશી દવાઓનું સેવન કરનારાઓએ આ બાબત ધ્યાનમાં લેવા જેવી છે. સંગ્રહણીના જીવલેણ દરદ માટે આપણા વૈદો રોગીને એકલા છાશ પર રાખે છે એ તો સૌના અનુભવની વાત છે. માણસનાં શરીરને ધોવાઇ જતાં, શોષાઈ જતાં બચાવવા માટે છાશ કેટલી ઉપયોગી છે એ જગજાહેર છે. દુધ, દહીં, છાશ એ માનવ-જીવનને ટકાવનારાં અમૃત કહ્યાં છે એ શબ્દશઃ ખરું છે. સુધરેલા દેશના ડૉકટરો પણ શાસ્ત્રીય રીતે તેની ઉત્તમતા સિદ્ધ કરે છે એ પણ વિચારવા જેવું જ છે. (મો. મા. ઝવેરી)

અખરોટ ખાઓ !

તમારે ખરેખર મજબુત અને તંદુરસ્ત બનવું હોય તો અખરોટ ખાઓ, અખરોટ.

તમામ પંડિતો એ બાબતમાં એકમત છે કે અખરોટ બહુ જ આરોગ્યદાયક ખોરાકની વસ્તુ છે. અખરોટમાં સૌ ખાદ્યો (બટાટા, ઘઉં વગેરે) કરતાં પાણીનું તત્ત્વ ઓછું છે અને પોષક પ્રોટીન તથા ચરબીનો ભાગ ખુબ વધારે છે.

અમેરિકામાં કૅલીફૉર્નિયામાં અખરોટ પુષ્કળ થાય છે, જ્યાં તેનો લગભગ ચાર કરોડ રૂપિયાનો વેપાર થાય છે. ત્યાંની સ્ત્રીઓ એમાંથી જાતજાતની વાનીઓ બનાવી શકે છે. અખરોટની રોટલીઓ તો ત્યાં ઘેરઘેર વપરાય છે. (ગાંડીવ)

રજાઓનો રૂડો ઉપયોગ

વિજ્ઞાનવીર જગદીશચંદ્ર બોઝનું જીવનચરિત્ર લખનાર પ્રો. પૅટ્રિક ગેડિસ એપ્રિલના ઇસ્ટર તહેવારોમાં કેટલાક વિદ્યાર્થીઓને લઇને મુસાફરીએ ઉપડ્યા હતા. ફ્રાન્સના એક વેરાન પ્રદેશમાં ખડકો ઉપર અને ગુફાઓમાં દોરેલાં અને કોતરેલાં ચીતરામણો જોવા તેઓ ગયા. અગાઉ અહીં જંગલી જાત વસતી. પછીથી એ સ્થળ ઉજ્જડ થઇ ગયું, વસતી ચાલી ગઇ અને તેમનાં ચીતરામણો રહી ગયાં.

પુરાતન સમયમાં આ સ્થળ યાત્રાનું પવિત્ર ધામ મનાતું; પરંતુ પ્રો. પૅટ્રિક ગેડિસ કહે છે કે કલાના પૂજકોને માટે પણ એ એટલું જ પવિત્ર છે.

સૃષ્ટિના પ્રભાતકાળે મનુષ્ય ઘણાં વર્ષો સુધી પશુજીવન ગાળતો હતો. પ્રથમ તેને મોટી ચિંતા ભુખની પડી હોવી જોઇએ; એટલે તે શીકારી બન્યો. એકવાર પોતાની ગુફા ઉપર બેસીને તે પોતાના બાણની અણીઓ કાઢતો હશે ત્યારે તેણે ફેંકી દીધેલાં ફળનાં બીયાં ઉગી નીકળેલાં જોયાં હશે. આથી તેને ખેતીનો વિચાર આવ્યો અને તે ખેડુત થયો. ભુખની ચિંતામાંથી છુટો થયો એટલે મનુષ્યને સુખ અને નવરાશની ઘડીઓ મળી. એના ચંચળ હાથ કામે ચડયા. તેણે હાડકાંઓ પર આડાઅવળા કાપા ને લીટા કરવા માંડયા. ચીરોડીના પથ્થરને ડોળમાં લાવ્યો અને ભીની માટીને દાબી જીવતાં પ્રાણીઓના આકાર કરવા માંડયો, અને આ રીતે યૂરોપમાં પહેલીવાર કળા જન્મી.

બાળકને કાગળપેન્સિલ દઇએ અને જેમ તે લીટાઓ વડે આખો કાગળ ભરી દે તે રીતે પેલો અણઘડ મનુષ્ય ચકમક કે અણીદાર હાડકા વડે પોતાની ગુફાઓની દીવાલો પર ચિત્રો કાઢવા લાગ્યો.

સ્પેનમાં પીરીનીઝ પરગણામાં જમીન અંદર આવી ચાળીસ ચિત્રમાળાઓ ખોળવામાં આવી છે. આ સૌની પ્રથમ શોધનારી સ્પેનના એક અમીરની કન્યા હતી. આસપાસના ખોદકામથી કંટાળી તે આમતેમ જોવા લાગી ને અચાનક બોલી ઉઠી, ‘ ઓહો ! ગોધો, મજાનો ગોધો. ’ તેના પિતાની નજર ગઈ. ખોદકામ બંધ કરાવી તે બારીકાઇથી જોવા લાગ્યો. ગુફાની ઉપલી છત ઉપર ઘોડા, ગધેડા, ડુક્કર, હરણ વગેરે પ્રાણીઓનાં અનેક ચીતરામણો દેખાયાં. આ પ્રસંગ ૧૮૭૦માં બન્યો.

રેડ ઇન્ડિયનો પૅસિફિક મહાસાગરના ખડકો ઉપર ચિત્રો કોતરતા. એસ્કિમો વૉલરસ પ્રાણીના દાંત ઉપર આકૃતિઓની ભાત પાડે છે. પૉલીનેશિયામાં ઢાલકાચબાની ઢાલ ઉપર અને લાકડા ઉપર સરસ કોતરકામ થાય છે. ન્યુઝીલાંડના લોકો વ્હેઈલના હાડકા ઉપર અજબ કોતરણી પાડે છે. સાઈબીરી-આનાં રેનડીઅર નામનાં હરણના શીકારીઓ એવાં સરળ ચિત્રો કરતા કે તે પરથી ભાષાની આખી લિપિ ઉત્પન્ન થઇ છે, અને એ ચીતરામણોની ભાષા ઉપરથી મનુષ્યજાતનાં પ્રથમ પુસ્તકો લખાએલાં છે.

શબ્દ એ વિચારનું વાહન છે અને અક્ષર એ શબ્દનું ચિહ્ન છે. ધીમેધીમે લોક પોતાનાં ચિત્રોને આવાં ચિહ્નો ધારી લે છે. એ ચિહ્નો રૂપી અક્ષરો અવાજ વડે સંધાઇને સ્વરના સંકેત બને છે. આ રીતે બોલી ઉપરથી લખવાની ભાષા ઉપજે છે.

પ્રો. પૅટ્રિક ગેડિસ અને તેમનો વિદ્યાર્થીસંઘ આ રીતે ૧૫૦ સૈકાઓ પહેલાંની જાદુઈ ગુફાઓમાં જઇને મનુષ્યનો તથા કલા અને શિલ્પનો પુરાણા ઇતિહાસનો સૂક્ષ્મ અભ્યાસ કરી આવ્યા. તેમણે રજાના તહેવારોનો રૂડો ઉપયોગ કરી દેખાડ્યો.

'નવો નીશાળિયો'

કૅમ્બરવેલના એક ઝાપટિયાનો બાર વરસનો છોકરો નામે હેરી સીડઝ લંડનના એક છાપાનો તંત્રી નીમાયો છે.

એ છાપાનું નામ 'ધ ન્યૂ સ્કુલબૉય' (નવો નિશાળિયો) છે. એ દર મહીને બહાર પડે છે અને એની કીંમત એક જ આનો છે. તે પૅખામની એલીમેન્ટરી સ્કુલના વિદ્યાર્થીઓ તરફથી લખાઇછપાઇને બહાર પાડવામાં આવે છે.

એ પત્રની બધી ય યોજના લંડનનાં રોજંદાં છાપાંઓની ધાટી પર છે. એમાં ભાતભાતની સચિત્ર જાહેરાતો પણ નક્કી કરેલા દરથી વેપારીઓ પાસે લેવામાં આવે છે. છોકરાઓ તો આ છાપાની કાગને ડોળે વાટ જુએ છે. એની સેંકડો નકલો નીકળે છે અને હાલ તો એના બચુકલા વ્યવસ્થાપક મહાશય નવાં અને મોટાં છાપયંત્રો લાવવાનો પણ વિચાર ચલાવી રહ્યા છે.

એમાં વિદ્યાર્થી ચિત્રકારોનાં ચિત્રો આવે છે અને દર અંકે બે ઠઠ્ઠાચિત્રો (કારટૂન) હોય છે. એક ચાલુ વાર્તા આવે છે તે એક નીશાળિયો જ લખે છે. ઇનામો પણ અપાય છે, અને સ્કુલને લગતી ખબરો, બૉલબૅટની મૅચ વગેરેના સમાચાર ઇત્યાદિ અપાય છે. મિ. એ. ઇ. જૉય નામના એક મહેતાજીની સુચનાથી આ છાપું નીકળ્યું છે અને એ સંપૂર્ણ રીતે નીશાળિયાઓનું જ સાહસ છે. (ગાંડીવ)

ખાટલે પડ્યાં પરીક્ષા

મથાળું વાંચીને તમને લાગશે કે વાંચીવાંચીને માંદા પડેલા કોઈ પુસ્તકિયા કીડાની આ કહાણી હશે. ના ના; વાંચો તો ખરા.

ફિલિપ નામના એક બહાદુર ફ્રેન્ચ યુવાને હમણાં જ માન સાથે વૈદકની પરીક્ષા પાસ કરી છે. પરીક્ષાની થોડા દિવસ અગાઉ એને મૉટરનો અકસ્માત થયો. પાંસળીઓ ભાંગી ગઇ, માથામાં વાગ્યું, હાથપગ વગેરે પણ ચીરાઈ ગયા. એને હૉસ્પિટલમાં લઇ ગયા. દાક્તરે કહ્યું કે બે માસ પછી એ બેઠો થઇ શકશે. એના અભ્યાસના છેલ્લા વરસમાં આવું વિઘ્ન આવવાથી એના મિત્રો દુઃખી થઇ ગયા. પણ નહિ ફિલિપ. એણે દાક્તરને કહ્યું કે હું કોઇપણ ઉપાયે પરીક્ષામાં તો બેસવાનો જ. દાક્તરે શ્રમ લેવાની સાફ ના પાડી. કેટલી યે માથાકુટ પછી દાક્તરે રજા આપી અને પૈડાવાળા ખાટલામાં પડી ફિલિપ પરીક્ષાના હૉલમાં દાખલ થયો. એના મિત્રોએ આ સાહસ ખેડવાની ના કહી, પણ એણે કહ્યું, 'મારો જમણો હાથ અને મગજ બંને સલામત છે ત્યાં સુધી તો હું પાસ જ થઈશ!' સુતાંસુતાં એણે જવાબપત્રકો લખ્યાં, અને એક દિવસ હૉસ્પિટલમાં એને કાગળ મળ્યો કે તમે લિખિત પરીક્ષામાં પાસ થયા છો ને રૂબરૂની મુખપરીક્ષા માટે ખાસ મહેરબાની તરીકે તમે સાજા થાઓ ત્યારે લેવાનું ઠરાવ્યું છે. પણ ફિલિપ કયાં આવી મહેરબાની સ્વીકારે એમ હતો? એણે ના લખી અને ફરીવાર એ ખાટલે પડી ત્યાં ગયો ને મોઢાની પરીક્ષા પણ આપી.

એમાં પણ એ પાસ થઇ ગયો છે, અને હવે શાંતિથી ખાટલામાં પડ્યા રહેવાનું કબુલ કરે છે!